
# અંતરનાં અજવાળાં

(બોધદાયી વાર્તાઓ)



મીલ્ટન સત્વેદી

## નવલિકા

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃધ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | ક્વો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભકિતયુકત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરૂષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઇશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| ૧૫ | મારુ ઋણ | ૧૨-૦૦ |

## કોમેન્ટરી

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય ધ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલિપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૮ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૯ | હિબ્રૂઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૦ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૧ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૨ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૧૪ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઇસુખ્રિસ્ત | ૨૫-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | દુ:ખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઇઝરાયેલ અને બાઇબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |

3BGA2 95.

# અંતરનાં અજવાળા

(બોધદાયી વાર્તાઓ)

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખક :
ડૉ. હેમીલ્ટન સત્વેદી

પ્રકાશક :

ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

સાહિત્ય સેવાસદન, એલિસબ્રિજ,

અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

આવૃતિ :

પ્રથમ - ૧૯૯૭

નકલ : ૧૧૦૦

દ્વિતીય - ફેબ્રુઆરી, ૨૦૦૬

નકલ : ૧૦૦૦

કિંમત : ૨૫-૦૦

મુદ્રક :
સ્ક્રીન ડોટ પ્રિન્ટર્સ
૪, દિવ્ય વસુંધરા કોમ્પલેક્ષ,
મિરઝાપુર કોર્ટ સામે,
મિરઝાપુર, અમદાવાદ.
ફોન : ૫૫૪૪૬૬૨૯



**ડૉ. હેમિલ્ટન જી. સત્યવેદી**

જન્મ : ૧૭-૬-૧૯૧૬

મૃત્યુ : ૨૫-૧૧-૧૯૮૮

# બે બોલ

"અંતરના અજવાળા" સાચે જ અંતરનાં અજવાળા છે. કારણ કે ડૉ. હેમિલ્ટન સત્વેદી સાહેબે જે વિવિધ વિષયો આધારીત બોધદાયી વાર્તાઓ લખી છે તે ખરેખર પ્રશંસનીય છે.

આ પુસ્તક વાંચકોને ઉત્તેજન, પ્રકાશ અને પડકાર આપે છે. દરેક વિષય નવી વાત સાથે નવી સમજ અને પડકાર આપે છે. ડૉ. હેમિલ્ટન સત્વેદી સાહેબે તમામ વાર્તાઓને સરળ છતાં ચોટદાર રીતે રજૂ કરેલ છે. વ્યવસાયે તેઓ શિક્ષણ જગત સાથે સંકળાયેલા હતા. ડૉક્ટરેટ જેવી ઉચ્ચપદવી અમેરિકાથી મેળવેલ હતી. કેટલાંક વર્ષો તેઓએ પોતાના જ્ઞાનનો અને અનુભવનો લાભ ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને પણ આપેલ હતો. તેઓ આ સંસ્થાના સફળ સેક્રેટરી તરીકે રહ્યા હતા.

ડૉ. સત્વદીના આ પુસ્તકની બીજી આવૃત્તિ તમારા હાથમાં મૂક્તા આનંદ અનુભવું છું. આ પુસ્તક તમામ વર્ગના ભાઈ-બહેનો બાળકોને ઉપયોગી અવશ્ય બની રહેશે. આ બીજી આવૃત્તિને સહર્ષ વધાવી લેશો અને બીજાઓને પણ વાંચવા ઉત્તેજન આપશો એવી આશા રાખું છું.

આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી સતિષભાઈ એચ. સત્વેદી તથા કુટુંબ તરફથી આ પુસ્તકના ખર્ચ માટે રૂા. ૧૦,૦૦૦/- નું દાન મળેલ છે. જે બદલ સમગ્ર પરિવારનો પ્રભુ ઈસુના નામમાં આભાર માનું છું.

**પ્રેમભાવથી,**
**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
**સેક્રેટરી**

**સાહિત્ય સેવા સદન,**
**એલિસબ્રિજ,**
**અમદાવાદ-૩૮૦૦૦૬**

## અનુક્રમણિકા


| વાર્તા | પૃષ્ઠ | વાર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ અંતરનાં અજવાળાં | ૧ | ૨૧ પ્રેમ પરીક્ષા | ૫૪ |
| ૨ નવું વર્ષ - નવો પડકાર | ૫ | ૨૨ "મને કોણ બચાવી" | ૫૬ |
| ૩ દેહધારી ઈમાનુએલ | ૭ | ૨૩ મુક્ત ગુલામો | ૫૮ |
| ૪ નાતાલની સત્ય ઘટના | ૯ | ૨૪ "શું યહોવાહનો હાથ?" | ૬૨ |
| ૫ જોએલનો પ્યાલો ! | ૧૩ | ૨૫ મેગીની ઘોડી | ૬૫ |
| ૬ જીવનમાં 'ગુડ ફ્રાઈડે' | ૧૭ | ૨૬ સમૃદ્ધ ગરીબી | ૬૮ |
| ૭ જીવનદાયી પાંખો | ૧૯ | ૨૭ પ્રમાણિકતાનું ફળ | ૭૦ |
| ૮ 'ગુડ નાઈટ' કે 'ગુડ-બાય' | ૨૧ | ૨૮ સ્વાર્થનું મારણ | ૭૩ |
| ૯ જીવંત ખડક ! | ૨૪ | ૨૯ ઈર્ષાનો અગ્નિ | ૭૬ |
| ૧૦ સાહસિક બચાવ | ૨૬ | ૩૦ અસલી - નકલી | ૭૮ |
| ૧૧ "બિલકુલ સમયસર !" | ૨૮ | ૩૧ બીમારી અને ઈશ્વર નિદાન | ૮૦ |
| ૧૨ કેપ્ટન - મૃત્યુશય્યાએ | ૩૧ | ૩૨ ફૂલ કે પથ્થર | ૮૨ |
| ૧૩ શેતાનનું એક સફળ શસ્ત્ર | ૩૩ | ૩૩ ભૂંડ તે ભૂંડ | ૮૪ |
| ૧૪ 'શેતાન, ગેટ આઉટ !' | ૩૫ | ૩૪ આત્મસમર્પણ | ૮૭ |
| ૧૫ નાયગ્રા ધોધ | ૩૭ | ૩૫ સ્વપ્નનો લક્ષાધિપતિ | ૯૦ |
| ૧૬ ખોવાયેલી સ્ત્રી | ૪૦ | ૩૬ "વાવો તેવું લણે." | ૯૩ |
| ૧૭ ધર્મોપદેશકની ભૂલ ! | ૪૨ | ૩૭ શુ તમે ખ્રિસ્તી છો ? | ૯૫ |
| ૧૮ ઊંઘતા ઝડપાયેલો સૈનિક | ૪૫ | ૩૮ પ્રાર્થનાનું સાફલ્ય | ૯૭ |
| ૧૯ 'ઓ, આદમ !' | ૪૮ | ૩૯ જીવંત સાક્ષી | ૧૦૧ |
| ૨૦ અજોડ પ્રેમ ! | ૫૧ | ૪૦ ઈશ્વર ફૂલ ચૂંટે છે | ૧૦૪ |

## ૧
# અંતરનાં અજવાળા

યુરોપમાં સામ્યવાદીઓની સતાવણીથી ઘણા યહૂદીઓ વીસમી સદીની શરૂઆતમાં અમેરિકા જઈને વસ્યા હતા. આવું એક તાજું જ પરણેલું યહૂદી યુગલ બ્રુકલિનમાં આવીને ૧૯૦૨ની સાલમાં વસ્યું હતું, અને એક નાની સરખી દુકાન શરૂ કરીને પોતાનો નિર્વાહ ચલાવતું હતું. પુરુષનું નામ સોલોમન ઑબરેલ, સ્ત્રીનું નામ એસ્તેર. તેઓની પાડોશના વિસ્તારમાં એક કૅથલિક ફાધરે મંડળી સ્થાપવાની શરૂઆત કરી હતી. એક દિવસે આ ફાધર જ્યારે આ નાની દુકાને આવ્યા ત્યારે બહુ દુઃખી અને નિરાશ જણાતા હતા. સોલોમને પૂછ્યું, "ફાધર કેરૂના, આજે કેમ ચિંતામાં છો?" ફાધર કેરૂનાએ જવાબ આપ્યો, "આજે શુક્રવાર છે, અને આવતા સોમવાર સુધીમાં જો હું ૫૦૦ ડૉલર મારા મકાનમાલિકને ન આપી શકું, તો અમે ભજનસ્થાન તરીકે વપરાતી એ જગ્યા ગુમાવીશું અને અમારી રવિવારની ભક્તિસભા બંધ પડશે. અમારી ઉચ્ચ કમિટીનો મારી આ પ્રવૃત્તિને સહકાર નથી, અને જો તેઓને લખું તો તેઓ મદદ આપશે નહિ, અને આ જગ્યાએ કામ બંધ કરી દેવા જણાવશે. મારા સભાસદો અત્યંત ગરીબ છે, અને કોઈપણ આર્થિક સહાય મેળવી શકાય તેમ નથી. આ બધાને કારણે હું ચિંતા અને નિરાશામાં છું." સોલોમને કહ્યું, "ફાધર, આ દેશમાં પૈસાને કારણે કોઈ ભજનસ્થાન બંધ થવું ન જોઈએ. તમે ચિંતા ન કરો. હું પ્રયત્ન કરીશ."

ફાધરના ગયા બાદ એસ્તેરે પતિને કહ્યું કે, "સોલોમન, આપણી પાસે ભાગ્યે જ પાંચ ડૉલર છે, અને તમે પાંચસો ડૉલરની મદદ કેવી રીતે કરશો?" સોલોમને કહ્યું, "ચિંતા ન કર, કોશિશ કરી છૂટવાની આપણી ફરજ છે. આપણા લગ્ન સમયે મળેલ ભેટ બહાર કાઢો; ઉપરાંત મારી આ કાંડા-ઘડિયાળ અને તારી લગ્નની વીંટી બધું હું ગીરે મૂકીશ અને પૈસા એકઠા કરીશ."

આ બધું કર્યા છતાં ફક્ત ૨૫૦ ડૉલર ભેગા થયા. આથી સગાંવહાલાં, મિત્રો વગેરેને સોલોમને પરિસ્થિતિ સમજાવી, અને પૈસા માટે વિનંતી કરી.

અથાગ પ્રયત્ને તેમણે બાકીના ૨૫૦ ડૉલર મેળવ્યા અને ફાધરને બોલાવીને ૫૦૦ ડૉલર આપ્યા. ભજનસ્થાન ચાલુ રહ્યું, અને ધીમે ધીમે સભ્યોની સંખ્યા ઈશ્વરકૃપાએ વધતી ગઈ અને મંડળી પગભર થતી ગઈ. દર રવિવારનું દાનાર્પણ ફાધર સોલોમનને આપી જતા. અને એમ મદદની રકમ ધીમે ધીમે પરત કરતા હતા. હવે સોલોમન તથા ફાધર ગાઢ મિત્રો બન્યા, અને ઈશ્વરે સોલોમનને પણ આશીર્વાદ આપ્યો. હવે તેમની નાની દુકાન ડિપાર્ટમેન્ટલ સ્ટોર બની ગઈ. આ નાની મંડળીનું સુંદર કામ જોઈને કેથલિક સેન્ટ્રલ બોર્ડે ત્યાં સુંદર નવું દેવળ બાંધવાનું નક્કી કર્યું, અને સેંટ લ્યુસી નામનું દેવળ બંધાવા લાગ્યું. જેમ જેમ દેવળનું કામ આગળ વધતું હતું, તેમ તેમ સોલોમન અને એસ્તેરને અત્યંત આનંદ થતો હતો.

ઈ.સ. ૧૯૧૯માં ફાધર કેરૂનાને અન્ય સેવા માટે રોમ બોલાવી લેવામાં આવ્યા, અને બંને મિત્રો અત્યંત પ્રેમથી છૂટા પડ્યા. વિધિની કરુણતાએ ૧૯૨૦માં સોલોમનનું હૃદય અચાનક બંધ પડવાથી મૃત્યુ થયું; અને હજુ દુઃખ ઓછું હોય તેમ એસ્તેરે બે વર્ષ સુધી આંખોનું તેજ ગુમાવ્યું. સ્ટોરનું કામકાજ તેમના દીકરાઓએ સંભાળી લીધું, પરંતુ આ ગાળામાં ફાધર કેરૂના સાથે પત્રવ્યવહાર ચાલુ રહ્યો નહિ, અને સમય જતાં સંબંધ ભુલાઈ ગયો...

વર્ષો વીતતાં ગયાં, અને બીજું વિશ્વયુદ્ધ આવી પડ્યું. જર્મનીના હિટલરે યહૂદીઓને દાઢમાં લીધા હતા, અને હજારો યહૂદીઓની કતલ થતી હતી. અસંખ્ય લોકો જીવ બચાવવા બીજા દેશોમાં ભાગી જવાની કોશિશ કરતા હતા. ઑસ્ટ્રિયા જે સોલોમનનું વતન હતું ત્યાંથી મિત્રો અને સગાંઓના પુષ્કળ પત્રો આવતા હતા, અને તેઓને અમેરિકામાં વસાવવા એસ્તેર તનતોડ પ્રયત્ન કરતી હતી, અને અમેરિકન સરકારને દર્દભરી વિનંતી અને આજીજી કરતી હતી. પરંતુ નિર્વાસિતોની મોટી સંખ્યા થઈ જવાથી અમેરિકન સરકારે થોડા સમય માટે પ્રવેશ બંધ કર્યો. હવે એસ્તેરની મુશ્કેલી વધી ગઈ. તેણે લેબર ડિપાર્ટમેન્ટનો સંપર્ક સાધ્યો ત્યારે તેણીને કહેવામાં આવ્યું કે, "જો કોઈ મોટી વ્યક્તિ ભલામણ કરે અને જવાબદારી લે, તો ક્યુબામાં થોડાં કુટુંબોનો સમાવેશ કરી શકાય." એસ્તેરે સેંટ લ્યુસી ચર્ચના ફાધરને વિનંતી કરી, અને ક્યુબામાં કેથલિકોની વસતી વધારે હોવાથી ત્યાંના આર્ચબિશપ અને નામદાર

પોપના પ્રતિનિધિ ઉપર પત્ર લખાવ્યો. ફાધરે સુંદર ભલામણપત્ર આપ્યો અને સાથે સાથે ક્યુબામાં તાર કર્યો કે, 'એસ્તેર ઑબરેલ નામની યહૂદી બાઈ ત્યાં યહૂદી કુટુંબોની વ્યવસ્થા માટે આવે છે." એસ્તેરનું વિમાન જ્યારે ક્યૂબાના હાવાના ઍરોડ્રોમ ઉપર ઊતર્યું અને જેવી તે વિમાનમાંથી નીચે ઊતરે છે ત્યાં સામે જ એક નાનો છોકરો પુષ્પગુચ્છ લઈને તેનો આવકાર કરવા ઊભો હતો. એસ્તેરને નવાઈ લાગી કે, મારા જેવી અજાણી વ્યક્તિને આ આવકાર અને માન કેવી રીતે મળે છે! તેણે સામે નજર કરી, તો લાલ ઝભ્ભામાં પોપના પ્રતિનિધિ ઊભા હતા, અને તેની સામે જોઈને હસતા હતા. એસ્તેરને સમજ ન પડી ત્યારે તેમણે કહ્યું, "એસ્તેર ઑબરેલ, મને ઓળખતાં નથી? હું ફાધર કેરૂના તમારો મિત્ર." ત્યારબાદ ઘણી સુખદ મિનિટો પસાર થઈ. ફાધર કેરૂનાએ લગભગ ૨૪ જેટલાં યહૂદી કુટુંબોને ત્યાં વસાવ્યાં. અને છ મહિના સુધી તેમનાં ખોરાક-કપડાં વગેરેનું તમામ ખર્ચ પોતે ભોગવ્યું. અને છ મહિના બાદ ફરીથી અમેરિકામાં પ્રવેશનું દ્વાર ખૂલ્યું ત્યારે તેમને અમેરિકા પહોંચાડી જરૂરી વ્યવસ્થા કરી આપી.

મીઠો, પવિત્ર સંબંધ ફરીથી ચાલુ થઈ ગયો હતો. પરંતુ ફાધર કેરૂના ૧૯૫૦ની સાલમાં ભયંકર માંદગીમાં સપડાયા. તેઓની સ્થિતિ ગંભીર હોવાથી તેઓને અમેરિકામાં ફિલાડેલ્ફિયાની મોટી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. તેમનો અંતકાળ પાસે આવ્યો જણાતો હતો. એસ્તેર આ માંદગી સંબંધી અજાણ હતી. પરંતુ એક દિવસે કૅથલિક મધર સુપિરિયર તરફથી પત્ર મળ્યો કે, તાત્કાલિક ફિલાડેલ્ફિયા આવીને ફાધર કેરૂનાને મળો; કારણ કે, તેઓની સ્થિતિ ગંભીર છે. એસ્તેર તરત જ ત્યાં ગયાં અને હોસ્પિટલમાં કોઈને પણ આર્ચબિશપ કેરૂનાને મળવાની રજા ન હતી, પરંતુ એસ્તેરને મળવાની રજા આપી. ફાધર કેરૂનાએ કહ્યું, "એસ્તેર, મારી મુસાફરી હવે પૂરી થઈ છે, અને હું તમને મળવા ઝંખતો હતો; ઈશ્વરની સ્તુતિ થાઓ કે, મારા મરણ અગાઉ હું તમને મળી શક્યો છું." ત્યારબાદ મુશ્કેલીથી પોતાનો હાથ તકિયા નીચે નાખીને એક નાની ડબ્બી કાઢી. આ નાની ચાંદીની ડબ્બી એસ્તેરના હાથમાં મૂકતાં કહ્યું, "એસ્તેર, મારી પાસે બીજી કોઈ દોલત નથી, પરંતુ આ ડબ્બી મને પ્રાણથી પણ વહાલી છે, કારણ કે, તેની અંદર

સંત ફ્રાન્સીસના ઝભ્ભાની કોરમાંથી કાપેલો ટુકડો છો. આ ભેટ તમને હંમેશાં એ મહાન સંતનું સ્મરણ કરાવશે અને ઈશ્વરનો આશીર્વાદ પમાડશે.'' એસ્તેરે આંસુથી છલકાતી આંખોએ તેમનો હાથ પકડી રાખ્યો. તેના મુખમાંથી કોઈ શબ્દો નીકળી શક્યા નહિ, પરંતુ તેનું હૃદય બોલતું હતું કે, ''વહાલા ફાધર કેરૂના, આની કંઈ જ જરૂર નથી. ઈશ્વરને હું તમારા જીવનમાંથી જોઈ શકું છું. તમારા અંતરના દિવ્ય અજવાળાએ મારું અંતર પણ અજવાળ્યું છે. અને એ જ અનુભવ મને હંમેશાં ઈશ્વરના પ્રેમ અને વિશ્વાસમાં ટકાવી રાખશે.''
કેવું અજબ ખ્રિસ્તી જીવન અને ખ્રિસ્તી સાક્ષી તથા સેવા! પ્રભુ ઈસુનું વચન, ''આ... બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું.'' (માથ્થી ૨૫:૪૦). એ જ સાર્થકતા આ સત્યઘટનામાં પૂર્ણ થતી જોઈ શકાય છે. ★

## ૨
## નવું વર્ષ - નવો પડકાર

એક પછી એક વર્ષો આવે છે અને ઝડપથી પસાર થઈ જાય છે. ખરેખર, સમય ઝડપથી પસાર થઈ રહ્યો છે અને આપણું પૃથ્વી ઉપરનું આયુષ્ય રોજ રોજ ટૂંકું થતું જાય છે, અને અંત તો ક્યારે આવશે તે જાણી શકીએ નહિ, પરંતુ અંત આવશે જ તે ચોક્કસ છે. અને આથી જ ભૂતકાળના અનુભવ ઉપરથી બોધપાઠ લઈને અજાણ ભવિષ્ય તરફ સફળતાપૂર્વક આગળ વધવાની આપણી ફરજ અને જવાબદારી છે.

ઈશ્વરપિતા કોઈને લાંબું તો કોઈને ટૂંકું આયુષ્ય આપે છે. આ તેની જ વ્યવસ્થા છે, પરંતુ આપણા આયુષ્યના દરેક દિવસ માટે અને રોજ રોજ મળતા તમામ આશીર્વાદો માટે આપણે તેના આભારી છીએ. આ પૃથ્વી ઉપર આપણું પોતાનું કહી શકાય તેવું કંઈ જ નથી; જે કંઈ છે તે તેની કૃપાના કારણે છે. હા, એક બાબત આપણી પોતાની કહી શકીએ, અને તે તો આપણાં સારાં કે ભૂંડાં કૃત્યો, જેની માલિકી આપણી જ છે, અને છેક ન્યાયશાસન સુધી રહેવાની છે. વલસાડની આવાં બાઈ હાઈસ્કૂલના પારસી હેડમાસ્તર શ્રી મહેતા અંગ્રેજી શીખવતા એક બાબત વારંવાર કહેતા કે, "We leave what we have and take what we are" એટલે કે, આપણી પાસે જે છે તે છોડીને જવાનાં છીએ અને આપણે જે છીએ તેવાં પોતાપણાને સાથે લઈ જવાનાં છીએ. પ્રભુ ઈસુને આશરે ઈશ્વરપિતા આપણને પસ્તાવિક હૃદય આપે છે અને આપણે નવું માણસપણું ધારણ કરી શકીએ છીએ તે આપણા માટે એક મોટો આશીર્વાદ છે. છતાં ઘણી વાર જૂનું માણસપણું જોર કરે છે, અને આપણને ભુલાવીને જૂના માર્ગે લઈ જાય છે. શેતાની પરીક્ષણોથી બચવા માટે આ વર્ષમાં આ એક મોટો પડકાર છે અને તે ઝીલી લેવો જ જોઈએ.

'ડેઈલી બ્રેડ' મનનપુસ્તિકાનું એક મનન એક વાત લખે છે કે, એક ન્યાયાધીશ આગળ એક ગુનેગારને ઊભો કરવામાં આવ્યો. તેણે પોતાની ભૂલ કબૂલ કરતાં કહ્યું, "સાહેબ, પ્રભુ ઈસુ ઉપરના વિશ્વાસથી હું નવું માણસપણું ધરાવું છું, આમ છતાં જૂનું માણસપણું ઘણીવાર મને ભુલાવે છે. આ ગુનો પણ તે જ જૂનાં માણસપણાએ મારી પાસે કરાવ્યો છે." ન્યાયાધીશે ઈન્સાફ આપતાં કહ્યું, "વારુ, એ જૂના માણસપણાએ ગુનો કરાવ્યો છે માટે

હું તેને ૩૦ દિવસની જેલની સજા ફરમાવું છું, અને નવા માણસપણાએ તેમાં સાથ આપ્યો માટે તેને પણ ૩૦ દિવસની સજા કરું છું. આમ તમને ૬૦ દિવસની જેલની સજા કરું છું.".

મિત્રો, ઈશ્વરને આપણે છેતરી શકતાં નથી. માણસપાત્ર ભૂલને પાત્ર છે, પરંતુ ભૂલ્યાં ત્યાંથી ફરી ગણવાનું છે. ઈશ્વર આયુષ્ય લંબાવે છે, તો આ તેની કૃપાથી આપણે જૂના અનુભવ ઉપરથી નવા માર્ગે આગળ વધવાનું છે. કોને ખબર છે કે મુસાફરીનો ક્યારે ઓચિંતો અંત આવે અને પ્રાયશ્ચિત કરવાનો સમય અને તક ન રહે!

બીજો પડકાર પણ આજે આપણી સામે છે, અને તે તો ઈશ્વરે આપણને આપેલા અસંખ્ય આશીર્વાદો માટે તેના કાર્ય માટે ઉદારતા બતાવવાનો. આપણે તેણે આપેલી સંપત્તિનો પ્રામાણિકપણાથી કારભાર કરવાનો છે, અને આથી દરેક કારભારમાં પ્રથમ તેના રાજ્યને શોધીએ. દાઉદ ભક્ત કહે છે કે, "હું યહોવાના મારા ઉપર થયેલા સર્વ ઉપકારોનો તેને શો બદલો આપું?" (ગી.શા. ૧૧૬:૧૨).

એક વાત વાંચી છે : એક વાર રસ્તા ઉપરથી મહાન એલેકઝાન્ડર પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કંગાલ ભિખારીએ ભીખ માટે હાથ લાંબો કર્યો. આ કંગાલ ભિખારીની હેસિયત પણ ન હતી કે આવા મહાન રાજા પાસે ભીખ માગવા હાથ લંબાવવાની પણ હિંમત કરે, પણં મહાન એલેકઝાન્ડર થોભી ગયા અને સોનાના કેટલાક સિક્કા તેના હાથમાં મૂક્યા. તેમની સાથેના એક ઉમરાવને આથી નવાઈ લાગી અને ટીકા કરતાં કહ્યું કે, "મહારાજા, આવા ગરીબ ભિખારીની જરૂરિયાત પોષવા થોડા તાંબાના સિક્કા જરૂર પૂરતા થઈ પડે, આપે સોનાના સિક્કા શા માટે આપી દીધા ?" એલેકઝાન્ડરે જવાબ આપ્યો, "ભિખારીની જરૂરિયાત માટે થોડા તાંબાના સિક્કા જરૂર પૂરતા થઈ પડે, પરંતુ એલેકઝાન્ડરની ઉદારતા દર્શાવવા માટે તો સોનાના સિક્કા જ હોવા જોઈએ."

મિત્રો, મહાન પિતાની ઉદારતાએ તો તેના એકાકી પુત્રનું અમૂલ્ય દાન કર્યું છે, અને એ તો પિતાનો પ્રેમ અને દયા દર્શાવે છે. આપણે તેનો કેવો બદલો વાળીએ છીએ? ચાલો, નવા વર્ષમાં નવું માણસપણું ધારણ કરીએ, અને આત્મિક જીવનની વૃદ્ધિના તમામ પડકારો ઝીલી લઈને આ વર્ષમાં સફળતાથી આગળ વધીએ.★

## ૩
# દેહધારી ઈમાનુએલ (દેવ આપણી સાથે)

એક ખ્રિસ્તી કુટુંબમાં જન્મને કારણે ખ્રિસ્તી, પરંતુ વિશ્વાસમાં નાસ્તિક, એવા એક ખેડૂત-પતિને ધાર્મિક પત્ની હતી. મા ધાર્મિક હોવાથી બાળકોને ધાર્મિકતામાં ઉછેરી રહી હતી, પરંતુ અથાગ પ્રયત્ને તે પતિનું બદલાણ કરાવી શકતી ન હતી; જો કે પ્રાર્થના કરવાનું ચાલુ જ હતું. ૨૪ મી ડિસેમ્બરની સાંજ હતી. પત્ની અને બાળકો નાતાલની ઉજવણી નિમિત્તે દેવળમાં જવાની તૈયારી કરતાં હતાં. પત્નીએ પતિને આજીજી કરી કે, "દેવળમાં સાથે આવો." પતિએ જવાબ આપ્યો કે, "બાઈબલ શીખવે છે તેમ, ઈશ્વર મનુષ્યનું રૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર જન્મ લે, એ વાત કેટલી બધી હાસ્યાસ્પદ છે! આ બાબત કોઈ રીતે હું માનવા તૈયાર નથી. કારણ કે, એ તો તદ્દન જૂઠ છે. અને મારે માટે તેનો કોઈ જ અર્થ નથી." પત્ની છેવટે બાળકોને લઈને દેવળમાં ગઈ. આ એક ખેડૂત-કુટુંબ હતું, અને પોતાની જમીન ઉપર જ રહેતું હતું. પોતાના રહેવાના મકાનની પાસે બીજું મકાન (બાર્ન=કોઠાર) હતું, જેનો અનાજ રાખવા અને ઢોર વગેરે રાખવા ઉપયોગ થતો હતો.

શિયાળાની તીવ્ર ઠંડી હતી, અને થોડીવારમાં ઠંડો પવન ફૂંકાવા લાગ્યો, અને બરફ પડવાની શરૂઆત થઈ. ખેડૂત પોતાના અગ્નિથી ગરમ કરેલા ઘરમાં બિછાનામાં પડીને આરામ કરવા લાગ્યો. થોડીવારમાં ઘરની બારીઓના કાચ ઉપર કંઈક પછડાતું હોવાનો અવાજ આવ્યો અને આથી તે જાગી ગયો. વારંવાર મોટેથી અવાજ આવવા લાગ્યો. આથી તે ઊઠીને તપાસ કરવા ગયો. તેણે જોયું કે બરફના તોફાનથી બચવા પક્ષીઓનું એક ટોળું રક્ષણ શોધતું હતું અને બારીમાંથી ઘરમાં પ્રવેશવા કોશિશ કરતું હતું. પરંતુ બારી બંધ હોવાથી પછડાટ ખાઈને પક્ષીઓ પાછાં પડતાં હતાં. ખેડૂતને પક્ષીઓની દયા આવી. આથી તેઓને બરફના તોફાનથી ઉગારવાનું વિચાર્યું. તેને લાગ્યું કે તેના કોઠારમાં ગરમી છે, અને તે જઈને ઉઘાડે. જેથી પક્ષીઓ તેમાં આવીને બરફના તોફાનમાંથી પોતાની જિંદગી બચાવે. તે ઊઠ્યો અને ઘરની બહાર નીકળ્યો, અને થોડે દૂર આવેલા કોઠારની બત્તી સળગાવી. અજવાળું થયા છતાં પક્ષીઓ તે તરફ આવ્યાં નહિ. ખેડૂતે વિચાર્યું કે, ખોરાક

રસ્તામાં નાખે તો કદાચ આવે. આથી ઘરમાં જઈને રોટલીના ટુકડા લાવ્યો અને કોઠાર તરફ જતાં રસ્તામાં વેરવા લાગ્યો. આમ છતાં ખોરાક પક્ષીઓને કોઠાર તરફ જવા આકર્ષી શક્યો નહિ. છેવટે તેણે હાથના ઈશારાથી હો હો કરીને તેઓને કોઠારની દિશામાં હાંકવાની કોશિશ કરી. પરંતુ પક્ષીઓ કોઠાર તરફ જવાને બદલે જુદી જુદી દિશાઓમાં વિખરાઈ જવા લાગ્યાં. ખેડૂત ઘણો નિરાશ થયો અને તેને લાગ્યું કે પક્ષીઓ તેનાથી બીએ છે, અને તેના ઉપર વિશ્વાસ મૂકી શકતાં નથી. તેણે વિચાર્યું કે, જો તે થોડીવાર માટે પક્ષી બની શકે તો કેવું સારું જેથી પક્ષીઓની ભાષામાં તેઓની સાથે વાત કરીને જ્યાં રક્ષણ છે, ખોરાક છે, જીવન છે ત્યાં આશરો લેવા તેઓને સમજાવી શકે! આ પ્રમાણેનો વિચાર જ્યાં તેના મનમાં સ્ફૂર્યો ત્યાં જ ટાવરમાં બાર વાગ્યાના ટકોરા પડ્યા, અને સાથે સાથે દૂરના દેવળમાં ઘંટ વાગવા માંડ્યો. રાત્રીના શાંત નિર્મળ વાતાવરણમાં આ મધુર ઘંટનાદથી પ્રભુ ઈસુના જન્મની વધામણી ફેલાવા લાગી. આ ઘંટનાદ ખેડૂતના કાને અથડાયો અને તેના મધુર રણકારે જાણે કે તેના હૃદયનું બંધ દ્વાર ખોલી નાખ્યું. જે સત્ય તેને આટલાં વર્ષોથી સમજાતું ન હતું તે તેને હવે સમજાયું. તે બરફમાં ઘૂંટણીએ પડ્યો, અને બોલ્યો. "હવે હું જાણું છું કે શા માટે મહાન ઈશ્વરને મનુષ્યનો દેહ ધારણ કરીને આ પાપી પૃથ્વી ઉપર જન્મ લેવો પડ્યો!" આ નાતાલ એ કુટુંબ માટે કેટલી સુખદ અને આશીર્વાદિત બની હશે! ★

## ૪

# નાતાલની એક સત્યઘટના

## (એક પાસ્ટરની પત્નીનો આત્મિક અનુભવ)

"ઈશ્વર કદી નિષ્ફળ જતા નથી." - આ સત્ય તેમના પર વિશ્વાસ કરનારને બતાવવા માટે મારા જીવનની સત્યઘટના અહીં રજૂ કરું છું.

શિયાળાની અતિશય ઠંડીનો એ દિવસ હું કદી ભૂલી શકું તેમ નથી. એ વર્ષે તીવ્ર ઠંડી હતી. મારા પતિનો પગાર ટૂંકો અને અનિયમિત હતો. આથી જીવનનિર્વાહ માટે અમને મુશ્કેલી પડતી હતી. મારા પતિ પાળક તરીકેની ફરજ બજાવવા મોટે ભાગે બહાર જ રહેતા હતા. મારાં બાળકો તંદુરસ્ત હતાં, પણ નાની રૂથ બીમાર હતી. કુટુંબની પ્રત્યેક વ્યક્તિ પાસે વસ્ત્રો પૂરતાં ન હતાં. કૂવામાં પાણી થઈ રહ્યું હતું. દીવાલની ફાટમાંથી ઠંડો પવન ઘરમાં આવતો હતો, અને મુશ્કેલી વધારતો હતો. મંડળીનાં લોકો ગરીબ હતાં, છતાં માયાળુ હતાં. અને દરેક કુટુંબ આર્થિક રીતે સ્થિર થવાની કોશિશ કરતું હતું. નાનપણથી જ મને પ્રભુ ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકવાનું શીખવવામાં આવ્યું હતું. આમ છતાં, કપરા સંજોગોમાં વિશ્વાસ ડગી જતો હતો. મારા પતિનો ગરમ ઓવરકોટ અતિશય ઠંડીમાં કામ આપે એવો રહ્યો ન હતો. ઘણી વાર તેમને ઘોડેસવારી કરીને દૂર દૂર સભાઓ ચલાવવા કે દફનક્રિયા માટે જવું પડતું હતું. નાતાલ બિલકુલ નજીક હતી અને બાળકો માતાપિતા તરફથી નાતાલની ભેટની આશા રાખે તે સ્વાભાવિક હતું. બહાર બરફના થર જામ્યા હતા અને બન્ને દીકરાઓ બરફ ઉપરની રમતનાં સ્કેટિંગ શૂઝ મેળવવાની ઇચ્છા રાખતા હતા. રૂથ એક સુંદર ઢીંગલી માટે ઈંતેજાર હતી. બાળકોને આ ભેટ આપવી અમારા માટે અશક્ય હતું. મારા પતિ પુષ્કળ મહેનત કરતા હતા. આથી તેઓ સમક્ષ મેં કદી ફરિયાદ કરી ન હતી. જે કાંઈ મળે તે હું આનંદથી ભોજનના મેજ ઉપર પીરસતી હતી.

નાતાલના આગલા દિવસે મારા પતિ જેમ્સ એક બીમાર સભાસદની મુલાકાતે જવાના હતા. મેં બ્રેડનો એક ટુકડો બપોરના ભોજન માટે બાંધી આપ્યો ને ઠંડીથી રક્ષણ મેળવવા એક ફાટેલી શૉલ વીંટાળીને ભારે હૈયે વિદાય આપી. આ દિવસે કારમી ઠંડી હતી જેથી બાળકોને મેં જલદી સુવાડી

દીધાં. સૂઈ જતાં પહેલાં નાની રૂથે પોતા માટે ઢીંગલી ને ભાઈઓ માટે સ્કેટિંગ શૂઝ મેળવવા પ્રભુને પ્રાર્થના કરી. પછી મને કહ્યું, "મમ્મી, આ ભેટ તો સવારે અમને મળશે જ." મારું ગજું હોત તો હું આકાશ-પાતાળ એક કરીને તેની ઇચ્છા પૂરી કરત; પરંતુ લાચારીમાં અને નિરાશામાં મેં ફક્ત આંસુ વહાવ્યાં. થોડીવારમાં જેમ્સ બહારથી આવી ગયા. તેઓ ઠંડીમાં ઠરી ગયા હતા. તેમણે બૂટ કાઢ્યા અને મોજાં ફાટેલાં હોવાથી પગ ઠંડીમાં લાલ થઈ ગયા હતા. જેમ્સના મુખ પર નિરાશા સ્પષ્ટ તરી આવતી હતી. મેં એક કપ ચા આપી અને એકબીજાના અંતરનો ભાવ સમજીને, એકબીજાના હાથ પકડીને લગભગ એક કલાક મૌન બેસી રહ્યાં. હું મરી જવા ચાહતી હતી જેથી ઈશ્વરને જઈને કહું કે, તેણે આપેલાં વચન ખોટાં હતાં. મારો આત્મા ઈશ્વર સામે આવું બંડ પોકારવા તૈયાર હતો, એટલામાં બારણાની ઘંટડીનો અવાજ આવ્યો, અને કોઈએ જોરથી દરવાજો ઠોક્યો. જેમ્સ ઊઠીને બહાર ગયા. મંડળીના એક સેવક બહાર ઊભા હતા. તેમણે કહ્યું કે, "અત્યારે જ એક્સપ્રેસમાં આ પેટી આવી છે. મને લાગ્યું કે કદાચ નાતાલ માટે હશે, માટે મેં રાત્રે જ તમને પહોંચાડવાનો નિશ્ચય કર્યો, અને અત્યારે જ હું તે લઈને આવ્યો છું. આ સાથે મારી પત્નીએ પણ નાતાલના ભોજન માટે ટર્કી અને બીજી વસ્તુઓ તમારા માટે મોકલી છે. તેનો સ્વીકાર કરશો." શાકભાજીથી ભરેલ એક ટોપલી ને લોટનો થેલો ઘરમાં મૂક્યાં ને તેઓને 'ગુડ નાઈટ' કરીને પ્રેમથી વિદાય લીધી. જેમ્સ હજુ મૌન હતા. તેઓ હથોડી લાવ્યા અને પેટી ઉઘાડવા લાગ્યા. ઉપર જ એક મોટી ગરમ બ્લેન્કેટ હતી અને તેની નીચે કપડાં હતાં. આ વખતે અમને એમ લાગ્યું કે, પ્રભુ ઈસુ ઠપકાની નજરથી અમને નિહાળી રહ્યા છે. જેમ્સે હાથથી પોતાનું મુખ ઢાંકી દીધું. તેમણે કહ્યું કે, "હું આ વસ્તુને હાથ લગાડી શકતો નથી. મેં વિશ્વાસ ગુમાવ્યો હતો, અને તને પણ આશ્વાસન આપી શક્યો નહિ. હું ઈશ્વરને વળગી રહેવાનો ઉપદેશ આપું છું, પરંતુ અમલમાં મૂકી શક્યો નથી." મેં કહ્યું, "નહિ, જેમ્સ નહિ; તમારી ભૂલ નથી. ઠપકાને પાત્ર હું છું. મારે તમને મદદ કરવી જોઈતી હતી. ચાલો, આપણે ઈશ્વરની માફી માગીએ." જેમ્સે કહ્યું, "હું હમણાં આ વાત કરી શકું તેમ નથી. મને માફ કર." આમ કહીને તેઓ ચાલ્યા ગયા. હું ઘૂંટણીએ પડી અને ઈશ્વર આગળ હૃદય ખુલ્લું કર્યું. થોડી જ

વારમાં અંધકાર ચાલ્યો ગયો, અને પ્રભુ ઈસુની પવિત્ર હાજરીથી મારું હૃદય પ્રકાશિત બન્યું, અને પછી અવાજ આવ્યો, "મારી વહાલી દીકરી!" ક્યાં સુધી હું આ આનંદમાં ડૂબેલી હતી તે હું જાણતી નથી, પરંતુ જેમ્સ જ્યારે પાછા આવ્યા ત્યારે તેઓ પણ પ્રફુલ્લિત હતા અને હૃદયનો ભાર જાણે કે હળવો થયો હતો. તેમણે કહ્યું, "ચાલો, આપણે બંને ઈશ્વરનો આભાર માનીએ." અમે ઘૂંટણીએ પડીને અવિશ્વાસ માટે પ્રભુની ક્ષમા માગી, અને આ આત્મિક અનુભવ તથા ભેટ માટે પુષ્કળ આભાર માન્યો.

રાત્રીના અગિયાર વાગ્યા હતા. ચૂલાનો અગ્નિ મેં સતેજ કર્યો અને પછી પેટીની બીજી વસ્તુઓ જોવા લાગ્યાં... એક મોટો ગરમ ઓવરકોટ નીકળ્યો. બરોબર જેમ્સના જ માપનો હતો. હું તેમને પહેરાવીને આનંદથી નાચી ઊઠી. આ ઉપરાંત ગરમ સૂટ, ત્રણ જોડ ગરમ મોજાં હતાં. મારે માટે પણ સુંદર કપડાં હતાં. કુટુંબની દરેક વ્યક્તિ માટે બરફમાં પહેરવાનાં ખાસ બૂટ હતાં - જેમ્સ માટે હાથમાં પહેરવાનાં મોજાં હતાં, ને સાથે એક વાક્ય હતું, "હું યહોવા તારો દેવ, તને જમણે હાથે ઝાલી રાખીશ, અને કહીશ બીશ નહિ, હું તારી મદદ કરીશ."

આ એક સુંદર પેટી હતી. બહુ વિચાર ને કલ્પના દોડાવીને તેમાં જુદી જુદી વસ્તુઓ પૅક કરી હતી. બંને દીકરા માટે કપડાં હતાં. અને દીકરી રૂથ માટે સુંદર ફ્રોક, રૂમાલ, સ્કાર્ફ વગેરે હતાં. વચમાં એક નાની પેટી હતી. અમે તે ઉઘાડીને જોઈ, તો તેમાં એક સુંદર મોટી ઢીંગલી હતી. અમારી બંનેની આંખમાંથી હર્ષનાં અશ્રુ વહી રહ્યાં. આ ઓછું હોય તેમ, તેની નીચે બંને દીકરા માટે બરફ પર રમત રમવાનાં શૂઝ હતાં. ઉપરાંત પુસ્તકો, બાળસાહિત્ય, ઘરમાં પહેરવાનાં કપડાં, ગ્રામોફોન, સોય, દોરા, બટન, એપ્રન, રીબન અને છેક તળિયે એક દશ ડૉલરનો સોનાનો સિક્કો મૂકેલો હતો. મધરાત વીતી ચૂકી હતી, અને અમે આનંદથી શ્રમિત થયાં હતાં. મેં ફરીથી ચા બનાવી. તાજી બ્રેડ કાપી અને હર્ષથી નાસ્તો કર્યો. ઈશ્વરના અગણિત ઉપકારો ગણતાં અમે આભારી હૃદયે તેમનું અભિવાદન કરી રહ્યાં.

વહેલી પ્રભાતે છોકરાં જાગ્યાં. સ્કેટિંગ શૂઝ જોઈને બંને દીકરા ગાંડા બની ગયા. રૂથે પ્રાર્થનામાં માગેલી સુંદર ઢીંગલી મળી હતી તેથી તે તરફ

દોડતી પોતાના બિછાના પાસે ગઈ અને ઘૂંટણે પડીને આભાર માનવા લાગી. તે પછી આવીને મને કહેવા લાગી કે, "મમ્મી, હું જાણતી હતી જ કે, આ બધું મળવાનું જ છે; છતાં આપણે ઈશ્વરનો આભાર તો માનવો જ જોઈએને!"

જેમ્સે મને બારીમાંથી બહાર જોવા કહ્યું. મેં જોયું તો બંને દીકરાઓ આનંદથી ભેટ મળેલ પૈંડાવાળા બૂટ પહેરીને બરફ ઉપર સ્કેટિંગ કરતા હતા. આ બધું જોઈને - અનુભવીને અમે ઈશ્વરનો આભાર માન્યો. સાથે સાથે જે મંડળીએ અમને આ ભેટ મોકલી હતી, તેનો પણ પુષ્કળ આભાર માન્યો.

અમારા જીવનમાં ત્યારપછી પણ ઘણા મુશ્કેલ પ્રસંગો આવ્યા. પરંતુ અમે અમારો વિશ્વાસ ગુમાવ્યો ન હતો, અને પ્રભુને પ્રેમથી વળગી રહ્યાં છીએ. કારણ કે અમે જાણીએ છીએ કે, જે કોઈ પ્રભુ પર પ્રેમ કરે છે, તેને કોઈ સારાં વાનાંની ખોટ પડશે નહિ; કારણ કે, "ઈશ્વર કદી નિષ્ફળ જતા નથી." ★

## ૫
# જોએલનો પ્યાલો !

નાતાલની એક વાર્તા રજૂ કરું છું, અને મને ખાતરી છે કે, ઘણાં બાળકોને તે ગમશે અને તેમાં રહેલો ઉપદેશ પોતાના જીવનમાં ઉતારશે.

ઘણાં વર્ષો પૂર્વે રેતીના રણપ્રદેશની પાસે આવેલા એક શહેરમાં એક સુખી કુટુંબ રહેતું હતું. કુટુંબનો વડો ઘણો જ્ઞાની અને ઈશ્વરની બીકમાં ચાલનાર હતો. તેની પત્ની પણ સુશીલ અને સદ્‌ગુણી હતી. આ સુખી કુટુંબ આનંદમાં દિવસો પસાર કરતું હતું, પરંતુ એક બાબતે તેઓ હંમેશા દુઃખી રહેતાં હતાં; કારણ કે, તેઓને એકે સંતાન હતું. ઈશ્વરે છેવટે તેઓ ઉપર કૃપા દર્શાવી; તેઓને ત્યાં એક પુત્રનો જન્મ થયો. માતાપિતા, સગાંવહાલાં, મિત્રો સૌ ખુશી થયાં અને ઈશ્વરનો આભાર માન્યો. બાળકનું નામ તેઓએ જોએલ પાડ્યું.

પુત્રની પ્રથમ વર્ષગાંઠે પિતાએ તેને એક સુંદર કોતરણીવાળો નાનો પણ કિંમતી પ્યાલો ભેટ આપ્યો. જોએલ હંમેશા આ પ્યાલો પોતાની પાસે જ રાખતો અને તે વડે પાણી પીતો. આમ ચારપાંચ વર્ષ વીતી ગયાં. એક વાર જોએલ ઘરથી દૂર રમતો હતો. તેવામાં રણમાંથી લૂંટારાઓની એક ટોળી આંધીની જેમ ધસી આવી, અને લોકોને લૂંટીને નાસવા લાગી. એક લૂંટારાએ આ સુંદર બાળકને જોયો અને તેણે તેને ઊંચકીને પોતાના ઊંટ ઉપર નાખી પોતાની સાથે લઈ લીધો. જોએલનું રુદન અને કલ્પાંત નિષ્ફળ ગયું. પેલા લૂંટારાને લેશમાત્ર દયા ન આવી. જોએલનો પ્યાલો તેના ગજવામાં હતો, તે પેલા લૂંટારાના જોવામાં ન આવ્યો. લૂંટારુ ટોળી ફરતી ફરતી દૂરના એક બીજા દેશમાં આવી પહોંચી. ત્યાં પેલા લૂંટારાએ બાળકને એક ધર્મશાળાના માલિકને મોટી રકમમાં વેચી દીધો. માલિકે તેને પોતાના નોકર તરીકે રાખ્યો. જોએલ ધીમે ધીમે દુઃખ ભૂલવા લાગ્યો અને ધર્મશાળાના માલિક તથા કુટુંબ સાથે આનંદથી રહેવા લાગ્યો. બીજાં ચારપાંચ વર્ષ વીતી ગયાં. બાળક મોટો થયો, તેનાં કપડાં-દેખાવ વગેરેમાં ફેર પડી ગયો. આ બધા જ દિવસો દરમિયાન પેલો પ્યાલો તેણે પોતાની પાસે સંતાડી રાખ્યો.

આ ધર્મશાળામાં ઢોર હતાં. જોએલ તેઓનાં ઘાસ, પાણી, સફાઈની ફરજ નિયમિત બજાવતો. એ દિવસોમાં રૂમી સરકારનું ફરમાન થયું કે, વસતી ગણતરી માટે દરેક કુટુંબે પોતાના વતનમાં જઈ નામ નોંધાવવાં. બધાં લોકો પોતપોતાના કુળ પ્રમાણે નામ નોંધાવવા દૂર દૂર મુસાફરી કરવા લાગ્યાં. યુસફ અને મરિયમ યહૂદાના કુળનાં હોવાથી બેથલેહેમ આવવા નીકળ્યાં. આ નાનું શહેર લોકોથી ઊભરાઈ ગયું. કોઈ ઠેકાણે ઉતારાની જગા નહિ. ધર્મશાળાઓ પણ ભરાઈ ગઈ. યુસફ અને મરિયમને જગ્યા ન મળી. યુસફ ચિંતામાં હતો, કારણ કે, મરિયમ સગર્ભા હતી અને તેનો સમય નજીક હતો. આમતેમ ફરી-થાકીને તેઓ ફરીથી એક ધર્મશાળા પાસે આવ્યાં, અને માલિકને ઘણા કાલાવાલા કર્યા, પણ જગ્યાના અભાવે માલિકે ચોખ્ખી ના પાડી. જોએલ ત્યાં જ ઊભો હતો. તેના નાના-દયાળુ હૃદયમાં લાગણી ઊભરાઈ આવી. માલિકને વિનંતી કરતાં તે બોલ્યો, "શેઠજી, ધર્મશાળામાં જગ્યા ન હોય તો ગભાણમાં એક ખૂણામાં જ્યાં હું રહું છું, ત્યાં થોડી જગ્યા છે; જો તમે રજા આપો તો તેઓને માટે હું ત્યાં વ્યવસ્થા કરું. ઘાસની પથારી ઉપર તેઓ સૂઈ જશે, હું તેઓને જોઈતી મદદ કરીશ." માલિકે છેવટે હા પાડી. આથી, જોએલ ગભાણના એક સ્વચ્છ ખૂણામાં તેઓને દોરી ગયો, ત્યાં ઘાસ બિછાવીને મરિયમને માટે પથારી કરી, અને પાણી વગેરેની વ્યવસ્થા કરી. યુસફે જોએલનો પુષ્કળ આભાર માન્યો.

બે-ચાર દિવસો પસાર થઈ ગયા. એક રાત્રે મરિયમે એક સુંદર બાળકને જન્મ આપ્યો. બાળક ખૂબ જ તેજસ્વી દેખાતો હતો. જોએલ સૂતેલો હતો એટલામાં જ થોડા ઘેટાંપાળકો ત્યાં આવી પહોંચ્યા. તેઓએ ગભાણમાં સૂતેલી માતા અને બાળકને શોધી કાઢ્યાં, અને કહ્યું, "અમને સ્વર્ગીય દૂતોએ આનંદી સમાચાર આપ્યા છે કે, આ ગભાણમાં આજ રાત્રે પરમેશ્વરના પુત્રનો જન્મ થયો છે. અમે તેનું ભજન કરવા આવ્યા છીએ." બધા જ ઘેટાંપાળકોએ બાળરાજાને કંઈ ને કંઈ ભેટ આપી, અને પગે પડીને તેનું ભજન કર્યું. (લૂક ૨: ૧-૨૧). જોએલ શાંત રીતે આ બધું જોતો હતો અને સાંભળતો હતો. ભરવાડો પાછા ગયા ત્યારે તે વિચારવા લાગ્યો કે, મારે પણ આ બાળકને કંઈક ભેટ આપવી જોઈએ. તેની પાસે કંઈ જ ન હતું. છેવટે

તેને પોતાનો સંતાડેલો પ્યાલો યાદ આવ્યો. તેણે તે લાવીને આ બાળકને ભેટ ધર્યો. યુસફ આ ભેટ લેવા આનાકાની કરવા લાગ્યો. તેને લાગ્યું કે કદાચ જોએલે આ પ્યાલો તેના શેઠના ઘરમાંથી ચોરેલો હશે. પરંતુ જોએલે કહ્યું, "ના, તે મારો જ છે, તેના પર મારું નામ કોતરેલું છે, મારા પિતાએ તે મને ભેટ આપ્યો હતો. થોડાં વર્ષો અગાઉ લૂંટારાઓએ મને મારા ઘેરથી પકડી લાવીને અહીં વેચ્યો હતો. હું રાજીખુશીથી આ પ્યાલો તમારા બાળકને ભેટ આપું છું." આ વાત સાંભળીને મરિયમની આંખો આંસુથી છલકાઈ ગઈ. તેણે જોએલ માટે પ્રાર્થના કરી.

થોડા દિવસો પસાર થઈ ગયા. બાળઈસુ પણ થોડો મોટો થયો. જોએલ રોજ તેને રમાડતો અને વહાલ કરતો. એક દિવસે આ ધર્મશાળા આગળ ત્રણ મુસાફરો ઊંટ પર બેસીને આવ્યા. તેઓ દૂર દેશથી આવ્યા હોય. તેમ લાગતું હતું. થાકેલા હોવા છતાં તેઓ આનંદી દેખાતા હતા. મુસાફરો ધર્મશાળામાં આવ્યા. વાતચીતમાં તેઓએ કહ્યું, "અમે પૂર્વ દેશના માગીઓ છીએ; ખગોળશાસ્ત્રના અભ્યાસથી સંશોધન કરતાં અમને માલૂમ પડ્યું છે કે, ઈશ્વરના પુત્રનો જન્મ થયો છે. તેજસ્વી તારલાની પાછળ પાછળ અમે અહીં આવ્યા છીએ. તારો અમને બેથલેહેમમાં આ ગભાણના દરવાજે દોરી લાવ્યો છે. અમે ઈશ્વરના પુત્રનું ભજન કરવા ચાહીએ છીએ." તેઓએ બાળઈસુનું દર્શન કરી, પોતાની સાથે આણેલી કિંમતી ભેટો - સોનું, લોબાન તથા બોળ અર્પણ કર્યાં. (માથ્થી ૨:૨-૧૧) માતા મરિયમે તેઓની ભેટ લઈને બીજી ભેટોની સાથે મૂકી. જોએલનો પ્યાલો પણ ત્યાં હતો. આ પ્યાલો જોઈને એક માગીની આંખ નવાઈથી પહોળી થઈ; તે આશ્ચર્યચકિત થયો. છેવટે તેનાથી પૂછ્યા વગર રહેવાયું નહિ. તેણે મરિયમને પૂછ્યું, "બહેન, આ પ્યાલો કોનો છે, અને તમારી પાસે તે ક્યાંથી આવ્યો? મરિયમે ઉત્તર આપ્યો, "ભાઈ, આ ધર્મશાળામાં એક પ્રેમાળ છોકરો રહે છે, તેણે આ પ્યાલો ભેટ આપ્યો છે." માગીએ પૂછ્યું, "શું તે છોકરો અહીં છે? તમે તેને અહીં બોલાવશો?" યુસફ છોકરાને બોલાવવા ગયો. છોકરો આવ્યો ત્યારે પેલો માગી તેને ધારી ધારીને જોવા લાગ્યો. પછી પૂછ્યું, "છોકરા, આ પ્યાલો તું ક્યાંથી લાવ્યો?" છોકરો રડી પડ્યો અને બોલ્યો, "હું ચોર નથી,

આ તો મારો પ્યાલો છે." માગીએ પૂછ્યું, "તું ક્યાંથી લાવ્યો?" છોકરાએ જવાબ આપ્યો, "મારા પિતાએ મને ભેટ આપ્યો હતો." માગીએ પૂછ્યું, "તારા પિતા ક્યાં રહે છે તે તું કહી શકશે?" છોકરાએ કહ્યું, "જાણતો નથી, પણ દૂર દેશમાં રહે છે. મને લૂંટારા મારા ઘેરથી પકડી લાવ્યા હતા." માગીએ પૂછ્યું, "તારું નામ શું છે?" છોકરાએ જવાબ આપ્યો, "જોએલ." આ સાંભળતાં જ માગી તેને ભેટી પડ્યો અને બોલ્યો, "મારા દીકરા! મારા જોએલ! છેવટે ઈશ્વરે અમારી પ્રાર્થના સાંભળી છે, અને તારો મેળાપ કરાવ્યો. બેટા, હું તારો પિતા છું." પછી તો ઘણી ઘણી વાત થઈ. ધર્મશાળાનો માલિક આ સાંભળી ત્યાં દોડી આવ્યો. માગીએ તેને પણ કિંમતી ભેટ આપીને દીકરો પાછો મેળવી લીધો. ત્યાંથી પાછા ફરતાં તેણે યુસફ અને મરિયમને આમંત્રણ આપ્યું કે, "તમે અમારા દેશમાં આવજો, અમે તમારી પરોણાગત કરીશું." કેટલો સુખી આનંદી મેળાપ! આ પછી તો એમ કહેવામાં આવે છે કે, જ્યારે હેરોદ રાજાની બીકથી યુસફ તથા મરિયમ બાળઈસુને લઈને નાસી ગયાં, ત્યારે તેઓ મિસર દેશમાં જોએલને ત્યાં જ ઘણો વખત રહ્યાં. તેઓ મિસરમાં રહ્યાં ત્યાં સુધી જોએલ અને બાળઈસુ સાથે સાથે રમતા હતા અને પેલા સુંદર પ્યાલામાંથી પાણી પીતા હતા.

વહાલાં બાળકો, જોએલ સ્વાર્થી ન હતો. તેણે ઉદાર ભાવે પોતાનું સર્વસ્વ બાળઈસુને અર્પણ કરી દીધું, અને જ્યારે પૂરા હૃદયથી તેણે અર્પણ કર્યું, ત્યારે તેને કેટલો અદ્‌ભુત બદલો મળ્યો! ફરીથી તેને તેના પ્રેમાળ માતાપિતા સાથે આનંદી ઘરમાં વસવાનું મળ્યું. મારી અને તમારી પાસે કિંમતી પ્યાલા કરતાં પણ અતિ મૂલ્યવાન એક વસ્તુ છે, અને તે તો આપણું હૃદય છે. નાતાલે આપણે બાળઈસુને આપણું હૃદય ભેટ ધરીએ, એ માટે કે, બાળઈસુ તેમાં જન્મ લઈને હંમેશાં તેમાં વાસો કરે, અને જીવનના અંતે સ્વર્ગીય ઘરમાં પ્રભુની પ્રેમાળ ગોદમાં રહેવાને આપણે લાયક બની શકીએ. ★

## ૬

## જીવનમાં 'ગુડ ફ્રાઈડે'

આપણા તારનાર પ્રભુ ઈસુની આપણા જેવા પાપીઓ માટે ઈશ્વરી યોજના પ્રમાણે રાજીખુશીથી વહોરી લીધેલી શહીદીની સત્ય હકીકત, અવિશ્વાસીઓને ભલે મહત્ત્વહીન લાગે, પણ આપણે જેઓએ પ્રભુ ઈસુને આપણા અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે તેને માટે તો આ બલિદાન અતિ મહત્ત્વનું, અને આપણા આત્મિક જીવનનું હાર્દ છે. એ અપૂર્વ બલિદાનનું ચિંતન અને મનન આપણને સ્વર્ગના પંથે દોરનારા દિશાસૂચક હોકાયંત્ર સમાન છે.

પ્રભુ ઈસુએ તો આપણા માટે વધસ્તંભ ઉપરનું ક્રૂર મરણ ભોગવ્યું. પરંતુ તેમણે આપણને પણ ઉપદેશ આપ્યો છે કે, "જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો... વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું." (માથ્થી ૧૬:૨૪, માર્ક ૮:૩૪, લૂક ૯:૨૩, ૧૪:૨૭). હા, વધસ્તંભ તો મરણસૂચક છે અને આથી જ પ્રભુ ઈસુએ આપણને આદેશ આપ્યો છે કે, જો તમે ખરા હૃદયથી મને તારનાર તરીકે સ્વીકારો તો ખુદ મરણથી પણ બીશો નહિ, અને બીજાઓ માટે જીવ આપતાં અચકાશો નહિ.

યોહાનના પહેલા પત્રમાં લખવામાં આવ્યું છે કે, "... કેમ કે તેણે પોતાનો પ્રાણ આપણા વતી આપ્યો; અને આપણે પણ ભાઈઓને સારુ આપણા પ્રાણો આપવા જોઈએ." (૧ યોહાન ૩:૧૬). સર્વોચ્ચ પ્રેમ આપણને એ દિશામાં દોરે છે, કારણ કે, ભાઈઓ ઉપર દર્શાવેલ નિર્દોષ, નિખાલસ અને સ્વાર્થરહિત પ્રેમ આપણને ઈશ્વર ઉપર પ્રેમ રાખતાં શીખવે છે. યોહાનના પહેલા પત્રમાં આગળ લખ્યું છે કે, "... કેમ કે પોતાનો ભાઈ જેને તેણે જોયો છે તેના ઉપર જો તે પ્રેમ રાખતો નથી, તો દેવ જેને તેણે જોયો નથી, તેના ઉપર તે પ્રેમ રાખી શકતો નથી." (૧ યોહાન ૪:૨૦). પવિત્રશાસ્ત્ર તો સ્પષ્ટ કહે છે કે, "પોતાના મિત્રોને સારુ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી." (યોહાન ૧૫:૧૩).

એક સાંભળેલી વાત છે કે વિમાનના એક ભયંકર અકસ્માતમાં બે વ્યક્તિઓ જીવ બચાવવા વિમાનમાંથી કૂદી પડવાની તૈયારી કરે છે, પરંતુ

બે જણ વચ્ચે એક જ હવાઈ છત્રી હોવાથી છેવટે બંને જણ એકબીજાને વળગીને એક જ છત્રીને ભરોસે કૂદી પડે છે છત્રી ખૂલે છે, પરંતુ બે વ્યક્તિનો ભાર ઝીલી શકે તેમ ન હોવાથી તે જમીન તરફ ઝડપથી ધકેલાય છે. બન્ને વ્યક્તિઓ મોત તરફ પૂરવેગથી ધસી રહી છે. છેવટે, આ બે મિત્રોમાંથી એક જે કુંવારો હતો, તે પોતાના પત્ની અને બાળકોવાળા મિત્રને બચાવવા પોતે છત્રી છોડી દે છે, જેથી તેનો નાશ ભલે થાય, પરંતુ મિત્ર જીવતો રહી શકે. આ છે મિત્ર માટેનું અપૂર્વ બલિદાન!

'ઉપલી મેડી'માં છપાયેલું એક મનન તમે વાંચ્યું હશે, જેમાં પોલૅન્ડ દેશમાં ૧૯૪૧ની સાલમાં નાઝીઓએ કરેલ હત્યાકાંડની વાત આપેલી હતી. ઓશવીઝ નામના પોલૅન્ડના શહેરમાં મે માસની ૨૮મી તારીખે ૧૯૪૧ની સાલમાં ૪૦૦ પોલૅન્ડવાસીઓને કેદ કરીને નાઝી છાવણીમાં મોકલવામાં આવ્યાં જેમાં ફાધર મૅક્સમિલન કોલ્બ નામનો સુવિખ્યાત ધર્મસેવક પણ હતો. તેઓ પોતાના દેશબંધુઓને હિંમત આપીને સતાવણી સામે ટકાવી રાખતા હતા. એક દિવસે છાવણીમાંથી એક કેદી નાસી છૂટ્યો. આથી તેને બદલે ૧૦ કેદીઓને મારી નાખવા માટે જુદા કરવામાં આવ્યા. તેઓને એક અંધારા અને નાના ભોંયરામાં ખોરાક-પાણી વગર રિબાવી ટટળાવીને મારી નાખવાના હતા. આ દશમાંથી એક કેદી પુષ્કળ વિલાપ અને આક્રંદ કરતો હતો કે, તેની પત્ની અને બાળકોનું શું થશે? આ દયાર્દ્ર બૂમ સાંભળીને ફાધર કોલ્બ પોતે તેનું સ્થાન લઈને મરવા તૈયાર થયા અને દશ દિવસ બાદ રાજીખુશીથી મોતને ભેટ્યા.

આ છે પ્રભુ ઈસુના બલિદાનનો મહિમા અને તેનું અનુકરણ તથા જીવનમાં 'ગુડ ફ્રાઈડે'નું રહસ્ય! મરણ તો નહિ, પરંતુ બીજાઓને માટે સહેજ દુ:ખ વેઠવા પણ આપણે તૈયાર ન હોઈએ, તો એનો અર્થ એ જ કે આપણે પ્રભુ ઈસુને પૂરેપૂરો પહેરી લીધો નથી. ★

## ૭

# જીવનદાયી પાંખો

ઉનાળાની અસહ્ય ગરમીના દિવસોમાં ઉત્તર અમેરિકાના ઘાસના પ્રદેશમાં એકવાર એક જિલ્લામાં ઓચિંતી આગ ફાટી નીકળી. આ સૂકા પ્રદેશમાં દવ ઝડપથી ફેલાઈ ગયો અને ત્યાંની વસતીને ગંભીર અસર પહોંચાડી. ઘણા ખેડૂતોનાં ખેતરો, લાકડાનાં ઘરો, અને કોઠારો આ ભયંકર દવનાં ભોગ બન્યાં અને જેઓ દૂર ભાગી શક્યાં નહિ એવાં અમુક ખેડૂત-કુટુંબોમાં જાનહાનિ પણ થઈ.

આ દવ શાંત પડ્યો ત્યારબાદ બાજુના શહેરમાંથી એક ઘોડેસવાર રાહત-ટુકડી તપાસ માટે નીકળી જેથી હજુ જો કોઈ અભાગિયા જીવો જીવંત હોય તો તેમને રાહત પહોંચાડે. એક બળી ગયેલ ઘરની પાસેથી પસાર થતા એક રાહતકાર્યકરે જમીન ઉપર એક કાળી મરઘી જેવું બેઠેલું જોયું. પાસે જઈને જોયું તો તે ખરેખર મરઘી જ હતી. પરંતુ આગમાં શેકાઈને કાળા કોલસા જેવી દેખાતી હતી. તેનું માથું અને પાંખો ફેલાવેલાં હતાં. આ કાર્યકરે આ બળી ગયેલ મરઘીને અમસ્તી લાત મારી, અને તેની અજાયબી વચ્ચે તેની નીચેથી ત્રણ જીવતાં બચ્ચાં બહાર દોડી ગયાં. આ મરઘીમાએ અગ્નિની ધસી આવતી જ્વાળાથી પોતાનાં બચ્ચાંને બચાવવા પોતાની પાંખો પહોળી કરીને તેની નીચે તેમને સમેટી લીધાં હતાં. હિંમતથી તેણે અગ્નિનો સામનો કર્યો અને પોતાનો જીવ હોમી દઈને પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરવાનું પસંદ કર્યું હતું.

જે ઈશ્વરે આ મરઘી જેવા પક્ષીને પણ પોતાનાં બચ્ચાંના રક્ષણ માટે લાગણી અને પ્રેમ આપ્યાં હતાં, તેણે આપણા તારનાર બનીને યરૂશાલેમ માટે આંસુ પાડીને પોતાનો પ્રેમ અને લાગણી પ્રગટ કર્યાં હતાં, અને મરઘીના પ્રેમ સાથે પોતાની લાગણી સરખાવી હતી. (માથ્થી ૨૩:૩૭, લૂક ૧૩:૩૪). આ મરઘીએ જેમ પોતાનો જીવ આપીને પોતાનાં બચ્ચાંને જીવનદાન આપ્યું, તે જ પ્રમાણે આપણા તારનારે પણ વધસ્તંભ ઉપર પોતાના હાથરૂપી પાંખો પ્રસારીને આપણને પાપ અને દુષ્ટતાના શેતાની અગ્નિથી બચાવી લીધાં છે.

જો બચ્ચાંઓ માની પાંખ નીચે રક્ષણ લેવાને બદલે જીવ બચાવવા આમતેમ નાસી ગયાં હોત, તો તેઓએ અવશ્ય પોતાના જીવ ગુમાવી દીધા હોત. પરંતુ તેઓને માના પ્રેમ અને લાગણીમાં વિશ્વાસ હતો અને તેનો બદલો તેમને મળ્યો.

દુનિયાના ધર્મો માતાઓ જ જીવંત રાખે છે, એવું ઘણીવાર વાંચીએ તથા સાંભળીએ છીએ. આપણી ખ્રિસ્તી માતાઓએ પણ પોતાનાં બાળકો માટે આવો જ પ્રેમ અને લાગણી રાખવાનાં છે. તેઓની ફરજ છે કે, બાળકોને પોતાની પ્રેમભરી પાંખો નીચે સમેટી રાખે, અને શેતાન અને તેના હુમલાઓથી તેઓનું રક્ષણ કરે, જેથી તેઓનાં બાળકો માતાની પવિત્ર પાંખો દ્વારા તારનારની અમૂલ્ય અને આપણા માટે વીંધાયેલ પાંખોનો મર્મ સમજે, અને એ ભવ્ય બલિદાનની કદર કરતાં કરતાં બીજાંઓને પણ તેના ભાગીદાર બનાવે. ★

## ૮

## 'ગુડ નાઈટ' કે 'ગુડ બાય'?

એક ધાર્મિક ખ્રિસ્તી વેપારી, એક દુઃખદ ગંભીર અકસ્માતનો ભોગ બન્યા. તેઓ સખત રીતે ઘવાયા, જેથી તેઓને તાત્કાલિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. તેઓને ડૉક્ટરે તપાસીને ચોખ્ખા શબ્દોમાં કહ્યું કે, "તેઓ ભાગ્યે જ બે કલાક જીવી શકશે." આ ભાઈને ઈશ્વરમાં પુષ્કળ શ્રદ્ધા હતી, અને ઈશ્વર જે કરે છે તે સારા માટે જ કરે છે, એવો સંપૂર્ણ વિશ્વાસ હતો. મરણ તો માત્ર ભવિષ્યમાં મળનાર સ્વર્ગીય સુખ અને આનંદની દુનિયા માટેનું પ્રવેશદ્વાર છે એ તેઓ વિશ્વાસથી માનતા હતા. અને આથી મરણ જો આવતું જ હોય, તો તેને ભેટવા તેઓ તૈયાર જ હતા. તેમણે કુટુંબના સભ્યોને તાત્કાલિક બોલાવ્યા, ને વારાફરતી દરેકને મળીને છેલ્લા શબ્દો કહેવા લાગ્યા.

પોતાની પત્નીને સંબોધીને કહ્યું, "મારી વહાલી પત્ની, 'ગુડ નાઈટ'. તું મારા માટે દુનિયાની સૌથી શ્રેષ્ઠ સ્ત્રી હતી. જીવનના તડકા-છાંયડામાં આપણે બંને સાથે જ ચાલ્યાં છીએ. મારા દરેક કાર્ય અને પ્રવૃત્તિમાં તું જ એક પ્રેરણામૂર્તિ હતી. ખાસ કરીને મારા ધાર્મિક જીવનમાં તો આ તદ્દન સત્ય જ હતું. ઈશ્વરનું દૈવી તેજ મેં ઘણીવાર તારા મુખ ઉપર પ્રકાશતું જોયું છે. જે દિવસે તું મારી પત્ની બની તે દિવસ કરતાં પણ અનેકગણો પ્રેમ હું આજે તારા ઉપર રાખું છું. પ્રિયે, હવે 'ગુડ નાઈટ' કહીને હું તારી વિદાય લઉં છું. હું તને સવારે મળીશ, 'ગુડ નાઈટ'."

"મેરી, 'ગુડ નાઈટ', તું અમારું પ્રથમ સંતાન છે. તું તારા પિતાની કેટલી વહાલી દીકરી હતી! મને કેટલો આનંદ થાય છે કે, તું પણ તારી માતાના પગલેપગલે જીવન જીવી રહી છે. દેખાવ, વર્તન અને આત્મામાં તું સતત મને તારી માતાની યાદ આપતી રહી છે. તારામાં હું એ જ સુંદર અને વાત્સલ્યપૂર્ણ સ્ત્રીની પ્રતિમા જોઈ રહ્યો છું, જેણે મારું ઘર બાંધવા અને ચલાવવા પોતાનું ઘર છોડ્યું હતું. તું કેવી ઉત્તમ અને આદર્શ ખ્રિસ્તી યુવતી છે! તારા પિતાજી તને કેટલા બધા ચાહતા હતા, તે તું કદી ભૂલી શકીશ નહિ. 'ગુડ નાઈટ', મેરી."

ત્યારબાદ તેમણે પોતાના જયેષ્ઠ દીકરા તરફ જોયું અને કહ્યું, "ગુડ નાઈટ, વિલી! અમારા કુટુંબમાં તારો જન્મ એક અનેરા આનંદ તથા આશીર્વાદની છોળ લાવ્યો હતો. તું એક નમૂનેદાર ખ્રિસ્તી યુવાન છે. તું તારા બાપના ઈશ્વર ઉપર પ્રેમ રાખે છે. આવા પુત્ર માટે હું કેટલો ગર્વ લઉં છું! મારી ખાતરી છે કે તું એ જ ખ્રિસ્તી સદ્‌ગુણો અને ચારિત્ર્યમાં વૃદ્ધિ પામતો રહીશ. તને તારા બાપનો પ્રેમ અને આશીર્વાદ હું આપતો જાઉં છું. 'ગુડ નાઈટ', વિલી."

વિલી પછી ચાર્લીનો વારો હતો. પરંતુ આ દીકરો ખરાબ ચારિત્ર્યનો નીકળ્યો હતો. અને તેનાં માબાપના આત્માને એક ચિંતા, બોજ અને દુઃખ સમાન હતો. આ દીકરાને કંઈ પણ કહેવાનું ટાળીને, બાપ હવે તેમના છેલ્લા સંતાન તરફ નજર કરે છે.

" 'ગુડ નાઈટ', ગ્રેસ! તારો જન્મ અમારા કુટુંબમાં એક નવા દિવસના પ્રભાત જેવો હતો. તું અમારે માટે આનંદના સંગીત અને પ્રકાશના તેજસ્વી કિરણ સમાન છે. તેં અમારાં જીવનો મધુર સંગીતથી ભરી દીધાં છે. થોડા સમય અગાઉ જ્યારે તેં તારું જીવન ઈશ્વરપિતાને સમર્પિત કર્યું, ત્યારે તારા બાપના આનંદનો પ્યાલો સંપૂર્ણ ભરાઈ જઈને છલકાતો હતો. વહાલી દીકરી, તને 'ગુડ નાઈટ'."

ત્યારબાદ તેમણે ચાર્લી જેને તેમણે ટાળ્યો હતો, તેને પાસે બોલાવ્યો, અને કહ્યું, " 'ગુડ-બાય', ચાર્લી. ભવિષ્ય માટે ઉત્તમ ખ્રિસ્તી જીવનની આશા આપતો તું કેટલો સુંદર છોકરો હતો! તારી માને અને મને આશા હતી કે તું એક મહાન માણસ બનીશ. કુટુંબનાં બીજાં બાળકોને મળેલી તમામ સગવડો અમે તને આપી હતી. જે કોઈ ભેદભાવ હતો તે તું સંપૂર્ણપણે જાણે છે કે તારા તરફ વધારે ધ્યાન આપવાનો અમારો પક્ષપાત હતો. આમ છતાં તેં અમને નાસીપાસ કર્યાં છે. તારણના સાંકડા માર્ગને બદલે તેં પહોળો અને નીચાણવાળો માર્ગ સ્વીકાર્યો છે. ઈશ્વરના પવિત્ર શબ્દોમાં રહેલી ચેતવણી તેં ગણકારી નથી, અને આપણા તારનાર પ્રભુ ઈસુનું તેડું સ્વીકારીને તેનો તારા જીવનમાં અંગીકાર કર્યો નથી. આ બધું હોવા છતાં મેં હંમેશાં તારા ઉપર પ્રેમ જ રાખ્યો છે, અને હજુ પણ રાખું છું. ચાર્લી! ઈશ્વર જાણે છે કે મેં

તારા ઉપર કેટલો પ્રેમ રાખ્યો છે! 'ગુડ બાય,' ચાર્લી, 'ગુડ બાય.' "

ચાર્લી તેના પિતા જે છેલ્લો શ્વાસ લઈ રહ્યા હતા તેમની આગળ ઘૂંટણીએ પડ્યો, અને આત્મામાં મહાકષ્ટ અને વેદના અનુભવતાં તે ઈશ્વર પાસે નમ્ર બનીને ઝૂકી પડ્યો. તેણે ઈશ્વરને પ્રાર્થના કરી કે, તેની મહાન દયા અને કૃપાથી તેનાં તમામ પાપોની ઈશ્વર માફી બક્ષે, જેથી જીવનની સવારે તે તેના પિતાને કુટુંબના અન્ય સભ્યોની માફક મળી શકે.

ચાર્લીના પિતા આ આજીજીભરી પ્રાર્થના સાંભળતા હતા. તેથી તેમણે તેને પૂછ્યું, "ચાર્લી, શું તું ખરા હૃદયથી આ પ્રાર્થના કરી રહ્યો છું? શું તું આ બાબતે હવે ગંભીર છે?" હૃદયભંગિત ચાર્લીએ જવાબ આપ્યો, "પિતાજી, ફક્ત ઈશ્વર એકલા જ જાણે છે કે હું સત્ય ઉચ્ચારું છું કે નહિ!" પિતાએ કહ્યું, "જો એમ જ હોય તો કૃપાળુ ઈશ્વર તારું જરૂર સાંભળશે, અને તારું તારણ કરશે. હવે હું તને 'ગુડ બાય' નથી કહેતો; ચાર્લી, તને પણ 'ગુડ નાઈટ.' હું ઈશ્વરપિતાનો આભાર માનું છું કે, મારા મરણ અગાઉ હું મારા દીકરાને પણ 'ગુડ નાઈટ' કહી શકું છું. વહાલા દીકરા ચાર્લી 'ગુડ નાઈટ'. "

અને દીવો હોલવાઈ ગયો.......

ચાર્લી આજે એક સફળ ઉપદેશક બન્યો છે. ★

## ૯

# જીવંત ખડક !

ઉનાળાનો પ્રખર તાપ હતો, એવા એક અસહ્ય ગરમીના દિવસે, એક દેશના એક પહાડી મુલકના જંગલમાં ઓચિંતી આગ ફાટી નીકળી, અને થોડી જ વારમાં તે બેકાબૂ બની. ટેકરીઓ અને ઢોળાવો ઉપર તે ઝડપથી પ્રસરવા લાગી. આગ હોલવનારની ટુકડી અથાગ મહેનત લઈને રાતદિવસ તેને કાબૂમાં લેવાની કોશિશ કરી રહી હતી. એ પ્રદેશનો જહૉની નામનો રહેવાસી, પોતાના ઘોડા ઉપર સવાર થઈને ટેકરીઓના ઢોળાવ ઉપરથી ઊતરીને આ આગ જોવા પાસે આવ્યો. થોડા સમય સુધી તે આગની પ્રચંડ જ્વાળા અને ધુમાડાના ગોટેગોટા જોવામાં તલ્લીન થઈ ગયો. કમનસીબે જે જગ્યાએ એ ઊભો હતો ત્યાંથી બીજે રસ્તે આગળ વધીને ઝડપથી પાછા ફરવાના માર્ગમાં આગ ફરી વળી. જે બની રહ્યું છે તેની જહૉનીને કલ્પના સુદ્ધાં ન હતી. ટેકરી પર સીધું ચઢી જવું તેને માટે મુશ્કેલ હતું. પરંતુ આગ તો થોડી જ વારમાં ત્યાં પહોંચી વળે તેમ હતું. જયારે જહૉનીને તેની ઉપર આવી રહેલ સંકટનો પૂરો ખ્યાલ આવ્યો ત્યારે તે ગભરાઈ ગયો. અગ્નિ હોલવનારાઓએ તેને આ વિકટ પરિસ્થિતિમાં જોયો, અને બૂમ પાડીને ચેતવ્યો. પરંતુ આ સંજોગોમાં તેઓ કંઈ કરી શકે એમ ન હતું. જહૉનીએ ઝડપથી નિર્ણય કરવાનો હતો. તે ઘોડા ઉપરથી ઊતરી પડ્યો અને લગામનો ચામડાનો પટ્ટો જોરથી ઘોડાને ફટકાર્યો. ચમકેલો ઘોડો કૂદીને જીવ લઈને જે રસ્તે જઈ શકાય તે રસ્તે નાઠો. જહૉનીએ પોતાનો ઘોડો સલામત બહાર નીકળી જાય એવી આશા સેવી.

જહૉની ઊભો હતો ત્યાંથી થોડે અંતરે એક મોટો ઊપસેલો ખડક જોવામાં આવ્યો. જેની આસપાસ કોઈ ઝાડપાન કે ઘાસ નહોતાં. ધુમાડાના ગોટામાંથી રસ્તો કાઢીને જહૉની ખડક પાસે દોડી ગયો. એ ખડક નીચે જે પોલાણ હતું તેમાં સંતાઈ ગયો. ત્યાંથી તે પોતાના ઘોડા સાથે જે જગ્યાએ ઘડી પહેલાં ઊભો હતો તે જગ્યા જોઈ શકતો હતો. તે વેળાસર આ ખડક નીચે આવી રહ્યો તે સારું થયું, કારણ કે, તે જગ્યાએ આગ ફરી વળી હતી. હવે આગ હોલવનારાઓએ ધાર્યું કે તે બળીને ખાખ થઈ ગયો હશે. આગ આ ખડકની ચોમેર ફરી વળી હતી, પરંતુ ખડકની નજદીક ઘાસ કે વનસ્પતિ ન હોવાને કારણે આગ ત્યાં ફેલાઈ ન હતી. ખડક પોતે તો તે જોકે આગ અને

ધુમાડાથી કાળો પડી ગયો હતો, પરંતુ તેની અંદરની પોલાણમાં કે આડમાં જહૉની સલામત હતો. આગ જ્યારે શાંત પડી ત્યારે તે પોતાની સલામત જગ્યાએથી બહાર આવ્યો અને પોતે અજાયબ રીતે બચી ગયો તે માટે તેણે ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર માન્યો.

વાચક મિત્રો, આપણા જીવનમાં આવી જ એક ખાઈ જનાર આગ, અને તેમાંથી રક્ષણ આપનાર ખડક વિષે જાણીએ છીએ. બાઈબલમાં યશાયા ૩૨:૨ આમ કહે છે : "(તેમાંનો) દરેક માણસ વાયુથી સંતાવાની જગ્યા તથા તોફાનથી ઓથા જેવો, સૂકી ભૂમિમાં પાણીના નાળા જેવો, કંટાળો ઉપજાવનાર દેશમાં વિશાળ ખડકની છાયા જેવો થશે." ગીતકર્તા દાઉદ ગીત ૧૮:૨માં કહે છે, "યહોવા મારો ખડક, મારો કિલ્લો તથા મારો બચાવનાર છે;... હું તેના પર ભરોસો રાખીશ." એ જીવતો ખડક તો આપણા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે. વાંચો, ૧ કોરિંથી ૧૦:૪, "... તે ખડક તો ખ્રિસ્ત હતો."

ભસ્મ કરનાર અગ્નિ તો ઈશ્વરનો ન્યાય છે, જે મનુષ્યનાં પાપનો કડક હિસાબ લેશે. આમ છતાં આપણે આભાર માનીએ છીએ કે, જેઓ તેના ઉપર વિશ્વાસ કરે છે તેઓના બચાવ અર્થે, આપણા તારનાર પ્રભુ ઈસુએ, કાલવરી ઉપર એ ન્યાયથી આવી રહેલી શિક્ષા પોતે વેઠી, અને આપણને ન્યાયશાસનથી બચાવી લીધા. નિર્દોષ હોવા છતાં ઈશ્વરી ન્યાયનો અગ્નિ તેમણે પોતા પર સ્વીકારી લીધો. જેમ ખડકની આસપાસની જગ્યા આગમાં ભસ્મીભૂત થઈ ગઈ. પરંતુ ખડક પોતે તો અડગ રહ્યો, અને તેની નીચે આશ્રય મેળવનારને કોઈ આંચ આવી નહિ. તે જ પ્રમાણે આપણો તારનાર જે જીવંત ખડક છે, તેની પાંખો તળે જો આપણે આશ્રય મેળવીશું, અને તેનું શરણું સ્વીકારીશું, તો ન્યાયકાળે ઈશ્વરનો ન્યાયરૂપી અગ્નિ આપણને ભસ્મ કરી શકશે નહિ. રક્ષણ માટેનું એ આમંત્રણ આજે પણ આપણી આગળ ઊભેલું જ છે. ઈશ્વર દયાળુ અને ધીરજવાન છે, અને આપણે તેમના શરણે આવીને જીવનના પુસ્તકમાં નામ નોંધાવીએ, તેની તક આપતાં આપણી રાહ જુએ છે. આપણે જો એ તક જતી કરીશું, તો પછી પ્રકટીકરણ ૨૦:૧૫માં જણાવ્યા મુજબ, "જો કોઈ જીવનના પુસ્તકમાં નોંધેલો માલૂમ પડ્યો નહિ, તો તેને અગ્નિની ખાઈમાં નાખી દેવામાં આવ્યો." શું આપણે અગ્નિની ખાઈથી બચવા ચાહીએ છીએ? જો હા, તો ચાલો, **"જીવતા ખડક, ખરી આડ"**ની નીચે આજે જ આશ્રય અને અનંતજીવન મેળવીએ. ★

## ૧૦
## સાહસિક બચાવ

અમેરિકાના વર્જિનિયા રાજ્યના ઉત્તરમાં આવેલાં જંગલોમાં ભરબપોરે એક સ્ત્રીની ઓચિંતી જીવલેણ ચીસોથી આસપાસનું વાતાવરણ ભયભીત બની ગયું. આ જંગલમાં સરકારી મોજણીદારો (સર્વેયરો)ની એક ટુકડી કામ કરતી હતી. તેઓના કાને આ ભયાનક ચીસો અથડાઈ. તેઓ શું બન્યું છે તે જાણવા ચીસની દિશામાં દોડી ગયા. જોયું તો નદીકિનારે એક બાઈને કેટલાક લોકોએ પકડી રાખી હતી, અને તે તેઓના હાથમાંથી છૂટવા ધમપછાડા કરતી હતી. જે મોજણીદારો (સર્વેયરો) દોડી આવ્યા હતા તેમાંના એક સશક્ત યુવાનને આ સ્ત્રીએ કહ્યું, "ઓ સાહેબ, મહેરબાની કરીને આ માણસોની પકડમાંથી મને છોડાવો; મારો નાનો દીકરો નદીમાં ડૂબી રહ્યો છે." પકડી રાખનારાઓમાંથી એક જણે કહ્યું, "એ કેવી રીતે બને? આ સ્ત્રી તેના દીકરાને બચાવવા નદીમાં કૂદવા માગે છે. અને થોડી જ વારમાં તે પણ નદીના પ્રવાહમાં ઘસડાઈને આગળના ધોધમાંથી નીચે પડશે, અને કમોતે મરશે." આ સાંભળતાં જ આ યુવાને પોતાનો કોટ કાઢ્યો, અને ખડકાળ નદીમાં વેગથી વહી જતા ભયંકર પ્રવાહમાં ઝંપલાવ્યું. બધી આંખો તેના ઉપર મંડાયેલી હતી. અને તે યુવાન ઘૂમરી લેતા પ્રવાહમાં પોતાનો રસ્તો કાઢીને જ્યાં છોકરો ડૂબી રહ્યો હતો ત્યાં પહોંચવાની કોશિશ કરતો હતો. છોકરો બે વાર પાણીમાં ડૂબ્યો, અને બે વાર ઉપર આવ્યો. લોકોને લાગ્યું કે હવે છોકરાને બચાવી શકાશે નહિ. આમ છતાં, યુવાનનું અપૂર્વ સાહસ ચાલુ જ હતું. છેવટે તેણે છોકરાને પકડી લીધો. હવે તેઓ વેગીલા પ્રવાહમાં તણાતા તણાતા એવી જગ્યાએ પહોંચ્યા હતા જ્યાં તેઓને બચાવવા કોઈ જઈ શકે નહિ કે હોડી પણ ઉતારી શકાય નહિ. પ્રવાહમાં ખેંચાતા ખેંચાતા તેઓ ધોધની લગોલગ આવી પહોંચ્યા હતા. યુવાને પોતાના જમણા હાથથી છોકરાને મજબૂત પકડ્યો હતો, પરંતુ ધોધ આગળના વેગવાળા પ્રવાહમાંથી તે પોતાને પણ બહાર કાઢી શક્યો નહિ. અને લોકોએ ભયંકર કિકિયારીઓ પાડતાં જોયું કે પેલો યુવાન અને છોકરો બંને ધોધમાં ફસાઈને ઠેઠ ઉપરથી નીચે ઊથલી પડ્યા હતા. બન્નેના જીવનની આશા લોકોએ છોડી દીધી, કારણ કે, પાણીમાં તેઓ કંઈ જ જોઈ શક્યા નહિ. પરંતુ ઈશ્વર કૃપાળુ હતા અને થોડી

જીવારમાં ધોધથી દૂર નીચાણમાં તેઓએ આ યુવાનને પોતે પકડી રાખેલા છોકરા સાથે કિનારે ફંગોળાતો જોયો. લોકોએ આનંદની કિકિયારીઓ પાડી કે તેઓ સલામત લાગે છે. અત્યંત આક્રંદ કરતી માતાએ બન્નેને જોયા ત્યારે બૂમ પાડી ઊઠી કે, "ઈશ્વર, તમારો મહાન આભાર કે, તમે તેઓને સહીસલામત કિનારે પહોંચાડ્યા છે."

છોકરો પુષ્કળ પાણી પી ગયો હતો, આમ છતાં તાત્કાલિક સારવારથી તે બચી ગયો. પેલો યુવાન ઘણો જ શ્રમિત છતાં ભાનમાં હતો, અને જ્યારે તેણે છોકરાને તેની માના હાથમાં મૂક્યો ત્યારે માતાએ કહ્યું, "દીકરા, ઈશ્વર તને આશીર્વાદ આપશે, અને તારા હાથે અજાયબ કૃત્યો કરાવશે, અને મારા જેવાં હજારોનાં આશીર્વાદ તારી સાથે હશે."

એ દિવસ તે ઈ.સ. ૧૭૫૦નો એક પ્રકાશિત દિવસ હતો, અને પેલો યુવાન બીજો કોઈ નહિ, પણ જ્યોર્જ વૉશિંગ્ટન હતો, જે પાછળથી અમેરિકાનો પ્રમુખ બન્યો.

મિત્રો, આ દુનિયાના પ્રચંડ પૂરમાં કોઈ જાતના બચાવ વગર મનુષ્યો ડૂબી રહ્યા છે. પાપથી બચવા કે બચાવવા કોઈ મનુષ્ય પાસે શક્તિ નથી, કારણ કે, "સઘળાંએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિષે સઘળાં અધૂરા રહે છે." (રૂમી ૩:૨૩). કોઈ બચાવની આશા નથી, બધા લાચારીથી જોઈ રહ્યા છે. કારણ કે, "કરણીઓથી કોઈ તારણની આશા નથી, રખેને કોઈ અભિમાન કરે, કારણ કે પાપમાં ડૂબનારનું તારણ તો પ્રભુ ઈસુ ખ્રિસ્તની જ કૃપાથી વિશ્વાસ દ્વારા જ સિદ્ધ થાય છે." (એફેસી ૨:૮-૯). ધન્ય હોજો તેમના પવિત્ર નામને કે આપણને પાપના આ ભયંકર પ્રવાહમાં ડૂબતા, અને છેલ્લા ન્યાય તરફ તણાતા જોઈને, ઈશ્વરે તેમની પુષ્કળ દયા અને કૃપાથી પોતાના એકાકીજનિત દીકરાને મોકલી આપ્યા, જેથી તે આ જગતના પ્રવાહમાં ઝંપલાવીને આપણો આત્મિક બચાવ કરે. આપણા તારનારે આપણા માટે અસંખ્ય દુઃખ વેઠ્યાં, અને છેવટે પોતાનું અમૂલ્ય લોહી વહેવડાવીને આપણને પાપના ભયંકર પ્રલયમાંથી બચાવી લેવાનો માર્ગ ખુલ્લો કર્યો છે. એ તારનાર આજે પણ આપણી તદ્દન નજદીક છે. ચાલો, તેમના આત્મિક બચાવ અને મધ્યસ્થીમાં વિશ્વાસ મૂકીને તેમનો અંગીકાર કરીએ, અને જેનો કદી નાશ થનાર નથી એવા અનંતકાળના જીવનમાં પ્રવેશ મેળવીએ. આમીન. ★

## ૧૧
# "બિલકુલ સમયસર!"

જેનો જન્મ છે તેનું મૃત્યુ પણ છે. મૃત્યુનો સમય ઈશ્વરની યોજનાને આધીન છે. કોઈ મનુષ્ય તેનો પાર પામી શકતું નથી. ઈશ્વર ઉપર પ્રેમ રાખનારાઓ આથી જ અચાનક આવનારા ઈશ્વરી તેડા માટે પોતાની જાતને હંમેશાં તૈયાર રાખવાની કાળજી રાખે છે, અને બીજાઓને પણ આ સત્ય સમજાવીને તેઓના આત્મા પ્રભુ માટે જીતવાની કાળજી રાખે છે.

પ્રભુના સંતો અને સંસ્થાઓ, ઉપદેશ દ્વારા, પુસ્તકો-લેખન દ્વારા, રેડિયો-ટેલિવિઝન દ્વારા, સામયિકો, ટ્રાક્ટો દ્વારા આ સત્યપ્રસારણમાં હિસ્સો આપે છે. સંસ્થાઓ મારફતે બાળકો, પ્રૌઢો, વૃદ્ધો સૌ માટે સાહિત્યસર્જન કરવામાં આવે છે. આમ અનેક રીતે માનવસમાજને સત્યનું દિશાસૂચન કરી શકાય છે.

"હું એક ખ્રિસ્તી મહિલા કાર્યકર છું. ઈશ્વરના અનેક આશીર્વાદોથી દરેક રીતે સુખી જીવન વીતાવું છું. મારું કુટુંબ ઈશ્વરને સમર્પિત છે, પતિની સારી નોકરીને કારણે મારે નોકરી કરવાની જરૂર પડતી નથી. આથી હું મારો મોટા ભાગનો સમય ખ્રિસ્તી મહિલા કાર્યકર તરીકે વીતાવી શકું છું. એક રવિવારની સાંજે હું મારી સેવા પૂરી કરીને ઘર તરફ પ્રયાણ કરી રહી હતી. હું કમ્પાઉન્ડમાં દાખલ થતી હતી એટલામાં મેં બે બહેનોને દૂરથી આ રસ્તે આવતી જોઈ. હું થોડી વાર થોભી. આ બહેનો કારખાનામાંથી છૂટીને ઘર તરફ જઈ રહી હતી. આ બે બહેનો પૈકી એક તદ્દન યુવાન અને તંદુરસ્ત જણાતી હતી. તેના મુખ ઉપર યુવાનીના તોફાની ભાવો તરવરતા હતા, જાણે કે જીવનમાં બીજી કોઈ ચિંતા-ફિકર જ ન હોય. ખાવાપીવામાં, હરવાફરવામાં, સારું પહેરવાઓઢવામાં અને એવા જીવનની મોજમઝામાં જીવન વિતાવવાનું હોય! આ યુવતીને મેં પુસ્તિકા આપી. તેણે સસ્મિત તે હાથમાં લીધી પ્રથમ પાનું ઉઘાડ્યું અને લેખ નજરે પડ્યો - "બિલકુલ સમયસર!"

તે ફરીને હસીને બોલી - "બિલકુલ સમયસર! શા માટે?" મેં જવાબ આપ્યો. 'હા, બહેન, ઈશ્વરનો સ્વીકાર કરવા માટે તમે "બિલકુલ સમયસર" નીવડો. ઈશ્વર તમારા ઉપર પ્રેમ કરે છે અને સ્વર્ગીય સુખ માટે આમંત્રણ આપે છે. હાલમાં જ માન્યકાળ છે, અને જો મોડું કરશો, તો પસ્તાવું પડશે આજે જ તેમનો સ્વીકાર કરીને સ્વર્ગીય સુખના ભાગીદાર બનો.' આ યુવતીએ પેલી નકલ પોતાની થેલીમાં મૂકી અને મશ્કરીમાં હસતી હસતી વિદાય થઈ. હું ત્યાં જ ઊભી રહી. તે બહેન માટે પ્રાર્થના કરી કે, 'ઈશ્વર તેના ઉપર રહેમ કરે, અને તેની આંખો ઉઘાડે, તેમ જ સત્યના પંથે દોરી લાવે.'

"આ વાતને ચાર દિવસ વીતી ગયા. ગુરુવાર રાત્રે મારા ઘરનો દરવાજો કોઈએ ઠોક્યો, મેં બારણું ઉઘાડીને જોયું, તો એક બહેન અંધારામાં ઊભી હતી. મેં પૂછ્યું, 'કોનું કામ છે?' સામેથી જવાબ મળ્યો, 'બહેન, રવિવારે સાંજે સામેના રસ્તા ઉપર એક યુવાન બહેનને જે પુસ્તિકા આપી હતી તે જ તમે છો? મેં જવાબ આપ્યો, 'હા, હું તે જ છું.' આ પ્રત્યુત્તર સાંભળતાં જ આવનાર બહેને કહ્યું, 'બહેન, મહેરબાની કરીને મારી સાથે અત્યારે જ ચાલો, બહુ જ ઉતાવળનું કામ છે, વાત કરવાનો સમય નથી.' હું ઝડપથી તૈયાર થઈને તેની સાથે જવા નીકળી પડી. રસ્તામાં તેણે મને જણાવ્યું કે, 'તેની બહેનપણીને કારખાનામાં અકસ્માત નડ્યો છે. ઓચિંતી સંચામાં આવી જવાથી તે મરણતોલ સ્થિતિમાં છે. તેના બચાવની કોઈ જ આશા નથી. તેને હજુ ભાન છે, અને પોતાના ઘેર જવાની ઇચ્છા દર્શાવી હોવાથી તેનો છેલ્લો શ્વાસ પોતાના ઘરમાં મૂકે માટે અત્યારે જ તેને ઘેર લાવ્યાં છે, ને તે તમને મળવા ચાહે છે.'

હું પેલાં બહેન સાથે તે યુવતીને ઘેર ગઈ, અને જોયું તો ચાર દિવસ અગાઉ જે યુવતી હૃષ્ટપુષ્ટ અને સુંદર હતી, જેનામાં યુવાની છલકાઈ રહી હતી, તે જ અત્યારે સાવ ભાગી પડી હતી. આખું શરીર પાપોથી લપેટાયેલું હતું. મોં પર દુઃખ, વેદના અને નિરાશા છવાયેલાં હતાં. મહામુશ્કેલીએ તે છેલ્લો શ્વાસ લઈ રહી હતી. તે એકીટસે મારા તરફ જોઈ રહી હતી. તેની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. મેં બોલાવવા કોશિશ કરી, પણ હું શબ્દ

માત્ર બોલી શકી નહિ. મારું બાઇબલ મારી પાસે જ હેન્ડબેગમાં હતું. થોડીવાર પછી સ્વસ્થ થઈ મેં કહ્યું, 'બહેન, હું પ્રભુનાં વચનો વાંચી સંભળાવું?' આંખના ઈશારાથી તેણે સંમતિ દર્શાવી. મેં બાઇબલમાંથી વાંચ્યું, "ઈશ્વરને જગત ઉપર એટલો તો પ્રેમ હતો કે, તેણે પોતાનો એકનો એક પુત્ર આપી દીધો, જેથી જે કોઈ એનામાં શ્રદ્ધા રાખે તે નાશ ન પામે, પણ શાશ્વત જીવન પ્રાપ્ત કરે." (યોહાન ૩:૧૬). તે ધ્યાનથી સાંભળી રહી હતી. મેં તેને ઈશ્વરના અલૌકિક પ્રેમ વિષે સમજાવ્યું અને પ્રભુ ઈસુના મહામૂલ્ય બલિદાનની વાત કરી. પાપીઓ માટે તેમણે પોતાનું રક્ત વહેવડાવ્યું છે જે પાપી પોતાનાં પાપનો પસ્તાવો કરીને તેમનો સ્વીકાર કરે છે, તેને પાપની ક્ષમા આપી, પ્રભુ ઈસુ તેનો આનંદથી સ્વીકાર કરે છે, અને સ્વર્ગીય સુખના વારસદાર બનાવે છે. મેં ઝડપથી ઉડાઉ દીકરાની વાત પણ કરી. હું જોતી હતી કે તેનો ઉદાસ ચહેરો ધીમે ધીમે પ્રકાશિત બની રહ્યો હતો, તેનામાં જાણે નવું ચેતન આવી રહ્યું હતું. તેણે ઈશારાથી પાણીની માગણી કરી, અને થોડું પીધું. અત્યાર સુધી તે બોલી શકતી ન હતી, પરંતુ કુટુંબના સભ્યોની નવાઈ વચ્ચે તેણે જાણે પોતાની આંખો પ્રભુ ઈસુને જોઈ રહી હોય તે રીતે ઊંચી કરી, અને સ્પષ્ટ શબ્દોમાં બોલી, "બિલકુલ સમયસર!" ઈશ્વરપિતા, હું "બિલકુલ સમયસર" તમારી પાસે આવી પહોંચી છું. મારા આત્માનો સ્વીકાર કરો." આ શબ્દો બોલતાંની સાથે જ તેની ડોક ઢળી પડી, અને સદાને માટે તેણે આંખો બંધ કરી દીધી. તેનું નિર્જીવ શરીર અમારી સામે હતું, પરંતુ તેનો આત્મા ઈશ્વરની પવિત્ર હજૂરમાં આનંદ સહિત ચાલ્યો ગયો હતો.

"આ છેલ્લો ચિતાર હું ભૂલી શકતી નથી. આજે પણ તેના શબ્દ - "બિલકુલ સમયસર!" - મારા કાનમાં ગૂંજે છે. આપણી અને મરણની વચ્ચે એક ડગ છે : ઈશ્વરનું તેડું ક્યારે આવશે, તે આપણે જાણતાં નથી, પરંતુ એક વાત ચોક્કસ જાણીએ છીએ : અને તે એ કે પ્રભુ ઇચ્છે છે કે, "કોઈનો નાશ ન થાય પણ સઘળાં પશ્ચાતાપ કરે." (૨ પિતર ૩:૯). "જુઓ, હમણાં જ માન્યકાળ છે; જુઓ, હમણાં જ તારણનો દિવસ છે." (૨ કોરિંથી ૬:૨). અત્યારે જ તેનો સ્વીકાર કરીએ."★

## ૧૨
## કેપ્ટન - મૃત્યુશય્યાએ

એક સ્ટીમરનો કેપ્ટન તેના ગુસ્સા અને ઘાતકીપણા માટે જાણીતો હતો. ખલાસીઓ તેના જુલમ નીચે ત્રાસી ગયા હતા. એક મુસાફરી દરમ્યાન તે ભયંકર માંદગીમાં પટકાયો. કેબિનમાં સૂતાં સૂતાં હવે મરણના વિચાર તેને સતાવી રહ્યા. મરણની તેને ખરેખર બીક લાગવા માંડી. આથી તેણે સ્ટીમરના પહેલા અમલદારને બોલાવ્યો અને કહ્યું, "વિલ્યમ, ઘૂંટણીએ પડ, અને મારા માટે પ્રાર્થના કર. મને લાગે છે, હવે હું આ માંદગીમાંથી બેઠો થવાનો નથી." વિલ્યમે જવાબ આપ્યો, "કેપ્ટન, હું પ્રાર્થના કરતો નથી, અને મને પ્રાર્થના કરતાં આવડતું પણ નથી." કેપ્ટને કહ્યું, "સારું, ત્યારે તમારું બાઈબલ લાવીને મને થોડું વાંચી સંભળાવો, કારણ કે, મારો અંતકાળ પાસે છે." અમલદારે કહ્યું, "મારી પાસે બાઈબલ પણ નથી." કેપ્ટને કહ્યું, "ઠીક, તો તમે બીજા નંબરના અમલદારને તેડાવો; તે પ્રાર્થના કરાવશે." બીજો અમલદાર આવ્યો ત્યારે કેપ્ટને પૂછ્યું, "થોમસ, હું હવે લાંબી સફરે જઈ રહ્યો છું; મારા માટે પ્રાર્થના કરાવશો?" થોમસે કહ્યું, "કેપ્ટન, જો મને આવડતું હોત, તો જરૂર હું પ્રાર્થના કરાવત; પણ હું નાનો છોકરો હતો ત્યારથી પ્રાર્થના કરવાનું બંધ કર્યું હતું, એટલે પ્રાર્થના કરાવી શકતો નથી." કેપ્ટને પૂછ્યું, "તમારી પાસે બાઈબલ છે?" જવાબ નકારમાં મળ્યો. આથી કેપ્ટને ત્રીજા નંબરના અમલદારને બોલાવવા જણાવ્યું. ત્રીજો અમલદાર આવ્યો ત્યારે તે પણ પ્રથમ બે અમલદારની માફક પ્રાર્થના કરાવવા લાચાર હતો. અને તેની પાસે પણ બાઈબલ ન હતું. છેવટે, આ મૃત્યુશય્યાએ પડેલ કેપ્ટન માટે તેઓએ આખા સ્ટાફમાં તપાસ કરી, જેથી કોઈ પ્રાર્થના કરાવે અથવા જેની પાસે બાઈબલ હોય તેવી વ્યક્તિ મળી આવે. છેવટે કોઈએ કહ્યું કે, "રસોડામાં કામ કરનાર વિલ્યમ નામના નાના છોકરા પાસે બાઈબલ જેવું પુસ્તક તેણે જોયું છે." કેપ્ટને આ છોકરાને તાત્કાલિક બોલાવી મંગાવ્યો. છોકરો આવ્યો ત્યારે કેપ્ટને પૂછ્યું, "છોકરા, તારી પાસે બાઈબલ છે?" છોકરાએ ગભરાઈને જવાબ આપ્યો કે, "તેની પાસે બાઈબલ તો છે, પરંતુ પોતાના ખાનગી સમયમાં જ વાંચે છે." કેપ્ટને કહ્યું, "ફિકર નહિ, તું જલદી જઈને તારું બાઈબલ લાવ, અને તેમાંથી મને સાંત્વન મળે એવું કંઈ વાંચી

સંભળાવ. કારણ કે, હું મરી રહ્યો છું. ઈશ્વર પાપીઓ ઉપર દયા બતાવે છે એવું મારે સાંભળવું છે." વિલ્યમ બાઈબલ લાવ્યો અને યશાયાના પુસ્તકમાંથી ૫૩મો અધ્યાય વાંચવા લાવ્યો, ને પાંચમી કલમ વાંચતો હતો ત્યારે કેપ્ટન બહુ જ ધ્યાનથી સાંભળતો હતો તેવું તેને લાગ્યું. તેણે કહ્યું, "છોકરા, થોભી જા, અને એ કલમ ફરીથી વાંચ." વિલ્યમે ફરીથી વાંચ્યું : "પણ આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો, આપણને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી આપણને સાજાપણું મળ્યું છે." કેપ્ટને કહ્યું, "બહુ જ અદ્‌ભુત વચનો છે; મારે આવું જ સાંભળવું હતું." વિલ્યમને હવે થોડી હિંમત આવી, અને કહ્યું, "સાહેબ, હું જ્યારે આ વચનો મારે ઘેર વાંચતો હતો ત્યારે મારી માએ મને તે કલમમાં મારું નામ ઉમેરીને વાંચવા કહ્યું હતું. આપ જો રજા આપો તો હું મારું નામ મૂકીને તે ફરીથી વાંચી સંભળાવું." કેપ્ટને કહ્યું, "હા, મારા દીકરા, જેમ તારી માએ શીખવ્યું છે તે પ્રમાણે વાંચી સંભળાવ." વિલ્યમે વાંચવા માંડ્યું : "પણ વિલ્યમના અપરાધોને લીધે તે વીંધાયો, વિલ્યમનાં પાપોને લીધે તે કચડાયો, વિલ્યમને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી વિલ્યમને સાજાપણું મળ્યું છે."

છોકરો વાંચી રહ્યો ત્યારે કેપ્ટન લગભગ અડધો બેઠો થઈ ગયો હતો. તેણે કહ્યું, "દીકરા, એ વચનો આગળ તારા કૅપ્ટન જૉન કાઉન્ટનું નામ મૂકીને મને તે ફરીથી વાંચી સંભળાવ." વિલ્યમે વાંચવા માંડ્યું : "પણ જૉન કાઉન્ટના અપરાધોને લીધે તે વીંધાયો, જૉન કાઉન્ટનાં પાપોને લીધે તે કચડાયો, જૉન કાઉન્ટને શાંતિ પ્રાપ્ત કરાવવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી જૉન કાઉન્ટને સાજાપણું મળ્યું છે." વિલ્યમ આ વચનો વાંચી રહ્યો એટલે કેપ્ટને કહ્યું, "બસ, હવે તું જા." કેપ્ટન પથારીમાં પડ્યો અને એ અદ્‌ભુત શબ્દો તેના કાનમાં ગુંજવા લાગ્યા. પોતાનું નામ મૂકીને તે શબ્દો તે વારંવાર બોલવા લાગ્યો, ત્યારે તેનું હૃદય સ્વર્ગીય આનંદથી ભરાઈ ગયું. તે મરણ પામ્યો તે અગાઉ સ્ટીમરની દરેક વ્યક્તિ આગળ તેણે સાક્ષી આપી કે, "જૉન કાઉન્ટનાં પાપોને લીધે પ્રભુ ઈસુએ પોતાનું બલિદાન આપીને તે (જૉન કાઉન્ટ)નો ઉદ્ધાર કર્યો છે."

પ્રિય વાચક, એ અદ્‌ભુત વચનો આગળ તમારું પોતાનું નામ મૂકીને એ કલમ વાંચવાનું તમે કદી વિચાર્યું છે? ★

## ૧૩

# શેતાનનું એક સફળ શસ્ત્ર

શેતાન, પોતાના સૈન્યમાં ભરતી કરવા રાતદિવસ જાગ્રત હોય છે, અને જાતજાતના ખેલ ખેલે છે. તે ગમે ત્યાં જઈ શકે છે, ગમે તેવું જૂઠાણું બોલી શકે છે, અને ગમે તેવી લાલચો બતાવીને લોકોને ફસાવી શકે છે. જો દેવ ઉપરનો આપણો વિશ્વાસ દ્રઢ ન હોય, તો આપણે સહેલાઈથી તેના ફંદામાં ફસાઈ પડીએ છીએ. તેનાં કારગત શસ્ત્રોમાં એક શસ્ત્ર 'વિલંબ' કે 'આળસ' નામનું છે. આ હથિયારથી તે ભલભલાને હરાવી શકે છે. આત્મિક આળસ જેવી ખતરનાક ચીજ બીજી કોઈ નથી, અને કિનારે આવેલું વહાણ જેમ ડૂબી જાય છે તેમ આત્મિક આળસ મનુષ્યને નરકમાં ધકેલી દે છે. પુષ્કળ તક હોવા છતાં આત્મિક જીવનમાં આળસ ઘર ઘાલે છે, અને મળતી તમામ તક વ્યર્થ થાય છે. બાઇબલમાં વર્ણવેલી પેલી પાંચ મૂર્ખ કુમારિકાઓ (માથ્થી ૨૫:૧-૧૩) જેવી આપણી દશા બને છે જેઓ આળસને કારણે દેવના દરબારમાં વરરાજા - પ્રભુપુત્રને મળવા પ્રવેશ પામી શકતી નથી.

શેતાનના હાથમાં આવું એક બીજું ભયંકર હથિયાર છે જે 'નિરાશા'ના નામે ઓળખાય છે. એક જૂની લોકકથા આ પ્રમાણે છે :

એક દિવસે શેતાને પોતાનાં જૂનાં હથિયારોનું સેલ કાઢ્યું, વેચાણ માટેનાં આ હથિયારો ઉપર લેબલ લગાડેલાં હતાં. દા.ત., તિરસ્કાર, અદેખાઈ, જૂઠાણું, અભિમાન, ચોરી, લોભવૃત્તિ વગેરે. આ શસ્ત્રોમાં એક શસ્ત્ર ઉપર 'નિરાશા' નામનું લેબલ ચોંટાડેલું હતું. આ શસ્ત્ર માટે મોટી કિંમત આંકવામાં આવી હતી. કોઈકે શેતાનને પૂછ્યું કે, "આવા નજીવા શસ્ત્ર માટે આટલી મોટી કિંમત કોણ આપવાનું છે? તમારે આ શસ્ત્ર બહુ નજીવી કિંમતે વેચવા કાઢવું જોઈએ."

શેતાને કહ્યું, "તમે ભૂલો છો, આ તો મારાં ઉત્તમ શસ્ત્રોમાંનું એક છે, અને તે ઘણું જ અસરકારક છે. આ શસ્ત્ર વડે તો હું ઈશ્વરના મોટા મોટા સેવકોનાં હૃદયો ફેરવી નાખી શકું છું!" શેતાનની આ વાત બિલકુલ ખરી હતી.

ઘણીવાર આપણે જોઈએ છીએ કે, પ્રભુના મોટા સંતો પણ નિરુત્સાહી

બને છે, અને પોતાની ફરજ ચૂકી જાય છે. મૂસા, દાઉદ, એલિયા વગેરે ઈશ્વરભક્તોનાં જીવનમાં પણ કોઈ ને કોઈવાર 'નિરુત્સાહે' સ્થાન જમાવ્યું હતું. પરંતુ ઈશ્વરે તેમનો હાથ પકડીને તેમની નિરાશામાંથી તેઓને બહાર કાઢ્યા.

એલિયાહ પ્રબોધકની વાત કરીએ, તો કાર્મેલ પર્વત ઉપર તેણે કેટલી મોટી સફળતા પ્રાપ્ત કરી હતી! મૂર્તિપૂજકો આગળ તેણે દેવના નામને મોટું મનાવ્યું હતું. બાલના પ્રબોધકોને વીણી વીણીને મારી નાખ્યા હતા. આ પછી તેણે વરસાદ માટે પ્રાર્થના કરી, અને સાડાત્રણ વર્ષથી અટકેલો વરસાદ તૂટી પડ્યો હતો. પછી એલિયા કમર બાંધીને આહાબ રાજાના રથની આગળ યિઝ્રએલની ભાગળ સુધી દોડ્યો હતો.

ઈઝેબેલ રાણીએ આ બધું જાણ્યું ત્યારે ચોવીસ કલાકમાં જ એલિયાનો જીવ લેવાનું નક્કી કર્યું. એલિયાને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તે નિરાશ થયો, અને પોતાનો જીવ લઈને નાઠો. તે દૂર અરણ્યમાં ગયો અને ઈશ્વર પાસે મોત માગ્યું. કારણ કે, હતાશા, નિરાશા, નિરુત્સાહની ટોચે પહોંચ્યો હતો.

પરંતુ શું ઈશ્વર તેને છોડી દે છે? ના, ના, એમ તો નહિ. પ્રથમ તો ઈશ્વરે તેનો શારીરિક થાક દૂર કરવા મીઠી ઊંઘ આપી, તેને ખોરાક આપ્યો, અને લખેલું છે કે, 'દૂતે તેની સેવા કરી.' એલિયાએ ઊઠીને ખાધું તથા પીધું અને તે ખોરાકના પ્રતાપથી તે ૪૦ દિવસ અને ૪૦ રાત ચાલીને દેવના પર્વત હોરેબ પર પહોંચ્યો.(૧ રાજા ૮:૧ - ૧૯:૮).

શેતાને 'નિરાશા'રૂપી શસ્ત્ર કામમાં લીધું હતું, અને તેનાથી પરાક્રમી ઈશ્વરભક્ત એલિયાને હરાવવાનો હતો. પરંતુ ઈશ્વર જેની રક્ષા કરે છે તેની સામે શેતાનનું કોઈ જોર ચાલતું નથી. ઈશ્વરે તેનામાં વધુ ઉત્સાહ રેડ્યો અને તેણે ઈશ્વરના પરાક્રમનો અનુભવ કર્યો.

આપણી ઉપર મુશ્કેલી આવે અને દુ:ખનાં વાદળ તૂટી પડે, અને જીવવાનું પણ ભારે લાગે, પરંતુ ઈશ્વરની પવિત્ર, કૃપાળુ અને આશીર્વાદિત પાંખો (ગી.શા. ૬૩:૭) નીચે આપણે આશ્રય લઈએ, તો દેવ આપણો હાજરાહજૂર મદદગાર (ગી.શા. ૪૬:૧) બનવાનો છે.★

## ૧૪
## "મી. શેતાન, ગેટ આઉટ!"

આપણે જાણીએ છીએ કે આપણાં આદિ માતાપિતા આદમ અને હવાને ઈશ્વરે ઉત્પન્ન કરીને એદનવાડીમાં મૂક્યાં હતાં જ્યાં શાંતિ, પ્રેમ, આનંદ અને પવિત્રતા હતાં. પરંતુ શેતાને સાપનું રૂપ ધારણ કરીને તેઓને પરીક્ષણમાં પાડ્યાં, અને જે ફળ ખાવાની તેઓને સખત મના કરવામાં આવી હતી તે તેમની પાસે ખવડાવ્યું. અને આમ ઈશ્વરની આજ્ઞા તોડીને તેઓએ પાપ કર્યું, અને પરીક્ષણ સામે હારી ગયાં. (ઉત્પત્તિ ૨:૭-૩:૨૧).

આપણને બધાને શેતાન વારંવાર પરીક્ષણમાં લાવે છે અને લલચાવે છે, જેથી પાપ કરીએ. ઘણીવાર આપણે પરીક્ષણમાં હારી જઈએ છીએ, અને ઘણીવાર ઈશ્વરપિતા આપણને પરીક્ષણમાં જીત પણ પમાડે છે. નાનાં બાળકોનાં નાનાં પરીક્ષણો હોય, અને મોટાનાં મોટાં; પરંતુ નાનું કે મોટું પરીક્ષણ હોય, અને હારી જઈએ તો તે પાપ છે, અને તેનાથી આપણે દૂર જ રહેવું ઘટે.

પ્રભુ ઈસુને પણ શેતાને ન છોડ્યા અને તેઓનું પણ પરીક્ષણ કર્યું. છતાં, પ્રભુ ઈસુએ શેતાનને હરાવીને કહ્યું કે, "શેતાન, મારાથી દૂર થા." (માથ્થી ૪:૧૦). તેમણે આપણને શીખવેલી પ્રાર્થનામાં પણ આપણે બોલીએ છીએ કે, "અમને પરીક્ષણમાં ન લાવો." (માથ્થી ૬:૧૩, લૂક ૧૧:૪). પરીક્ષણમાં શેતાનની જીત થાય અને આપણે હારી જઈએ, તો તે પ્રભુ ઈસુને ન ગમે; તે નારાજ થાય, અને એટલા માટે પ્રભુ ઈસુને કાયમ આપણા હૃદયમાં જ રાખવા જોઈએ જેથી શેતાન પાસે જ ન આવે.

એક નાની છોકરીને કોઈએ પૂછ્યું કે, "શેતાન તને લલચાવવા આવે ત્યારે તું શું કરે છે?" બાળાએ કહ્યું, "મેં તો પ્રભુ ઈસુને મારા હૃદયમાં જ રાખી મૂક્યા છે, અને શેતાન જ્યારે મારા હૃદયનું દ્વાર ઠોકે ત્યારે પ્રભુ ઈસુને બારણું ઉઘાડવા મોકલું છું. જ્યારે શેતાન પ્રભુ ઈસુને જુએ છે ત્યારે તે શરમાઈ જાય છે અને કહે છે, 'માફ કરશો, હું ઘર ભૂલી ગયો." જોયું ને! શેતાનના પરીક્ષણ ઉપર જીત મેળવવાનો કેવો સરળ અને સચોટ માર્ગ!

એક નાની છોકરીની વાત મારા વાંચવામાં આવી. છોકરીની માની તબિયત નરમ હતી માટે સાંજે તે કંઈ જમ્યાં નહિ, અને વહેલાં સૂઈ ગયાં. પરંતુ બિછાના પાસે થોડી દ્રાક્ષ મૂકી રાખી જેથી મોડેથી ભૂખ લાગે ત્યારે ખાઈ શકે. તેમની નાની દીકરીએ આ દ્રાક્ષ જોઈ અને ખાવા લલચાઈ. તે ધીમે પગલે માના બિછાના પાસે આવી, અને માન્યું કે, મા ઊંઘી ગયાં છે, અને કંઈ જાણી શકશે નહિ. તેણે બિલકુલ અવાજ કર્યા વગર થોડી દ્રાક્ષ હાથમાં લીધી અને ધીમે પગલે અવાજ કર્યા વગર ચાલી ગઈ. મા હજુ જાગતાં જ હતાં અને આંખો અર્ધી ખુલ્લી હતી. આથી દીકરીએ જે કર્યું તે જોઈને તેમને ઘણું દુઃખ થયું. દીકરીએ ચોરી કરીને પાપ કર્યું હતું. તેઓ દીકરી સંબંધી આવો વિચાર કરતાં હતાં એટલામાં ફરીથી તેમણે દીકરીને પલંગ તરફ આવતાં જોઈ. ધાર્યું કે તે કદાચ બીજી વધારે દ્રાક્ષ લેવા આવી છે. માએ સૂઈ ગઈ છે તેવો દેખાવ ચાલુ રાખ્યો. દીકરી દ્રાક્ષની પ્લેટ પાસે ગઈ અને હાથમાં હતી તે બધી જ દ્રાક્ષ પ્લેટમાં પાછી મૂકી દીધી અને ધીમે પગલે પાછી વળી.

માએ દરવાજા પાસે દીકરીના ધીમેથી બોલાયેલા શબ્દો સાંભળ્યા. દીકરી બોલતી હતી, 'મી. શેતાન, આ વખતે મેં તને હરાવ્યો છે, માટે હવે અહીંથી ચાલ્યો જા. હું કહું છું કે, 'ગેટ આઉટ.'"

દીકરીનો આ પસ્તાવો અને શબ્દો સાંભળીને માતાને કેટલો બધો આનંદ થયો હશે!

આપણને જ્યારે શેતાન લલચાવે અને પરીક્ષણમાં પાડવા પાસે આવે ત્યારે કહીએ કે, "જા, શેતાન, ચાલ્યો જા; મેં તને હરાવ્યો છે. 'ગેટ આઉટ'." ★

## ૧૫

## નાયગ્રા ધોધ

### (એક દુર્ઘટના)

અમેરિકાનો નાયગ્રા ધોધ દુનિયામાં સૌથી મોટો ધોધ છે. અમેરિકાની મુલાકાત લેનાર પ્રવાસીઓ આ ધોધ નજરે નિહાળવા ઘણા ઉત્સુક હોય છે. કલ્પના ન કરી શકીએ એટલું જળ આ ધોધ મારફતે ઉપરથી નીચે પડે છે. આ ધોધનાં બે અનુપમ દ્રશ્યો છે. એક તો જ્યારે ધોધનું પાણી ઉપરથી પડતું હોય છે, અને બીજું જ્યારે પાણીનું બરફમાં રૂપાંતર થઈ ઉપરથી પડતા પાણીની જગ્યાએ લટકતો બરફ જોવામાં આવે છે. શિયાળાની ઋતુમાં જેમ જેમ ઠંડી વધતી જાય છે, તેમ તેમ પાણીનું બરફમાં રૂપાંતર થાય છે અને આ લટકતા બરફનું દ્રશ્ય પણ તેટલું જ આકર્ષક હોય છે. નીચે નદીમાં ઠલવાતા પાણીનો પણ બરફ બંધાયેલો હોવાથી તેની ઉપર પણ લોકો સાહસ ખેડીને થોડું ફરી શકે છે. ખાસ કરીને અતિશય ઠંડીને કારણે બરફના જાડા પુલ નદીમાં થોડે સુધી બંધાઈ જાય છે. અને તેની ઉપર ચઢીને પણ ઉપરના ધોધનું દ્રશ્ય નિહાળવા લોકો સાહસ ખેડતા હોય છે.

પરંતુ ઈ.સ. ૧૯૭૨માં બનેલ એક દુઃખદ ઘટનાને કારણે અમેરિકન સરકારે આવા બરફના પુલો ઉપર ચઢીને ધોધનું દ્રશ્ય નિહાળવા ઉપર પ્રતિબંધ મૂક્યો છે.

શિયાળો તીવ્ર હતો અને ધોધ બરફમાં ફેરવાઈ ગયો હતો. નીચે નદીમાં પણ બરફના ઝૂલતા પુલો તૈયાર થયા હતા, અને લોકો તે પર ચઢીને અનુપમ દ્રશ્યની મોજ માણતા હતા. પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવતા હતા. હવે શિયાળો પૂરો થવા આવ્યો હતો. નદીનું પાણી પાછું ઘુઘવાટા કરતું અને મોટાં વમળો સર્જતું વહેતું થયું હતું; આમ છતાં કિનારા સાથે જોડાયેલા અમુક બરફના પુલો હજુ એમ ને એમ હતા, અને મજબૂત દેખાતા હતા. એટલે સાહસિક લોકોએ પુલ ઉપર ચઢીને દ્રશ્ય નિહાળવાનું ચાલુ રાખ્યું હતું. એક રવિવારે બપોરે જે પુલ ઉપર લોકો ચડ્યા હતા તે તૂટ્યો અને કિનારાથી અલગ થવા લાગ્યો. લોકો ઝડપથી નાસભાગ કરીને કિનારે કૂદી પડ્યા. પરંતુ એક યુગલ અને છોકરો જે પાસેના બીજા ટુકડા પર હતાં, તે

કિનારે કૂદી શક્યાં નહિ. બરફનો પુલ કિનારાથી દૂર ખસવા લાગ્યો, અને ગભરાટ ફેલાયો. છોકરો જે બરફના નાના ટુકડા પર હતો તેના બચવાની કોઈ આશા ન હતી. પરંતુ ફસાયેલા યુગલવાળો પુલ (બરફનો) ધીમે ધીમે પાણીના વહેણ તરફ ખસતો હતો. અને આગળ બાંધેલા મજબૂત પુલ નીચેથી પસાર થવાનું હતું. અને ઉપરથી જો દોરડું લંબાવવામાં આવે તો બચાવ થઈ શકે તેમ હતું. લોકોએ તાત્કાલિક દોરડું મેળવ્યું અને નીચે લટકાવ્યું. પરંતુ કમનસીબે તે થોડું ટૂંકું પડ્યું અને યુગલ તે પકડી શક્યું નહિ.

હજુ એક આશા હતી. બરફનો પુલ મોટા વમળમાં અટવાઈ જાય તે પહેલાં એક બીજો બાંધેલો પુલ પણ આવતો હતો. આ પુલ ઉપરથી બીજો પ્રયત્ન તાત્કાલિક કરવાની અગત્ય હતી. લોકોએ ઝડપથી દોરડાના ટુકડા મેળવ્યા અને ગાંઠ મારીને લાંબું દોરડું બનાવ્યું. પાસે આવતાં પતિએ દોરડાનો છેડો પકડી લીધો અને પત્નીની કમરે તે બાંધ્યો અને પોતે તે દોરડું મજબૂત પકડી રાખ્યું જેથી લોકો તેઓને ઉપર ખેંચી શકે. બધું બરોબર લાગતું હતું, અને બચાવ થશે એવું લોકો માનતા હતા. પરંતુ દુર્ભાગ્યે દોરડું તૂટવા લાગ્યું અને બચાવની છેલ્લી આશા ઠગારી નીવડી. આ યુગલે પણ હવે બચવાની આશા છોડી દીધી. કારણ કે, થોડી જ વારમાં તેઓ પાણીમાં ગરક થઈ જવાનાં હતાં. કિનારાના લોકોએ તેમને ઘૂંટણ ઉપર પડીને તેમની છેલ્લી પ્રાર્થના કરતાં જોયાં. અને થોડી જ પળોમાં પાણી તેઓને સ્વાહા કરી ગયું. પ્રવાસમાં થોડી મિનિટો દ્રશ્યો નિહાળવાના આનંદનો કેટલો કરુણ અંજામ!

આ દુર્ઘટનાનું વર્ણન કરનાર પ્રથમ દોરડાને મનુષ્યની પોતાની નિર્દોષતાનું તારણ માટેનું દોરડું એ સાથે સરખાવે છે. પરંતુ તે જણાવે છે કે, દોરડું કાર્યસાધક નીવડવાનું નથી. કારણ કે, પૃથ્વી ઉપર જન્મેલું કોઈ એવું નથી જેણે પાપ કર્યું નથી. આત્માના બચાવ માટે પોતે માનેલ પોતાની નિર્દોષતા ટૂંકી પડવાની છે.

બીજું દોરડું વધારે લાભદાયક છે, પણ તે સફળતા અપાવી શકતું નથી. લોકો પોતાના ભૂતકાળના જીવનની ભૂલોથી શરમાય છે, પસ્તાય છે અને ભવિષ્યમાં નવું જીવન જીવવાની કોશિશ કરે છે, જેથી અનંતજીવન પ્રાપ્ત કરી શકે. પરંતુ આ દોરડું કાર્યસાધક નીવડવાનું નથી. કારણ કે, પૃથ્વી

ઉપર જન્મેલું કોઈ એવું નથી જેણે પાપ કર્યું નથી. આત્માના બચાવ માટે પોતે માનેલ પોતાની નિર્દોષતા ટૂંકી પડવાની છે. બીજા તારણહારની જરૂર પડવાની છે. આ દોરડું પણ તૂટી જવાનું છે, અને બચાવની આશા નિષ્ફળ જવાની છે. કારણ કે, કોઈ પણ મનુષ્ય કેવળ પોતાની સારી કરણીઓ વડે તારણ પામી શકતો નથી. તારણ માત્ર પ્રભુ ઈસુ થકી જ મળી શકે છે. સંત પાઉલ કહે છે તેમ, "પાપીઓમાં હું મુખ્ય છું." (૧ તિમોથી ૧:૧૫). એવી કબૂલાત અને પસ્તાવો તથા નમ્રતા સાથે પ્રભુ ઈસુની ગમ આવીએ, અને તેને આપણા અંગત તારનાર તરીકે સ્વીકારીને સ્વર્ગીય આનંદમાં પ્રવેશ પામીએ. અનંતજીવન પ્રાપ્ત કરવાનું તે દોરડું ટૂંકું પડતું નથી કે અણીના સમયે તૂટી જતું નથી. આ અનંત વિશ્વાસના આપણે ભાગિયા છીએ તે કેટલું ઉત્તમ છે! ઈશ્વરપિતા આપણા આ વિશ્વાસમાં રોજ ને રોજ વૃદ્ધિ પમાડે એવું પ્રાર્થીએ. ★

## ૧૯
# ખોવાયેલી સ્ત્રી

સ્વીટ્ઝર્લેન્ડ દેશની એક મહિલા આલ્પસ પર્વતનાં કુદરતી દ્રશ્યો અને સુંદરતા નિહાળવા પ્રવાસે નીકળી હતી. એક વહેલી સવારે તે સૃષ્ટિસૌંદર્ય નિહાળવા એકલી નીકળી હતી. બપોરના જમવાના સમય સુધીમાં પાછા ફરવાનો તેનો ઈરાદો હતો. પહાડો અને વનરાજીના સૌંદર્યનું રસપાન કરતાં તે આગળ ને આગળ વધતી જ રહી, અને છેવટે પાછા ફરવાનો પોતાનો માર્ગ ભૂલી ગઈ. માર્ગ શોધવા આમતેમ ભટકતાં તે એક ઊંચા માર્ગ ઉપરથી નીચેની ખીણમાંની એક ગુફામાં ગબડી પડી. દૈવયોગે તેને કોઈ ઈજા થઈ નહિ. આથી તે પોતાની જાતને ભાગ્યશાળી ગણતી હતી, પરંતુ થોડી જ વારમાં આ ગુફામાંથી બહાર નીકળવાની અશક્યતા તેને સમજાઈ. તેને લાગ્યું કે જો બહાર ન નીકળી શકાય, તો ભૂખે ને તરસે મારે મોતને ભેટવું પડશે.

આ ખીણમાંથી બહાર નીકળવાનો કોઈ માર્ગ ન હતો, સિવાય કે તેણી બાજુઓ ઉપરથી સીધું ચઢાણ કોઈ રીતે ચઢી શકે. તેણીએ બાજુઓ ઉપરથી ચઢવાની કોશિશ કરી, પરંતુ બાજુઓ એટલી સીધી ને લપસણી હતી કે તે પગ ટેકવીને ઉપર ચઢી શકી નહિ. તેણે બચાવ માટે આખો દિવસ પુષ્કળ બૂમો પાડી, અને રાત્રે પણ બૂમો પાડવાનું ચાલુ જ રાખ્યું. અને છેવટે બૂમોથી તેનો અવાજ પણ બેસી ગયો, અને પોતાનો અવાજ પોતે પણ સાંભળી ન શકે એવી પરિસ્થિતિ સર્જાઈ. બીજો દિવસ થયો અને તેને પુષ્કળ ભૂખ અને તરસ લાગી. સારા નસીબે એક ખડકમાંથી થોડું પાણી ટપકતું હતું, તે તેણે પીધું, અને તેની આસપાસ થોડી લીલ બાઝી હતી, જેનો તેણે ભૂખની આગ સંતોષવા ખોરાક તરીકે ઉપયોગ કર્યો. તેના પાકીટમાં પુષ્કળ પૈસા હતા અને રોટલીના એક ટુકડા માટે તે મોટી કિંમત પણ ચૂકવી શકત, પણ હાય, લાચાર!

મરણની રાહ જોતાં એક પછી એક દિવસો પસાર થતા ગયા, અને ૨૧મા દિવસે જંગલના એક કઠિયારાએ તેને ખીણમાં પડેલી જોઈ. તેના શરીર ઉપર ફક્ત હાડકાં ને ચામડું બાકી હતાં. પરંતુ તે હજુ જીવતી હતી.

મહામુશ્કેલીએ તેણીને ખીણમાંથી બહાર કાઢવામાં આવી, અને દવાખાનામાં તાત્કાલિક દાખલ કરવામાં આવી, અને લાંબા સમયે તે ફરીથી હરતીફરતી થઈ. આ ભયંકર યાતના તે જિંદગીમાં કદી પણ ભૂલી શકે તેમ નથી.

પાપીઓ તરીકે ઘણું ખરું આપણી આવી જ દશા હોય છે. કેવળ પ્રભુ ઈસુ જ આપણને પાપરૂપી ખીણમાંથી બહાર કાઢી લાવવાને શક્તિમાન છે. ભૂલાં પડેલાંઓને શોધવા અને તારવા તે આવ્યા છે. (માથ્થી ૧૮:૧૧). અને ઘણું મોડું થાય તે પહેલાં આપણે તેમને આપણા આત્માના માર્ગદર્શક તરીકે યાદ કરીને તેમનો સ્વીકાર કરીએ, અને નરકના વિનાશથી પોતાને બચાવીએ. આપણે પ્રભુ પાસે માગીએ કે, આ સત્ય સ્વીકારવા અને માર્ગમાંથી ભૂલા ન પડવા આપણી સહાયતા કરે. ★

## ૧૭
# ધર્મોપદેશકની ભૂલ!

ઘોડાની રેસમાં જૉય જૅકી નામનો એક યુવાન ભયંકર અકસ્માતનો ભોગ બન્યો. મહાપછડાટથી શરીર ઉપર અનેક ગંભીર ઈજાઓ થઈ. એક પગ પણ ભાંગી ગયો. લોકોને લાગ્યું કે તે મરણતોલ ઘાયલ થયો છે, અને હવે તે જીવી શકશે નહિ. અકસ્માત બાદ બેભાન અવસ્થામાં જ તેને તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. સદ્ભાગ્યે આ અકસ્માત પ્રાણઘાતક ન નીવડ્યો, પરંતુ લાંબા સમય સુધી તે અત્યંત પીડા અને દુઃખ ભોગવતો હૉસ્પિટલમાં રહ્યો. છ અઠવાડિયાં પછી પણ તેની સ્થિતિ સંતોષકારક ન હતી, અને કોઈવાર તેને ઓચિંતું પુષ્કળ દર્દ ઊપડતું હતું. ડૉક્ટરો જાણતા હતા કે તેની સારવાર લાંબી ચાલવાની છે, અને તેણે પુષ્કળ વેદના વેઠવાની છે. પરંતુ જૉયના હૃદયમાં ઘણીવાર એવી લાગણી થતી અને મનોમંથન ચાલતું હતું, કે હું સારો થઈશ કે કેમ? એને એ પણ ચિંતા હતી કે જો સારો ન થાઉં, તો મરણ પછી મારા આત્માનું શું થશે?

એક રાત્રે ૯ વાગે હૉસ્પિટલના ઉપદેશક આ વૉર્ડમાં દાખલ થયા અને તેઓ ઘણા ચિંતાતુર અને દુઃખી દેખાતા હતા. તેઓ જૉયના ખાટલા પાસે આવીને બેઠા, અને થોડી આમતેમ વાતો કર્યા પછી જે ભયંકર વાત તેમણે જૉયને કરવાની હતી તે કહેવા જીભ ઉપાડી. જે વાત તેમણે દુઃખી હૃદયે જૉયને કહી તે આ હતી કે, તેની સ્થિતિ ગંભીર હતી. ડૉક્ટરના જણાવ્યા પ્રમાણે આજે રાત્રે જ સદાને માટે તેની આંખો બંધ થશે. આ સંજોગોમાં તેની આત્મિક તૈયારી માટે તેઓ તેમને મળવા આવ્યા હતા. ઉપદેશક તેમની ફરજ બજાવીને ગયા અને રાત આગળ વધી. પરંતુ કેવી ભયંકર રાત અને કેવી યાતના જૉય જૅકી ભોગવી રહ્યો હતો! ઘડિયાળના દરેક ટકોરે તેને એમ લાગ્યું હતું કે, આ છેલ્લી વાર જ તે આ ટકોરા સાંભળી રહ્યો હતો. અને પછી કાયમને માટે આ પૃથ્વીમાંથી વિદાય લેવાની! ઊંઘ તો આવે જ ક્યાંથી? પરંતુ રાત્રીના આ શાંત સમયમાં, અને મરણની રાહ જોવામાં પોતાના ભૂતકાળના જીવન વિષે વિચાર કરવા લાગ્યો. તેનાં પાપ તેની આગળ ખડાં

થયાં. માતાની શિખામણો અને આત્મિક ઉપદેશને ન ગણકારીને પોતે સ્વચ્છંદે ચઢ્યો, અને પાપી મિત્રોની સંગતમાં જિંદગી ગુજારવા લાગ્યો. આ બધું તેને સ્પષ્ટ દેખાવા લાગ્યું. હવે આ બધાનો અંત આવતો હતો, અને જીવનનો પડદો પડતો હતો. રાત્રીના કલાકો ધીમે ધીમે પસાર થવા લાગ્યા, છતાં તેને નવાઈ લાગી કે તે હજુ હયાત હતો. પ્રભાત થયું અને સૂર્યનો પ્રકાશ બારીમાંથી વૉર્ડમાં ફેલાયો. જૉયે આમતેમ નજર ફેરવી અને અત્યાર સુધી જે તરફ તેનું લક્ષ ગયું ન હતું તે બાઈબલનું વાક્ય તેની આગળના પડદા ઉપર તેની નજરે પડ્યું, "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ." (માથ્થી ૧૧:૨૮). જૉયે આ વાક્ય વારંવાર વાંચ્યું. પાપના ભારથી લદાયેલાઓ માટેનું પ્રભુ ઈસુનું આમંત્રણ તેને ખરેખર બંધબેસતું હતું. તેણે પાપનો પસ્તાવો કર્યો અને માફી માગી. તેણે કહ્યું, "ઓ મારા તારનાર, મને લઈ લેતો નહિ. હું તારો સ્વીકાર કરું છું. મારા પાપી આત્મા પર દયા કર. કારણ કે, મુજ જેવા અધમ પાપીને તારવા માટે તેં અમૂલ્ય લોહી વહાવ્યું છે." આ પ્રાર્થના પૂરી થઈ અને જૉયના હૃદયનો ભાર હલકો થઈ ગયો. તેને અનંત શાંતિ મળી, અને તારનારમાં વિસામો મળ્યો. તેને લાગ્યું કે, હવે જો મરણ આવે તો પણ તે નરકમાં શિક્ષા ભોગવવા જશે નહિ, પરંતુ તારનારની સંગતમાં સ્વર્ગીય આનંદમાં પ્રવેશ પામશે.

નર્સ આવી, નાડી તપાસી અને બધું બરાબર છે, એવો રિપોર્ટ આપ્યો. નર્સે કહ્યું, "જૉય, હું માનું છું કે, આ પડદાની હવે તમને જરૂર પડશે નહિ; કારણ કે, તમને ઘણું સારું છે." જૉયે કહ્યું, "સીસ્ટર, મને શારીરિક રીતે સારું છે કે કેમ તે હું જાણતો નથી; પરંતુ મારો આત્મા તો હવે ઘણો શાંતિમાં છે." મોટા ડૉક્ટર વિઝિટે આવ્યા, અને ડૉક્ટરના કાનમાં કંઈ ધીમેથી કહ્યું. પરંતુ જૉયે ડૉક્ટરનો જવાબ તો સ્પષ્ટ સાંભળ્યો. "અરે, ના એ તો એક ગંભીર ભૂલ કહેવાય. મેં જે દર્દી માટે કહ્યું હતું, તે આમના માટે નહિ, પરંતુ ઉપલા વૉર્ડના દર્દી માટે હતું. તેની સ્થિતિ ગંભીર હતી, અને તે દર્દી તો રાત્રે ૩ વાગે અવસાન પામ્યો છે." ડૉક્ટર જૉયના ખાટલા પાસે આવ્યા, અને તપાસીને કહ્યું કે, "આજે હું તમને રજા આપી શકીશ." ઉપદેશકે મોટી

ગંભીર ભૂલ કરી હતી. અને મોતના મોંમાં પડેલા દર્દીને સમાચાર આપવાને બદલે આ જૉય જેકી જેની તબિયત સુધારા પર હતી, તેને આ માઠા સમાચાર આપ્યા. પાછળથી ઉપદેશકે જૉયની માફી માગી, અને જે બન્યું હતું તે માટે દિલગીરી વ્યક્ત કરી. પરંતુ જૉયે કહ્યું, "એ સંબંધી બિલકુલ વાત કરશો નહિ, કારણ કે, તમે જે ભયાનક સમાચાર મને આપ્યા તેથી તો મારા આત્માનું તારણ થયું છે." જૉયે આ બનાવ સંબંધી ઘોડાના માલિકને વાત કરી, અને તેની આ સાક્ષીથી ઘોડાના માલિકનું પણ બદલાણ થયું. આપણા તારનારનું આમંત્રણ હજી ઊભેલું જ છે. ચાલો, આપણે જેઓ પાપના ભારથી લદાયેલા છીએ, તેઓ તેની પાસે જઈએ અને વિસામો પામીએ. ★

## ૧૮
# ઊંઘતા ઝડપાયેલો સૈનિક

ઈસવી સન ૧૮૧૫ના જૂન માસની ૧૮મી તારીખની સાંજ છે, અને સ્થળ છે પ્રખ્યાત વૉટર્લુ લડાઈનું મેદાન. વરસાદ ધીમે ધીમે પણ એકધારો પડી રહ્યો છે, અને આસપાસનાં ખેતરોમાં ઊભા કરેલા અનાજના પૂળાઓના ઢગલા પલળીને બગડી ગયેલા જણાય છે. લડાઈ કટોકટીએ પહોંચેલી છે, અને ફ્રેન્ચોની સામે અત્યારે જર્મન અને બ્રિટિશ લશ્કરો અલગ અલગ દિશાએથી આગળ વધીને સાથે જોડાઈ જવાનો મોટો ખતરો છે. શહેનશાહ નેપોલિયને પોતાના લશ્કરના વડાને આ કટોકટીની જગ્યાએ ખાસ અને સતત ચોકીપહેરો ગોઠવવાનો હુકમ કર્યો છે, જેથી જર્મન અને બ્રિટિશ લશ્કરો ઉપર નજર રાખીને તેમને ભેગાં થતાં અટકાવી શકાય. ફ્રેન્ચ લશ્કરની જ અમુક ટુકડીઓ અત્યારે એક શહેરની દીવાલ ઉપર આવેલાં મકાઈનાં ખેતરોમાં ચોકી કરી રહી છે. એક ચાવીરૂપ ગણાતી અગત્યની જગ્યાએ યુવાન કોર્પોરલને ચોકી સોંપવામાં આવી છે. વરસાદ ચાલુ છે અને આ સૈનિક પોતાની ફરજ બજાવી રહ્યો છે. દૂર દૂર તે બ્રિટિશ છાવણીમાંથી નીકળતો ઓછો પ્રકાશ જોઈ શકે છે અને જર્મન લશ્કરની દિશામાં કંઈ જણાતું નથી. આગળ પાછળ આંટા મારીને તેને થાક વર્તાવા લાગ્યો અને વરસાદ તથા ઠંડીને કારણે શરીરના અવયવો અકડાઈ જતા હોય તેવું તેને લાગવા માંડ્યું. અનાજના પૂળાઓના ઢગલા નીચે થોડી જગ્યા સૂકી જણાતી હતી અને આથી તેને એવું પરીક્ષણ થતું હતું કે એકાદ સૂકો પૂળો લઈને તે ઉપર પડી રહે તો ઘણી રાહત મળે. તેને એમ પણ લાગતું હતું કે આવી કકડતી ઠંડીવાળી રાત્રીએ દુશ્મન પણ આગળ વધવાનો નથી. જો વીસેક મિનિટ આરામ લઈ લે, તો કોઈને ખબર પડવાની નથી, કારણ કે, તેના લશ્કરના કોઈ અમલદારો પણ આવી રાત્રીએ તપાસમાં નીકળવાના નથી. તેણે બંને દિશામાં આમતેમ જોયું અને છેવટે પરીક્ષણે તેના ઉપર વિજય મેળવ્યો. તેણે એક સૂકો પૂળો લીધો અને પોતાનો ઓવરકોટ વાળીને તકિયાને સ્થાને મૂક્યો. લશ્કરી ટોપ ઉતારી નીચે મૂક્યો અને તેની પાસે બૅયોનેટવાળી બંદૂક મૂકીને તે થોડીવાર આરામ લેવા પડ્યો. થાકેલો હોવાથી અને વરસાદની અસર ત્યાં ન પહોંચવાને કારણે થોડી જ વારમાં તે ઘસઘસાટ ઊંઘમાં પડ્યો.

નેપોલિયને પોતાના અમલદારોને આ રાત્રી માટે સતત ચોકી કરવાના હુકમો આપેલા હતા જ, આમ છતાં તે કોઈ સાહસ ખેડવા માગતો ન હતો. તેણે પોતાના અંગરક્ષકને પોતાનો ઘોડો લાવવા કહ્યું, અને પોતાનો લાંબો કોટ પહેરીને બંને જણ જુદી જુદી ચોકીઓની ઓચિંતી તપાસ માટે નીકળ્યા. બધી ચોકીઓ સાબદી હતી, અને ચિંતા જવું ન હતું. આમ ફરતાં ફરતાં તેઓ એક ખેતરમાં બેસાડેલી ચોકીએ પહોંચ્યા. વરસાદ હવે અટક્યો હતો, અને ચંદ્ર પ્રકાશતો હતો. નેપોલિયને નક્કી કરેલ જગ્યાએ ચોકીદારને જોવા આંખો ખેંચી, પણ કોઈ દેખાયું નહિ. આથી પોતાનો ઘોડો અંગરક્ષકને સોંપી તે તપાસ માટે આગળ વધ્યો. ખેતરની વચ્ચે ચંદ્રના પ્રકાશમાં તેને કંઈ ચમકતું દેખાયું. પાસે જતાં જણાયું કે તે તો એક લશ્કરી ટોપ તથા બંદૂક છે. પાસેના પૂળાની ઢગલાની ઓથમાં સૈનિક ભરઊંઘમાં હતો. નેપોલિયને ચૂપચાપ બંદૂક ઉઠાવી લીધી, અને ચોકીની જગ્યાએ પોતે ઊભો રહીને ચોકી કરવા લાગ્યો; સાથે સાથે સૂતેલા સૈનિક ઉપર પણ નજર રાખતો ગયો. થોડીવારે ચંદ્ર વાદળામાંથી બહાર નીકળી પૂરેપૂરો પ્રકાશવા લાગ્યો. સૈનિક હવે થોડો હાલ્યો અને આંખો મસળીને બેઠો થયો. તેને પોતાનો ટોપ અને બંદૂક મૂકેલી જગ્યાએ જણાયાં નહિ, અને તે ઢીંચણે પડીને હાથ-પગે ચાલીને તપાસ કરવા આગળ વધ્યો. અને તેણે શું જોયું? પોતાના શહેનશાહની સ્થિર આંખો તેના તરફ તાકી રહેલી જણાઈ. તે ગભરાઈ ગયો, તેનું ગળુ સૂકાઈ ગયું અને થોથરાતા અવાજે બોલ્યો, "નેકનામદાર શહેનશાહ, આપ?" તે કૂદીને ઊભો થયો અને શહેનશાહને ધ્રૂજતાં ધ્રૂજતાં સલામી આપી. પછી તરત તે ઘૂંટણીએ પડ્યો અને મહામુશ્કેલીએ બોલ્યો, "નામદાર, મારી બંદૂક લો, અને આપના હાથે જ મને ઠાર કરો." નેપોલિયને જવાબ આપ્યો, "કોર્પોરલ, તમારી શિક્ષા કાલે સવારે તમે જાણશો, પરંતુ અત્યારે એટલું જાણી લો કે, તમારી ચોકી-પહેરાની ફરજ મેં બજાવી છે, અને તમારી જિંદગી બચાવી લેવામાં આવે છે. હવે તમારી ફરજ શરૂ કરો." પોતાના આવા શહેનશાહ માટે પેલો સૈનિક શું ન કરે?

વહાલા મિત્રો, કટોકટીની ઘડીએ ઊંઘતા ઝડપાયેલા સૈનિકની વાત જ્યારે વાંચીએ છીએ, ત્યારે શું આપણને યાદ છે કે ઈશ્વરે આપણને પણ શેતાનના હુમલા સામે આપણા આત્માનું રક્ષણ કરવાની સતત ચોકી સોંપેલી

છે? આ પૃથ્વી ઉપર ફક્ત એશઆરામ અને આનંદપ્રમોદ માટે જ આપણને તેડવામાં આવ્યા નથી. આપણા પ્રભુ ઈસુ એક દિવસ ઓચિંતા આવવાના છે, અને ત્યારે તેઓ શું જોશે? શું આપણને ઊંઘતા ઝડપશે કે આપણને સોંપેલી ફરજ ઉપર સતત ચોકી-પહેરો ભરતા જોશે? એ મહાન દિવસે જ્યારે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુ પોતાના પસંદ કરેલાઓને તેડવા આવશે, ત્યારે આપણે પણ તેમાં સામેલ હોઈએ તો કેવું સારું! એ આશીર્વાદિત સેવામાં સામેલ થવા આજે જ તેમને તારનાર તરીકે સ્વીકારીએ, જેથી તેઓ જ્યારે ન્યાયાધીશ તરીકે આવે ત્યારે તેમની આગળ શરમાવું ન પડે! ★

## ૧૯
## 'ઓ, આદમ!'

એક સદ્‌ગૃહસ્થ રસ્તા પરથી પોતાનું વાહન હંકારીને જઈ રહ્યા હતા ત્યારે રસ્તાની બાજુનાં ખેતરોમાં તેમણે એક માણસને ખોદકામ કરતો જોયો. આ માણસ થોડું ખોદકામ કરીને પોતાના પાવડા ઉપર પગ મૂકીને આરામ કરતો હતો, અને નિસાસા નાખીને મુખમાંથી 'ઓ, આદમ!' 'ઓ, આદમ!' એવા શબ્દો દુઃખથી ઉચ્ચારતો હતો. પેલા સદ્‌ગૃહસ્થે આ સાંભળ્યું. આથી તેઓ ત્યાં થોભ્યા, અને તેને નિસાસા નાખવાનું અને 'ઓ, આદમ!' શબ્દો ઉચ્ચારવાનું કારણ પૂછ્યું. આ માણસે જવાબ આપ્યો, "સાહેબ, આ શબ્દોમાં ઘણો અર્થ સમાયેલો છે. જો આપણા પૂર્વજ પેલા મૂર્ખ માળી આદમે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન ન કર્યું હોત, તો આજે મારે આ મજૂરી મારફતે પરસેવો પાડવાનો સમય ન આવ્યો હોત." આ સદ્‌ગૃહસ્થે કહ્યું, "મને એમ લાગે છે કે, તમે તમારા મનમાં એવું વિચારો છો કે, જો તમે આદમની જગ્યાએ હોત, તો ખોટી જિજ્ઞાસા ધરાવીને ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન ન કર્યું હોત, અને આમ કરીને પાછળની પ્રજાને માટે દુઃખ, ચિંતા, મુશ્કેલી, મરણ અને છેવટે સ્વર્ગસુખમાંથી હકાલપટ્ટીનું કારણ ન બન્યા હોત." માણસે જવાબ આપ્યો, "હા જી, આપની વાત સત્ય છે; મેં આદમના જેવી ભૂલ ન જ કરી હોત."

સદ્‌ગૃહસ્થે કહ્યું, "ભલાભાઈ, જો તમે મારે ઘેર આવશો તો હું તમને શક્ય તેટલી સહાય કરીશ, અને તમારું દુઃખ ટાળવા પ્રયત્ન કરીશ." પોતાના ઘરનો પત્તો આપીને તે આગળ હંકારી ગયા. પેલા માણસે ખોદવાનું ચાલુ રાખ્યું અને બીજા દિવસે તે પેલા ગૃહસ્થને ઘેર પહોંચી ગયો. ત્યાં તેને યોગ્ય સત્કાર મળ્યો, અને પેલા ગૃહસ્થ પાસે લઈ જવામાં આવ્યો. તેને જોઈને તેમણે કહ્યું, "ભલાભાઈ, તમારા માટે હું શું કરી શકું તેના વિચારમાં જ હું હતો અને છેવટે મેં આ પ્રમાણે કરવાનું નક્કી કર્યું છે : તમારે આ સુંદર ઓરડીમાં આરામથી રહેવાનું છે. કોઈ કામ કરવાનું નથી. યોગ્ય સમયે તમને સવાર, બપોર, સાંજના ઉત્તમ ભોજન પીરસવામાં આવશે. જેટલું

જોઈએ તેટલું ખાજો, આરામ કરજો અને ઈચ્છા થાય ત્યારે નીચે બાગમાં જઈને આંટા મારજો, બેસજો, સૂઈ જજો, અને કોઈની તમને કનડગત નહિ હોય; આ બધું હોવા છતાં તમને એક બાબતની મના કરું છું : આ ઓરડાના ખૂણામાં પડેલ ટેબલ ઉપર જે ઊંધું વાળીને વાસણ મૂક્યું છે તેને અડકશો નહિ. આ પ્રકારની ભૂલ ન કરી બેસો માટે ખૂબ જ ચોકસાઈ રાખજો."

આ ભાઈને તો જાણે મજા પડી ગઈ. હવે તો તેને કંઈ જ કામ કરવાનું ન હતું. તેને ભરપૂર ભોજન પૂરું પાડવામાં આવતું હતું. આખો દિવસ ખાવાપીવામાં, આરામ કરવામાં અને બાગમાં ફરવામાં પસાર થતો હતો. એકાદ અઠવાડિયું આ પ્રમાણે પસાર થયા બાદ, તેને હવે આ પ્રકારના એકલવાયા જીવનથી કંટાળો આવવા લાગ્યો. રોજ ઊઠીને ખાવા, પીવા, ફરવા અને સૂવા સિવાય બીજું કંઈ જ કરવાનું ન હતું. તેને હવે એમ પણ લાગવા માંડ્યું કે થોડુંઘણું ખોદકામ કરવાનું હોય તો ઠીક, જેથી સમય પસાર થાય. એક દિવસે તે ઘણો જ કંટાળ્યો અને માનસિક શાંતિ ગુમાવીને ઓરડીમાં આમતેમ આંટા મારવા લાગ્યો. આમ કરતાં પેલા મના કરેલા વાસણ ઉપર તેની નજર ગઈ, અને તે પાસે ગયો. તેને ઘણી જિજ્ઞાસા થઈ કે, શા માટે આ વાસણ ઊંચકવાની તેને મના કરવામાં આવી હશે! તેણે એમ વિચાર્યું કે એકાદ ક્ષણ માટે તેને ઊંચકીને જોઈ લેશે અને પાછું મૂકી દેશે, તો પેલા ઘરધણીને તેની કંઈ જ ખબર પડવાની નથી. તેની જિજ્ઞાસા ઘણી જ વધી ગઈ અને આથી તેણે તે વાસણ ઊંચક્યું. વાસણ ઊંચક્યું કે તરત જ એક ઉંદર આ વાસણની નીચેથી બહાર દોડી ગયો. વાસણ તો તેણે ગભરાઈને તરત પાછું મૂકી દીધું, પરંતુ પેલો નાસી ગયેલો ઉંદર તે પાછો મૂકી શક્યો નહિ.

બીજી વાર જયારે પેલા ગૃહસ્થ તેને મળવા આવ્યા, ત્યારે તેમણે જોયું કે, વાસણ તેની જગ્યાએથી થોડું ખસી ગયેલું હતું, અને પેલો માણસ પણ થોડો ગભરાયેલો જણાતો હતો. તેણે તેને પૂછ્યું, "શું તમે પેલા વાસણને અડક્યા હતા કે ઊંચક્યું હતું?" આ માણસને કબૂલ કરવા સિવાય છૂટકો જ ન હતો. આથી તેણે કહ્યું, "હા જી, મેં તે ઊંચક્યું હતું." ગૃહસ્થે કહ્યું, "બસ, થઈ રહ્યું. મારે એ જ જાણવું હતું. તમે મારા હુકમનું પાલન કર્યું નથી, અને તમારી જિજ્ઞાસાવૃત્તિને કારણે આજ્ઞા તોડી છે. તમે પાછા તમારી અસલ

જગ્યાએ ખોદવા જાઓ, અને જીવનમાં કદી 'ઓ, આદમ!' એવું નિરાશાજનક ઉચ્ચારણ કરશો નહીં. આદમની માફક તમને પણ એક બાબતની મના કરવામાં આવી હતી, પરંતુ કસોટીમાં તમે નિષ્ફળ નીવડ્યા છો. આ આજ્ઞાભંગરૂપી પાપને કારણે તમારે પણ આ સુખ હવે છોડવાનું છે."

વાચક મિત્રો, આપણે પણ આ જ રીતે વર્તીએ છીએ. ખોટો બડબડાટ અને કચકચાટ કરીએ છીએ, અને પ્રલોભનમાં પડીને પાપ કરીએ છીએ. આપણે જો ઈશ્વરની આજ્ઞાને આાધીન થઈને તેના હુકમનું પાલન કરીશું, તો ઈશ્વરે આપણા માટે સ્વર્ગનું જે સુખ અનામત રાખ્યું છે તે જરૂર પ્રાપ્ત કરી શકીશું. ★

## ૨૦
## અજોડ પ્રેમ!

ગ્રીસ દેશના ઈતિહાસમાં વણાયેલી આ એક સુંદર અને પ્રખ્યાત વાર્તા છે, અને તેનું આત્મિક લાગુકરણ આપણા ખ્રિસ્ત ઉપરના વિશ્વાસને વધુ દ્રઢ બનાવશે એવા વિશ્વાસથી આ વાર્તા અજાણ વાચકો માટે અહીં રજૂ કરું છું.

મિત્રો વચ્ચેનો પ્રેમ દર્શાવતી ઘણી વાર્તાઓ આપણે વાંચીએ છીએ અને સાંભળીએ છીએ. બાઈબલ પણ કહે છે કે, "પોતાના મિત્રોને સારુ જીવ આપવો, તે કરતાં મોટો પ્રેમ કોઈનો નથી." (યોહાન ૧૫:૧૩). ખરી મિત્રતા જીવનના તમામ પ્રસંગોમાં - પછી સુખ હોય કે દુઃખ હોય, જીવન હોય કે મરણ હોય; પરંતુ અચળ રહે છે, આવી જ આદર્શ અને અતૂટ મિત્રતા બે ગ્રીક મિત્રો દેમન અને પાઈથીઆસ વચ્ચે હતી.

કોઈ કારણસર સિરાક્યુઝના રાજા ડાઈનોસિયસનો ગુસ્સો પાઈથીઆસ ઉપર સળગી ઊઠ્યો, અને તે ઘરથી દૂર હતો છતાં તેની સ્ત્રી અને કુટુંબને બંદીવાન બનાવવામાં આવ્યાં. તેને રાજ્યદ્રોહના આરોપસર મોતની સજા ફરમાવવામાં આવી. પાઈથીઆસે ઘણી આજીજી કરી કે, તેને તેનાં કુટુંબીજનોને છેલ્લી વાર મળી લેવા, અને તેનો કારોબાર વ્યવસ્થિત કરવા માટે તેને ઘેર જવાની રજા આપવામાં આવે. રાજા પ્રથમ તો ઘણો મક્કમ હતો, પરંતુ એ શરતે તેણે છૂટ આપી કે, તેના બદલે તે એક બીજી વ્યક્તિને કેદમાં અવેજીમાં મૂકીને જાય. અને જો તે નક્કી કરેલા સમયમાં પાછો ન ફરે, તો તે અવેજીને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવે. પાઈથીઆસ ઘણો ચિંતાતુર બન્યો અને નાસીપાસ થયો. પરંતુ સિરાક્યુઝનો એક વતની અને તેનો દેમન નામનો મિત્ર અવેજી તરીકે રહેવા આગળ આવ્યો. બંને મિત્રો ભેટીને ઘણા લાગણીવશ હૈયે છૂટા પડ્યા. પાઈથીઆસ મારતે ઘોડે માથા ઉપરની લટકતી તલવાર લઈને ઘર તરફ ચાલી નીકળ્યો.

દિવસો ઝડપથી પસાર થવા લાગ્યા અને મોતની સજાનો મુકરર કરેલ દિવસ પાસે આવ્યો. જાહેરમાં વધ કરવાની બધી તૈયારીઓ થવા લાગી. મિત્ર પાછો દેખાતો નથી અને પોતાને ઠગીને પોતાનો જીવ બચાવવા નાસી ગયો છે એવું વિચારવાને બદલે, દેમનને એમ થવા લાગ્યું કે કોઈ અણધાર્યા

કારણસર પોતાનો મિત્ર પાછો જલદી ફરી શક્યો નથી, અને તેને બદલે જો પોતાને મોતની સજા થાય, તો કેવું સારું! છેવટે વધનો દિવસ આવી પહોંચ્યો, અને બીજા સહાનુભૂતિ દર્શાવતા અને ચોધાર આંસુએ રડતા કેદીઓ વચ્ચેથી દેમનને વધસ્થાને પાઈથીઆસને બદલે મોતની સજા ભોગવવા લઈ જવામાં આવ્યો.

રાજા અને દરબારીઓ હાજર છે. જલ્લાદ પણ તૈયાર ઊભો છે. આતુર લોકોનાં ટોળાં સ્તબ્ધ બનીને જોઈ રહ્યાં છે. દેમનને સુવાડીને તેનું માથું વધના માંચડા ઉપર ગોઠવવામાં આવે છે, અને જલ્લાદ તલવાર તાણીને વધ કરવા આગળ વધે છે, એટલામાં લોકોમાં થોડો કોલાહલ થાય છે, અને લોકો ઝડપથી બાજુએ ખસી જાય છે. જલ્લાદ થોડીવાર રોકાઈ ગયો, અને જોયું તો ઝડપી અને લાંબી મુસાફરીથી થાકેલો, ભૂખ્યો અને લોહીલુહાણ હાલતમાં પાઈથીઆસ વધસ્થાને આવીને પડે છે. પોતાને શા માટે મોડું થયું તે રાજાને સમજાવે છે. નદીના પૂરમાં તેનો ઘોડો તણાઈ ગયો અને પોતે પગપાળો ઝડપી મુસાફરી કરતાં કરતાં ભૂખ્યો, તરસ્યો અને ઘણી મુશ્કેલી વેઠીને સમયસર આવી પહોંચ્યો છે.

બે મિત્રો વચ્ચે હવે વાદવિવાદ થાય છે કે, કોણે મોતની શિક્ષા ભોગવવી? પાઈથીઆસ કહે છે કે, "રાજાએ તેને શિક્ષા કરી છે, અને તે શિક્ષા તેણે પોતે જ ભોગવવાની છે." દેમન કહે છે કે, "તેનો મિત્ર ઘણો મોડો થયો છે, અને આથી તેણે પોતે જ શિક્ષા ભોગવવાની રહે છે." આ વાદવિવાદ લાંબો ચાલ્યો હોત, પરંતુ ડાયનોસિયસ રાજા જે ક્રૂર લેખાતો હતો તે પણ આવી અજોડ મિત્રતા જોઈને અંજાઈ ગયો અને કહ્યું કે, "જે માણસ વચનનું પાલન કરે, અને પ્રેમ બતાવે, તે રાજદ્રોહી હોઈ શકે જ નહિ." તેણે બન્ને મિત્રોને માફી બક્ષી, અને પોતાને પણ તેઓનો મિત્ર ગણવાનું કહ્યું.

મિત્રો, આ વાર્તા મનુષ્યનો પ્રેમ કેટલી ટોચે જઈ શકે છે તે દર્શાવે છે, પરંતુ તે કરતાં પણ ઉચ્ચ પ્રેમ આપણે અનુભવ્યો છે. આપણે રાજાઓના રાજા અને પ્રભુઓના પ્રભુના ગુનેગાર માલૂમ પડ્યા છીએ. આ રાજા તો દુષ્ટ નથી, ક્રૂર નથી; એ તો માયાળુ અને કૃપાળુ રાજા છે. પરંતુ આપણે તેનો દ્રોહ કર્યો છે, અને તેના તરફ પ્રેમ અને વફાદારીથી વર્ત્યા નથી; આમ છતાં

આપણા બચાવને અર્થે તેણે પોતાના એકના એક પુત્રનું દાન આપણે માટે કર્યું, પરંતુ આપણે તારનારનો સ્વીકાર કર્યો નથી. આપણે મોતની સજાને લાયક હતાં, અને તેમણે આપણા બદલે મોતની સજા માથે લીધી, એટલું જ નહિ, પરંતુ તે સજા તેમણે પોતે ભોગવી. બાઈબલ કહે છે કે, "હવે ન્યાયી માણસને સારુ ભાગ્યે જ કોઈ મરે; સારા માણસને સારુ તો કોઈ એક કદાચ મરવાને પણ છાતી ચલાવે. પણ આપણે જ્યારે પાપી હતા ત્યારે ખ્રિસ્ત આપણે સારું મરણ પામ્યો; એમ કરવામાં દેવ આપણા પર પોતાનો પ્રેમ પ્રગટ કરે છે." (રૂમી ૫:૭-૮).

આપણે એ અજોડ મિત્રનો આપણા જીવનમાં સ્વીકાર કરીએ, અને આખું વર્ષ, તેમ જ આખા આયુષ્યભર તેમને જ વળગી રહીએ. આ વર્ષનું આપણું શ્રેષ્ઠ ગીત આ હોય કે, -

**"ઈસુ જેવો મિત્ર કોણ છે?..."★**

# ૨૧
# પ્રેમપરીક્ષા

"દેવ પ્રેમ છે" (૧ યોહાન ૪:૮, ૧૬). અને તે ઇચ્છે છે કે આપણે પણ તેના ઉપર પ્રેમ રાખીએ. પ્રભુ ઈસુએ આજ્ઞા આપી છે કે, "પ્રભુ તારા દેવ પર તું તારા પૂરા હ્રદયથી, ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા મનથી પ્રીતિ કર." (પુનર્નિયમ ૬:૫, ૧૦:૧૨, ૩૦:૬, માથ્થી ૨૨:૩૭, લૂક ૧૦:૨૭). વધુમાં કહે છે કે, "જેવી પોતા પર તેવી પોતાના પાડોશી પર તું પ્રીતિ કર." (લેવીય ૧૯:૧૮, માથ્થી ૨૨:૩૯, માર્ક ૧૨:૩૧, લૂક ૧૦:૨૭, રૂમી ૧૩:૯, ગલાતી ૫:૧૪, યાકૂબ ૨:૮).

જો આપણે દેવ ઉપર પ્રેમ કરતા હોઈએ, તો પ્રેમની કસોટીમાંથી પાર ઊતરવું જોઈએ, અને આ કસોટી તો આજ્ઞાધીનતામાં રહેલી છે. જે વ્યક્તિ ઉપર આપણે પ્રેમ કરતા હોઈએ, તેને હંમેશાં જોવા માગીએ, તેની સાથે વાત કરતાં આનંદ અનુભવીએ, તેનાં નિત્ય ગુણગાન ગાઈએ, અને તેની સંગતમાં સતત રહેવા ઇચ્છીએ. જો સામી વ્યક્તિ માટે પ્રેમ ન હોય; તો આ બધી બાબતો શક્ય બનતી નથી. ઈશ્વર સાથેના પ્રેમ માટે પણ આ જ કસોટી છે.

એક નાની બાળાએ એક દિવસ તેની માતાને પ્રશ્ન કર્યો કે, "મા, તમે પ્રભુ ઈસુ ઉપર પ્રેમ કરો છો?" મા કહે છે, "હા, બેટા, હું પ્રભુ ઈસુ પર પ્રેમ રાખું છું, પરંતુ તું શા માટે આ પ્રશ્ન પૂછે છે?" બાળાએ કહ્યું, "મા, તમે બાપાની, ભાઈની, બહેનની, કાકા-કાકી વગેરેની ઘણી વાતો કરો, પરંતુ તમારા મુખે પ્રભુ ઈસુનું નામ હું કદી સાંભળતી નથી. મને લાગ્યું કે, જો તમે પ્રભુ ઈસુ ઉપર પ્રેમ કરતાં હો, તો તેમના વિષે પણ જરૂર વાત કરો જ." પોતાની દીકરીના આ શબ્દો એ માતાના હ્રદયમાં પ્રકાશ કર્યો, અને તેણે ઠરાવ કર્યો કે, તે હંમેશાં પ્રભુ ઈસુ ઉપરનો તેનો પ્રેમ તેની જીભથી કાયમ પ્રગટ કરતી જ રહેશે. પ્રભુ ઈસુ પરના સાચા પ્રેમનો પુરાવો નીચેની સત્ય હકીકતમાંથી મળી રહે છે.

ઉત્તર કોરિયા જયારે સામ્યવાદીઓના હાથમાં પડ્યું ત્યારે ત્યાં વસતા ખ્રિસ્તીઓની અનેક રીતે સતાવણી કરવામાં આવી હતી. એક નાના ગામનો

જ્યારે સામ્યવાદી લશ્કરે કબજો લીધો, ત્યારે તેમાં વસતા ખ્રિસ્તીઓને તેઓના દેવળમાં એકદમ ભેગા થવાનો હુકમ કરવામાં આવ્યો. આ એક નાનું સાદું પ્રભુમંદિર હતું, અને દેવળમાં ભીંત ઉપર પ્રભુ ઈસુનું ચિત્ર મઢાવીને ટાંગેલું હતું. સામ્યવાદી સૈનિકો દેવળમાં દાખલ થયા અને ભીંત ઉપર લટકાવેલા પ્રભુ ઈસુના ફોટાને ભોંય ઉપર નાખીને કહ્યું કે, "જેઓને પોતાનો જીવ વહાલો હાય, અને મરવા માગતા ન હોય, તેનો આગળ આવે, અને આ ફોટા ઉપર થૂંકીને બહાર નીકળી જાય. આમ કરનાર દરેકને છોડી મૂકવામાં આવશે." થોડીવાર પછી એક પછી એક એમ ચાર વ્યક્તિઓ આગળ આવી, અને ફોટા ઉપર થૂંકીને બહાર નીકળી ગઈ. તેઓને છોડી મૂકવામાં આવ્યાં. પછી એક જુવાન છોકરી આગળ આવી; અને સૈનિકોને લાગ્યું કે, તે પણ ફોટા ઉપર થૂંકીને બચી જવા ચાહે છે. છોકરી ફોટા આગળ ગઈ, વાંકી વળી, અને ફોટા ઉપર પડેલું થૂંક પોતાના હાથ અને વસ્ત્રથી સાફ કર્યું. ફોટાને ઘણા જ વહાલથી છાતીસરસો ચાંપ્યો અને પછી ફોટામાંના પ્રભુ ઈસુને ચુંબન કરતાં બોલી, "મારા ઈસુ, હું તમારા ઉપર પ્રેમ કરું છું." છોકરીને ત્યારબાદ ધક્કો મારીને બહાર ફેંકી દેવામાં આવી, અને તેના હૃદયની આરપાર સૈનિકોની બંદૂકોમાંની ગોળીઓ આરપાર નીકળી ગઈ.

આ તો પ્રભુ ઈસુ ઉપરના સાચા અને અપૂર્વ પ્રેમનું દર્શન હતું. સાચો પ્રેમ બલિદાન માગે છે. જો પ્રભુ ઈસુ પર પ્રેમ કરીએ છીએ, તો તમામ મનુષ્યો ઉપર પ્રેમ દાખવવો જ જોઈએ. કારણ કે, બાઇબલમાં દેવનું વચન છે કે, "આ... બહુ નાનાઓમાંથી એકને તમે તે કર્યું એટલે તે મને કર્યું." (માથ્થી ૨૫:૪૦).

જે પ્રભુએ આપણા જેવા પાપીઓ ઉપર અવર્ણનીય પ્રેમ દર્શાવીને વધસ્તંભ ઉપર પોતાનું બલિદાન આપ્યું, તેને તેના પ્રેમનો શો બદલો આપશો? ★

## ૨૨
## "મને કોણે બચાવી?"

એક અત્યંત ગરીબ સ્ત્રી હતી. આ દુનિયામાં તેનો કોઈ આધાર ન હતો. જીવનનિર્વાહ માટે આમતેમ ફરીને લોકોનાં મેલાં વસ્ત્રો ઉઘરાવી લાવતી. ગામની પાસેથી વહી જતી નદીએ જઈ વસ્ત્રો ધોઈ તેના બદલામાં જે કંઈ મળતું તેમાંથી પોતાનું પેટ ભરતી. એક વાર આ નદીમાં ભયંકર પૂર આવ્યું. પાણીનો ધસમસતો પ્રવાહ નદીમાં જોરથી વહી રહ્યો હતો. આ બાઈ કિનારે કપડાં ધોતી હતી ત્યારે અચાનક તે પાણીમાં લપસી પડી, અને ડૂબકીઓ ખાતી તણાવા લાગી. તેના સંજોગો ચિંતા અને દયાજનક હતા. જેઓ ત્યાં હાજર હતાં તે પૈકી કોઈ પણ આ પ્રચંડ પૂરમાં તણાતી સ્ત્રીને બચાવે તેવું ન હતું. લોકોએ ભયંકર ચીસાચીસ કરી મૂકી. દૈવયોગે એક યુવાન ત્યાં આવી ચઢ્યો. તે કુશળ તરવૈયો હતો. પૂરમાં તણાતી સ્ત્રીને જોઈને જોખમ હોવા છતાં તે તરત પાણીમાં કૂદી પડ્યો. ડૂબતી સ્ત્રી પાસે પહોંચી જવા તે ઝડપથી તરવા લાગ્યો. તેને માટે આ એક મોટું સાહસ હતું. આમ છતાં તે હિંમતથી તરતો રહ્યો. ઈશ્વરે તેને પેલી સ્ત્રી પાસે પહોંચી જવા સહાય કરી. અથાગ પરિશ્રમે બાઈને તે કિનારે ખેંચી લાવ્યો.

બાઈ પુષ્કળ પાણી પીને બેહોશ બની ગઈ હતી. લોકોએ તાત્કાલિક ઉપચાર શરૂ કર્યો. તેને ઊંધી સુવડાવી પેટમાંથી પાણી કાઢી નાખ્યું. તેને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા મંડ્યા. આ બાઈ ધીમે ધીમે ભાનમાં આવવા લાગી. સારવાર આપી રહેલાંઓને આનંદ થયો. આ બાઈ જેવી ભાનમાં આવી કે તરત જ બોલી ઊઠી, "મને કોણે બચાવી?" ફરીથી બોલી, "મારા બચાવનારને મારે જોવો છે : મહેરબાની કરીને મારો જીવ બચાવનારને મારી પાસે લાવો કે હું તેને જોઈ શકું!"

કેવા અદ્ભુત શબ્દો અને કેવી ઉમદા લાગણી! ભાન આવતાંની સાથે જ જે વિચારો અને લાગણીઓએ તેનો કબજો લીધો તે કેવું અજાયબ હતું! પોતાનો જીવ જોખમમાં મૂકી પોતાને બચાવનારને તે પ્રથમ જોવા ચાહતી હતી.

મોટું ટોળું જમા થઈ ગયું હતું, તેમાંથી પેલો યુવાન આગળ આવ્યો

અને તેને મળ્યો. બાઈએ હર્ષ અને આભારનાં આંસુઓ સહિત કહ્યું, "વહાલા સાહેબ, આપે મને જીવતદાન આપ્યું, માટે આપનો પૂરા હૃદયથી આભાર માનું છું. આપની આ અતિ મૂલ્યવાન સેવાની કદરરૂપે આપને આપવા જેવું મારી પાસે કંઈ જ નથી, સિવાય કે આ ટબ, જેમાં હું લૂગડાં ધોઉં છું. જો આપ સ્વીકારો તો આ ટબ આપને ભેટ આપવા ચાહું છું. રાજીખુશીથી તેનો સ્વીકાર કરો." યુવાન આ શબ્દોથી લાગણીવશ - આભારવશ બન્યો. તે કાંઈ જ બોલી શક્યો નહિ. પોતાના માથેથી હેટ ઉતારી અને ભેગાં થયેલાં લોકો આગળ ધરી. લોકોના મન ઉપર પણ આ બનાવ અને શબ્દોની ઊંડી અસર થઈ હતી. લોકો રાજીખુશીથી હેટમાં પૈસા નાખવા લાગ્યા. થોડી જ વારમાં હેટ પૈસાથી ભરાઈ ગઈ. ભરેલી હેટ લઈ યુવાને બાઈના ખોળામાં ઠાલવી દીધી. બાઈ આભારની લાગણીથી સ્તબ્ધ બની ગઈ. હવે તે અગાઉ કરતાં પૈસાદાર હતી.

વહાલા મિત્રો, આ બાઈની માફક આપણે પણ પાપના પ્રવાહમાં ખેંચાતાં અને ડૂબતાં જતાં હતાં, પાપના પ્રચંડ પૂરમાંથી આપણને બચાવી નિર્ભય સ્થાને લાવવા તારનારે સ્વર્ગનું સુખ તજી દીધું. તે પૃથ્વી પર આવ્યા, પોતાના જીવનું બલિદાન આપીને આપણો બચાવ કર્યો. પેલા યુવાને જેમ બાઈનો બચાવ કરી તેને દોલત પણ પમાડી, તે જ પ્રમાણે આપણા તારનારે આપણો બચાવ કરી, અનંતજીવનનો મહામૂલો વારસો પમાડ્યો છે. ૨ કોરિંથી ૮:૯માં વાંચીએ છીએ કે, "તે ધનવાન છતાં તમારે લીધે દરિદ્રી થયો, એ માટે કે તમે તેની દરિદ્રતાથી ધનવાન થાઓ." ખરેખર, ઈસુ દ્વારા આપણે આત્મિક રીતે ધનવાન છીએ.

જેઓ તેમને ઓળખે છે, તેમના પર વિશ્વાસ કરે છે, અને તારનાર તરીકે સ્વીકારે છે, તેઓને તેમણે સ્વર્ગીય સ્થાનોમાં દરેક આત્મિક આશીર્વાદથી તેમનામાં આશીર્વાદિત કર્યા છે. હાલેલુયાહ! પ્રભુ ઈસુનો જય! તેમના પવિત્ર નામની સ્તુતિ હો !

વહાલાંઓ, ચાલો, આપણે પણ આપણા તારનારની તારકશક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને તેમને સોંપાઈ જઈએ, અને પૂરા હૃદયથી કહીએ કે, "જેમણે મારો બચાવ કર્યો છે તેમને જોવા હું ચાહું છું."★

# ૨૩
# મુક્ત ગુલામો

ગુલામોની પ્રથા એ ગોરી પ્રજાએ દાખલ કરેલું એક ઐતિહાસિક કલંક છે. ભૂતકાળમાં વર્ષો સુધી ગોરી પ્રજા આફ્રિકા ખંડની કાળી હબસી પ્રજાને પકડી જતી હતી, અને તેઓને ગુલામ તરીકે વેચવાનો એક ધીકતો ધંધો ચલાવતી હતી. પરદેશમાંથી ગુલામોને પકડીને પોતાના દેશમાં લઈ જવામાં આવતા હતા અને ત્યાં ગુલામોનું બજાર ભરવામાં આવતું હતું. જેઓને ગુલામ ખરીદવા હોય, તેઓ આવા બજારમાંથી પોતાને ઉપયોગી વ્યક્તિને ગુલામ તરીકે વેચાતી લેતા હતા. ઇતિહાસના પાને વાંચીએ છીએ કે આવા ગુલામો પ્રત્યે ઘોર અત્યાચાર કરવામાં આવતો હતો. આમ છતાં, કોઈ ગોરા માલિકો તેમના ગુલામો પ્રત્યે અસાધારણ માયા પણ દર્શાવતા હતા, એવા એક માલિક પાસે જોફ નામે એક જુવાન હબસી ગુલામ હતો, જે તેના માલિકનો ઘણો જ માનીતો હતો, અને માલિક પોતાની ઘણી બાબતોમાં આ ગુલામની સલાહ પણ લેતો હતો.

એક દિવસે બીજા વધારે ગુલામો ખરીદવા માટે આ માલિક ગુલામોના બજારમાં જતો હતો, અને જોફને પણ પોતાની સાથે લઈ લીધો. બજારમાં ગુલામો વેચનારા પોતાના ગુલામોની જાહેર હરાજી બોલાવતા હતા, અને ખરીદનાર પોતાને મનપસંદ વ્યક્તિ ખરીદ કરી શકે માટે પોતાના ગુલામોને ઉઘાડા કરીને તેઓના શરીરનું પ્રદર્શન કરતા હતા. આમ કરવાથી ખરીદનાર નીરોગી અને તંદુરસ્ત હોય એવી વ્યક્તિ ખરીદી શકતા હતા. આવા એક પ્રદર્શન પાસેથી તેઓ પસાર થતા હતા ત્યારે એક વાંકો વળી ગયેલ અને અશક્ત વૃદ્ધ લાઈનમાં ઊભેલો હતો. આવા અશક્ત અને સફેદવાળવાળા વૃદ્ધને જોઈને જોફ તેના માલિકને કહે છે, "સાહેબ, હું ઇચ્છું છું કે, તમે પેલા વૃદ્ધને ખરીદી લો." તેના માલિકે જવાબ આપ્યો, "જોફ, એ ગુલામ ઘણો વૃદ્ધ અને અશક્ત છે, અને આપણને તેની કોઈ કિંમત નથી. વળી તે કોઈ કામમાં ઉપયોગી નીવડશે નહિ, માટે તેને ખરીદીને શું કરીએ?" આમ છતાં જોફે તેનો આગ્રહ ચાલુ જ રાખ્યો, અને છેવટે તેના માલિકે પેલા વૃદ્ધ ગુલામને બહુ જ જૂજ કિંમતે ખરીદી લીધો, અને પોતાના ઘેર લઈ આવ્યો. ઘેર આવીને

થોડા જ દિવસોમાં તે વૃદ્ધ બીમાર પડ્યો અને આથી જોફ તેને પોતાના ઓરડામાં લઈ ગયો અને પોતાના પલંગ ઉપર સુવાડ્યો, અને એક માતા પોતાના માંદા બાળકની ચાકરી કરે તે રીતે તેની માવજત કરવા લાગ્યો. જોફ જે કરતો હતો તેનું ધ્યાન તેનો માલિક રાખતો હતો. એક દિવસે તેણે જોફને બોલાવીને પૂછ્યું, "જોફ, તું શા માટે પેલા વૃદ્ધની આટલી બધી મમતાથી માવજત કરે છે? શું તે તારો જૂનો સંબંધી કે મિત્ર છે? તારી અત્યાર સુધીની તેની સેવાથી હું લગભગ એવું માનવા લાગ્યો છું કે, તે તારો બાપ હોવો જોઈએ, અને તું તેની વૃદ્ધાવસ્થામાં આ પ્રમાણે ચાકરી કરે છે."

જોફે કહ્યું, "નહિ સાહેબ નહિ; તે મારો કોઈ સગો કે જૂનો મિત્ર નથી, પરંતુ મારો જૂનો દુશ્મન છે. વર્ષો પૂર્વે જ્યારે હું નાનો હતો અને ઘર આગળ રમતો હતો ત્યારે તે ત્યાં ઓચિંતો આવીને મને પકડી ગયો હતો. મારી સાથે ઘણો ઘાતકી વર્તાવ કર્યો હતો, અને મને ગુલામ થવા વેચી દીધો હતો. તે દિવસે જ્યારે આપણે ગુલામોના બજારમાં ગયા હતા અને જ્યારે મેં મારા આ જૂના દુશ્મનને જોયો ત્યારે મેં તરત જ તેને ઓળખી લીધો, પરંતુ મારો આત્મા મને કહેવા લાગ્યો, "જો તારો વૈરી ભૂખ્યો હોય તો તેને ખવડાવ; જો તરસ્યો હોય તો તેને (પાણી) પા." (રૂમી ૧૨:૨૦).

જોફ ખ્રિસ્તી ગુલામ હતો અને પ્રભુ ઈસુએ જે પ્રમાણે પોતાના વૈરી ઉપર પ્રેમ દર્શાવ્યો હતો, તે જ પ્રમાણે તે પણ આ વૃદ્ધ તરફ વર્તતો હતો.

બીજા એક ગુલામની વાત પણ વિચારવા જેવી છે :

ઊગતો યુવાન એક દિવસે મિશનરીને બંગલે આવ્યો. તે ઘણો ભયભીત અને મૂંઝાયેલો જણાતો હતો. તેણે મિશનરીને પૂછ્યું, "સાહેબ, આપને નોકરની જરૂરત હોય તો હું આપને ત્યાં કામ કરવા તૈયાર છું." મિશનરીને નોકરની જરૂર હતી જ. આથી તેમણે કહ્યું, "હા, તું મારે ત્યાં નોકરી કરી શકે છે, અને તેના બદલામાં હું તને યોગ્ય મહેનતાણું આપીશ." પછી તેમણે આ યુવાનને તેની ફરજો સમજાવી. આ યુવાન ઘણો મહેનતુ હતો. સખત મજૂરી કરતો હતો, અને પ્રમાણિક હતો. આમ છતાં તે હંમેશાં ચિંતાતુર નજરે પડતો હતો. થોડા દિવસ પછી આ યુવાને પહેરેલું ખમીસ ઘણું મેલું થયું હતું, અને આથી સાહેબે તે કાઢીને ધોઈ નાખવા જણાવ્યું.

યુવાનને આ સલાહ પસંદ ન પડી, અને તેણે પોતાનું ખમીસ કાઢવાની સ્પષ્ટ ના પાડી. સાહેબને આથી ઘણી નવાઈ લાગી.

ટૂંક સમયમાં સાહેબને શહેરમાં જવાનું થયું ત્યારે તેમણે વિચાર્યું કે, એક નવું ખમીસ વેચાતું લઈને તે હું મારા નોકરને ભેટ આપીશ, આથી તે નવાઈ પામશે. તેમણે ખમીસ ખરીદ્યું અને ઘેર આવી બૂમ પાડીને યુવાનને બોલાવ્યો અને કહ્યું, "જો, હું તારા માટે નવું ખમીસ લાવ્યો છું; હવે આ જૂનું અને ગંદું કાઢીને નવું પહેર."

યુવાને ખમીસ લીધું અને આભાર વ્યક્ત કર્યો. છતાં તેણે ગંદું થયેલ ખમીસ કાઢીને આ નવું પહેર્યું નહિ. છેવટે મિશનરીએ બળજબરીથી તેનું ગંદું ખમીસ કાઢી નાખ્યું ત્યારે જ તેમની સમજમાં આવ્યું કે, શા માટે તે ગંદું ખમીસ બદલતો ન હતો. આ યુવાનની પીઠ ઉપર ઢોરોને ડામ દેવામાં આવે છે તેવી એક ઊંડી છાપ હતી. મિશનરીએ સમજાયું કે, આ ડામ તો તે કોઈનો ગુલામ છે તેની છાપ છે. તેમણે તેને પૂછ્યું, "તું એક ગુલામ છે ખરું ને?" યુવાને ડોકું હકારમાં હલાવ્યું. પછી મિશનરીએ પૂછ્યું, "તું તારા માલિક પાસેથી ભાગી છૂટ્યો છે ને?" ફરીથી યુવાને હકારમાં ડોકું ધુણાવ્યું. હવે તે ઘણો ડરી ગયો હતો, અને રડતાં અને ડરતાં તે બોલ્યો, "ઓ ઈસુ ભગવાનવાળા સાહેબ, મહેરબાની કરીને મને મારા માલિકને ત્યાં પાછો મોકલશો નહિ." મિશનરીએ જવાબ આપ્યો, "મારે તને ત્યાં મોકલવો જ પડશે, કારણ કે, તે જ બાબત વાજબી છે અને મને તને અહીં રાખવાનો કોઈ હક નથી." યુવાને ઘણા જ કાલાવાલા કર્યા, "સાહેબ મારી આજીજી સાંભળો, અને મને ત્યાં મોકલશો નહિ, કારણ કે, મારો માલિક ઘણો જ ઘાતકી સરદાર છે, અને મને દરરોજ ચાબુકથી શિક્ષા કરતો હતો." મિશનરીએ કહ્યું, "હું શું કરવા ચાહું છું એ તને જણાવું. હું તને તારા શેઠ પાસેથી ખરીદી લઈશ અને પછી તને આઝાદ કરીશ."

આ મિશનરી સાહેબે તે જ દિવસે જંગલમાંથી પસાર થતી એ લાંબી મુસાફરીની તૈયારી કરી અને આ ગુલામને લઈને ત્રીજા દિવસે તેઓ તેના અસલ માલિક પાસે આવી પહોંચ્યા. આ સરદાર ઘણો ઘાતકી હતો અને તેની પાસે એવા બીજા ૪૦ ગુલામો હતા. તેણે પહેલાં તો આ ગુલામને

વેચવાની ચોખ્ખી ના પાડી, પરંતુ છેવટે જ્યારે આ મિશનરીએ એક મોટી રકમ આપીને ગુલામને ખરીદી લેવાની આજીજી કરી, ત્યારે તેણે એ સોદો પતાવ્યો. બીજા ત્રણ દિવસની મુસાફરી બાદ ફરીથી આ મિશનરી તેમના ઘેર આ ગુલામ સાથે આવી પહોંચ્યા. તેમણે યુવાનને કહ્યું, "હવે તું આઝાદ છે. હવે તારે મારે ત્યાં નોકરી કરવાની જરૂર નથી. જયાં કંઈ તું જવા ચાહે ત્યાં જઈ શકે છે. આમ છતાં, જો તું મારે ત્યાં જ નોકરી કરવા ઇચ્છા ધરાવતો હોય, તો હું તને એ જ પગારે પાછો લેવા તૈયાર છું. તું મારા પગારદાર નોકર તરીકે અહીં રહી શકશે." યુવાને જવાબ આપ્યો, "ઈસુ ભગવાનવાળા સાહેબ, મારે કોઈ જગ્યાએ જવું નથી. હું તમારી સાથે જ હંમેશને માટે રહેવા અને સેવા કરવા તૈયાર છું." યુવાન મિશનરીને ત્યાં રહ્યો અને સાહેબે તેને પ્રભુ ઈસુ વિષે શિક્ષણ આપ્યું. સમય જતાં તે એક વિશ્વાસુ અને ઉત્તમ ખ્રિસ્તી યુવાન બન્યો.

વહાલા મિત્રો, મિશનરીએ એ ગુલામને મૂલ્ય આપીને છોડાવ્યો, અને તેને આઝાદી બક્ષી. આમ છતાં તે બીજે જવા રાજી ન હતો, કારણ કે, સાહેબ તેની ઉપર પુષ્કળ પ્રેમ રાખતા હતા. એ જ પ્રમાણે આપણે બધા પણ પાપના ગુલામ હતા, પરંતુ આપણા તારનારે તેમના અમૂલ્ય લોહીથી આપણને ખરીદીને પાપમાંથી મુક્ત કર્યા છે; હવે જયારે આપણે પાપના દાસત્વમાં નથી ત્યારે આપણે આપણા તારનારને જ વળગી રહેવું જોઈએ. જો આપણે તારનારનો અંગીકાર કર્યો હોય, તો શું આ પ્રમાણે કહેવા તૈયાર છીએ કે, "ઓ હૃદયના સ્વામી, હું મારું જીવન તમને સોંપી દેવા માગું છું, મારો સ્વીકાર કરો."★

## ૨૪
## "શું યહોવાનો હાથ ટૂંકો પડ્યો છે?"

ગણના ૧૧:૨૩, યશાયા ૫૦:૨, ૫૯:૧

એક વર્ષ જોતજાતામાં પૂરું થયું છે અને નવા વર્ષની શરૂઆત પણ થઈ ચૂકી છે. એક પછી એક વર્ષો જેમ જેમ પસાર થતાં જાય છે તેમ પૃથ્વી ઉપરનું મનુષ્યનું આયુષ્ય પણ વધતું જાય છે. આયુષ્યમાં મળતી વૃદ્ધિ આવકારદાયક અને આભારસ્તુતિલાયક છે. પરંતુ પસાર થતાં વર્ષો બીજો ગંભીર મુદ્દો પણ ખડો કરે છે : આયુષ્યમાં એક વર્ષની વૃદ્ધિ મેળવવી એને બીજો અર્થ કે ઈશ્વરે આપણા માટે નક્કી કરેલ પૃથ્વી ઉપરનાં કુલ આયુષ્યનાં વર્ષોમાંથી એક વર્ષની બાદબાકી, અલબત્ત જન્મદિવસનો ઉત્સવ આનંદ પમાડે છે - પરંતુ સાથે સાથે વિચારતાં રહેવું જોઈએ, કે હવે આયુષ્યનું એક વર્ષ ઓછું થાય છે અને આથી જ ગંભીરતાથી લક્ષમાં લેવું જોઈએ કે, શારીરિક વૃદ્ધિની સાથે આત્મિક વૃદ્ધિ પણ થવી જ જોઈએ, નહિ તો આયુષ્યની દૈહિક વૃદ્ધિનો કોઈ જ અર્થ નથી.

શું વીતી ગયેલા વર્ષમાંથી આપણે કોઈ બોધપાઠ લીધો? આપણો ઈશ્વર ઉપરનો વિશ્વાસ વધે એવો કોઈ અનુભવ વર્ષ દરમ્યાન થયો? ઈશ્વર તેનાં ઉત્પન્ન કરેલા સંતાનોની કાળજી રાખે છે. અને તેમની ગરજો પૂરી પાડે છે, એ વિશ્વાસમાં શું આપણે આગળ વધ્યાં? ગીતકર્તા કહે છે કે, "સિંહનાં બચ્ચાંને તંગી પડે છે ને ભૂખ વેઠવી પડે છે; પણ જેઓ યહોવાને શોધે છે તેઓને કોઈપણ સારાં વાનાંની અછત હોશે નહિ." (ગી.શા. ૩૪:૧૦). જો આપણે ઈશ્વરી કૃપાનો અનુભવ કર્યો હોય, તો તેની સાક્ષી બીજાઓને આપીને તેઓને પણ ખ્રિસ્ત પરના અતૂટ વિશ્વાસમાં આગળ આવવાની દોરવણી અને પ્રેરણા પમાડવી, એ દરેક ખ્રિસ્તીનું કર્તવ્ય છે.

પશ્ચિમ બંગાળની એક બૅપ્ટિસ્ટ મંડળીના સેવક પોતાનો અંગત અનુભવ નીચે પ્રમાણે રજૂ કરે છે. પસાર થતા વર્ષના છેલ્લા દિવસનો એ પ્રસંગ છે, માટે જ તે નવા વર્ષ માટે આપણને ઉત્તેજનદાયક નીવડશે. તેઓ લખે છે :

"હું પશ્ચિમ બંગાળનાં હાવરા બૅપ્ટિસ્ટ ચર્ચનો ડીકન છું. મને મચ્છી પકડવાનો શોખ છે. અને આવી ક્લબનો હું સભ્ય પણ છું. અમારી મંડળીમાં એવો શિરસ્તો ચાલી આવે છે કે, ૩૧મી ડિસેમ્બરે સમસ્ત મંડળી ચર્ચ કમ્પાઉન્ડમાં ભેગી થાય, રમતોત્સવ થાય અને ઉઘરાવેલાં દાનમાંથી સાંજે સમૂહભોજન ગોઠવાય. એક વર્ષે ઉઘરાણું પૂરતું થયું ન હોવાથી કમિટીએ ઠરાવ કર્યો કે, સાદા શાકાહારી ભોજનની વ્યવસ્થા કરવી. કોઈ સભ્ય કંઈ બોલ્યું નહિ. પરંતુ આ વ્યવસ્થા કોઈને ગમતી ન હતી. મેં પાસ્ટર સાહેબને કહ્યું, "હું માછલી પકડવા જઈશ, અને ઈશ્વરની ઇચ્છા હશે તો આ સમૂહભોજન માટે થોડી માછલી લાવી શકીશ.' પાસ્ટરે ઉત્સાહ બતાવ્યો એન કહ્યું, 'જરૂર જાઓ, હું તમારી સફળતા માટે પ્રાર્થના કરીશ.' ૩૦ મીએ બપોર પછી હું લગભગ ૩ વાગે સરોવર પહોંચ્યો. મારી સાથે એક હિંદુ મિત્ર પણ આવ્યો હતો.

"અમે દોરીવાળા ગલ નાખીને માછલી પકડવાની શરૂઆત કરી. શિયાળાની ઋતુનો ઠંડો પવન ફૂંકાતો હતો. સાથે આણેલી ચા પીને ગરમી મેળવતા હતા. અંધારું થવા આવ્યું, પરંતુ કંઈ જ સફળતા મળી નહિ. ચા પણ ખલાસ થઈ. આથી મેં મિત્રને દુકાનેથી બીજી ચા વેચાતી લેવા મોકલ્યો. તેને ગયાને ૧૫ મિનિટ ભાગ્યે જ થઈ હશે અને મારા ગલની દોરી ખેંચાવા લાગી. કોઈ મોટી માછલી ગલ ખેંચતી હોય એવું લાગતું હતું. મેં બધી દોરી જવા દીધી. ખૂબ ખેંચતાણ હતી. અને છેવટે ૧૫ મિનિટ પછી જ્યારે દોરી બહાર ખેંચી, ત્યારે એક મોટી માછલી પકડાયેલી જોવામાં આવી, જેનું વજન ૧૨ કિલો હતું. મારો મિત્ર ચા લઈને આવ્યો અને આ સફળતા જોઈને આનંદ પામ્યો. મેં ઈશ્વરનો આભાર માન્યો. અને હવે ઘર તરફ વળવાનું વિચાર્યું. મારો મિત્ર વધુ રોકાઈને ફરીથી ગલ નાખવાનું કહેતો હતો. મેં કહ્યું, 'આપણે લોભ કરવા બદલ ઈશ્વરની નજરમાં ગુનેગાર ગણાઈશું.' મારા હિંદુ મિત્રે આગ્રહ ચાલુ રાખ્યો, અને દલીલ કરી કે, 'આપણે આપણા અંગત સ્વાર્થ માટે લોભ રાખતા નથી; આપણે સમાજ માટે આ કરવા માગીએ છીએ, એટલે ઈશ્વરની નજરમાં એ ગુનો નહિ ગણાય.'

"આ સરોવરમાં રાત્રે ૧૦ વાગ્યા સુધી સભ્યોને માછલી પકડવાની છૂટ હતી, એટલે છેવટે અમે થોભી ગયા, અને અમારી પ્રવૃત્તિ ચાલુ રાખી.

ઈશ્વર જાણે કે અમારી મદદમાં હતા, અને બીજા એક કલાકની મહેનત બાદ ફરીથી ગલની દોરી ખેંચાવા લાગી. અને અગાઉ કરતા પણ વધારે જોરદાર ખેંચતાણ ચાલુ થઈ. વીસ મિનિટ બાદ જયારે દોરી ખેંચીને બહાર કાઢી ત્યારે એક મોટી માછલી પકડાયેલી જોઈ. આ માછલી પહેલી માછલી કરતાં પણ મોટી હતી, અને ૧૩ કિલો જેટલું વજન હતું. પશ્ચિમ બંગાળમાં જે માછલી ખાવામાં ઘણી જ સ્વાદિષ્ટ ગણાય છે તેવી આ બંને માછલીઓ હતી. ઈશ્વર કેવા દયાળુ હતા! મને બાઈબલનું વચન યાદ આવ્યું કે, "અનુભવ કરો અને જુઓ કે યહોવા ઉત્તમ છે; જે માણસ તેના પર ભરોસો રાખે છે તેને ધન્ય છે." (ગી.શા. ૩૪:૮). મેં અગાઉ નાની મોટી માછલી જરૂર પકડી હતી, પરંતુ આવી બે મોટી માછલી એક જ દિવસે સાથે જ પકડી હોય તેવો આ પ્રથમ પ્રસંગ હતો. અને આ તો ઈશ્વરી કૃપાનું પરિણામ હતું.

"બીજે દિવસે અમારી મંડળીના સમાજને સુંદર ભોજન મળ્યું, અને બધાંને ઘણો જ આનંદ થયો. બધાંએ ઈશ્વરનો પુષ્કળ આભાર માન્યો. આ અનુભવથી સભ્યોએ નવા વર્ષમાં ઈશ્વરી ઇચ્છાને આધીન થવાનું અને જીવનના તમામ પ્રસંગોમાં તેની સહાય માગવાનો દ્રઢ સંકલ્પ કર્યો."

વહાલા મિત્રો, ચાલો, આપણે પણ નવા વર્ષમાં આવો જ સંકલ્પ કરીએ, અને તેની ઇચ્છાને સંપૂર્ણ રીતે આધીન થઈએ. ઈશ્વરપિતાનો હાથ ટૂંકો પડતો નથી, અને આપણી તમામ ગરજો તેની યોજના પ્રમાણે પૂરી પાડશે.★

## ૨૫
# મેગીની ઘોડી

ઈશ્વરના મહિમાર્થે જુદી જુદી ખ્રિસ્તી સંસ્થાઓ તરફથી બાંધકામો માટે દાન ઉઘરાવવામાં આવે છે. ઘણી વાર આવી માગણીઓ પ્રત્યે સગવડ હોવા છતાં આપણે ઉપેક્ષાવૃત્તિ સેવીએ છીએ. ઈશ્વરે આપેલા અનેક આશીર્વાદો ભોગવતાં હોવા છતાં આવી યોજનાઓને પ્રોત્સાહન આપતા નથી. આપણું દાન નાનું હોય કે મોટું, પણ "ખુશીથી આપનારને ઈશ્વર ચાહે છે." (૨ કોરિંથી ૯:૭). પછી ભલે તે વિધવાની (લૂક ૨૧:૨-૪) દમડી કેમ ના હોય! ઈશ્વરપિતા તો એ દાન આપવા પાછળની ભાવના જુએ છે. ઈશ્વરી કાર્ય અર્થે જો ત્યાગ કરતાં શીખીશું, તો તેનો બદલો ઈશ્વર તરફથી જરૂર મળવાનો જ છે. આભારની લાગણીથી આપણે આપતાં શીખીએ, એ માટે નીચેનો પ્રસંગ પ્રેરણાદાયી નીવડશે.

પહાડી પ્રદેશમાં આવેલ એક ગ્રામ્ય મંડળીમાં પ્રભુમંદિરની ખોટ હતી. આ ખોટ દૂર કરવા એક ધર્મોપદેશકે જવાબદારી લીધી. તેઓ પોતાના સંદેશા દ્વારા જુદી જુદી મંડળીઓમાં ફરીને લોકોને આ મંદિર બાંધવા માટે દાન આપવા આગ્રહભરી વિનંતી કરતા હતા. એ પહાડી વિસ્તારમાં ઘણા લોકો એવા હતા, જેઓએ કદી પ્રભુ ઈસુનું નામ પણ સાંભળ્યું ન હતું. આથી આ મંદિર અને તેની વિવિધ પ્રવૃત્તિ દ્વારા એ પ્રદેશમાં જીવંત સાક્ષી આપવાની ઘણી તક હતી. એક પ્રભુવારે તેઓ એક મંડળીના પૈસાપાત્ર સમાજને દાન આપવા માટે આગ્રહભરી અપીલ કરી રહ્યા હતા. ત્યારબાદ એ અપીલની કેવો પ્રત્યુત્તર મળે છે, એ જોવા શ્રોતાજનો તરફ આતુરતાથી નિહાળી રહ્યા હતા. તેઓની અપીલ દર્દભરી હતી, છતાં કંઈ જ પ્રત્યુત્તર ન હતો. તેઓ નિરાશ થયા કે લોકો ઉપર હ્રદયસ્પર્શી અપીલની કંઈ જ અસર પડી નહિ. પણ ના, તેઓની એ માન્યતા ખોટી હતી. એક વ્યક્તિના હ્રદયમાં જરૂર અસર થઈ હતી. અને તે વ્યક્તિ કોણ હતી? એ તો એક લંગડી મેગી હતી, જે લાકડાની ચાલવાની ઘોડી લઈને દેવળમાં આવી હતી, અને છેલ્લા બાંકડે બેઠી હતી. આ અપીલ સાંભળીને તેણે મનમાં કહ્યું, "પ્રિય પ્રભુ ઈસુ, મારી પાસે તમને આપવાનું કંઈ જ નથી, છતાં મને કેટલી બધી ઇચ્છા છે કે, એ

પહાડી પ્રદેશના લોકો તમારા વિષે જાણે અને તમને તારનાર તરીકે સ્વીકારે. અરે! હું કેટલી અભાગી છું કે, કંઈ જ આપી શકતી નથી!" આમ આ મેગી ઊંડો નિસાસો નાખતી બેઠી હતી, ત્યારે તેના અંતરાત્માએ કહ્યું કે, "મેગી, તું પણ જરૂરથી કંઈ આપી શકે છે; તારી પાસે પણ આપવાનું સાધન છે. તને હમણાં જ ચાલવાની આ નવી ઘોડી ભેટ મળી છે. તું એ સાધન વગર લાચાર છે, એની મને ખબર છે. એના વગર તું બાગમાં જઈને ફૂલઝાડ જોઈ શકશે નહિ, તેમ જ આ પ્રભુમંદિરમાં પણ આવી શકશે નહિ. પરંતુ જો તારે કાંઈ આપવું હોય, તો આ ઘોડી તું દાનમાં આપી શકે છે. યાદ રાખ, એ આપી દેવાથી તારે ઘણો મોટો ત્યાગ કરવો પડશે."

ગરીબ મેગીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તેના મગજમાં મનોમંથન શરૂ થયું. એક અવાજ જાણે કે સંભળાયો, "ના, આ તારું અગત્યનું સાધન છે. એને તું આપી શકશે નહિ." જ્યારે અંતરાત્મા કહેવા લાગ્યો, "ના, હું જરૂર આપીશ. મારા પ્રભુએ મારા માટે આના કરતાં પણ ઘણું જ મોટું બલિદાન આપ્યું છે..." છેવટે તેના અંતરાત્માના અવાજની જીત થઈ. અને તેણે હાથ લંબાવીને નવી ઘોડી ઉઠાવી, અને જ્યારે દાન ઉઘરાવનાર તેની પાસે આવ્યા. ત્યારે તેણે આ ઘોડી તેમના હાથમાં મૂકી. દાન ઉઘરાવનારા થોડીવાર થોભ્યા અને પરિસ્થિતિ સમજી ગયા. આંખમાં આંસુ સાથે તેમણે એ ઘોડી ટેબલ ઉપર મૂકી. ધર્મોપદેશકે આ દૃશ્ય જોયું અને લાગણીવશ થવાથી થોડી પળો કંઈ જ બોલી શક્યા નહિ. ત્યારબાદ ગદ્‌ગદકંઠે કહ્યું, "મિત્રો, તમે લંગડી મેગીની આ ચાલવાની ઘોડી જોઈ શકો છો? આ સિવાય તેની પાસે ઈશ્વરને આપવાનું કંઈ જ નથી, આમ છતાં ઈશ્વરના મહિમાર્થે તેણે આ દાન આપીને મહાન ભેટ અર્પણ કરી છે." થોડીવાર રોકાઈને તેમણે કહ્યું, "શ્રોતાજનોમાં એવી એક પણ વ્યક્તિ નથી, જે આ ઘોડીની કિંમત જેટલું દાન આપે, જેથી આ ઘોડી તેને પાછી આપી શકાય?" સભાજનોમાંથી એક અવાજ આવ્યો, "પચાસ ડૉલર." બીજો અવાજ સંભળાયો, "સિત્તેર ડૉલર." ત્યારબાદ પંચોતેર, એકસો, દોઢસો, બસો ડૉલર - આમ અવાજ આવતા ગયા. અને એ આંકડો છેવટે છસ્સો ડૉલર ઉપર પહોંચ્યો. ઉપદેશકે કહ્યું, "ચાલો, ઈશ્વરનો ઉપકાર માનીએ કે, તેણે

છેવટે તેમનાં સંતાનોનાં હ્રદયમાં ખરો ભાવ અને લાગણી મૂક્યાં, અને આ ઉદાર દાન આપણે મેળવી શક્યાં."

સભામાં શું ચાલી રહ્યું છે તે મેગીની સમજમાં ન આવ્યું. તે તો તેના આત્માની જીતના આનંદમાં ડૂબેલી હતી. ભવિષ્યમાં ઘોડી વગર તે શું કરશે, અથવા આ સભામાંથી પોતાને ઘેર કેવી રીતે જઈ શકાશે, તે પણ તે વિચારતી ન હતી. થોડીવાર પછી એક સ્ત્રી તેની પાસે આવી અને તેને ભેટીને કહેવા લાગી. "વહાલી મેગી, તારી ઘોડીએ આજે છસ્સો ડૉલર જેવી મોટી રકમ દાનમાં મેળવી આપી છે, અને હવે તે ફરીથી તારી પાસે કાયમને માટે રહેવા આવી પહોંચી છે."

મેગીએ જાણ્યું કે, ઈશ્વરે કોઈ અજાયબ રીતે તેની ભેટ વાપરી હતી. અને હવે ઈશ્વર તેને તે પાછી સોંપી રહ્યા હતા. આનંદના ઉમળકાથી તેણે ઘોડીને ઊંચકી અને છાતી સાથે પ્રેમથી દબાવી અને આંખમાં આંસુ અને મોં ઉપર સ્મિત સાથે બહાર નીકળતાં જ શ્રોતાજનોની કુશળતા અને મુબારકબાદી સ્વીકારી, અને ધીમે ધીમે મંદિરની બહાર નીકળી.

વહાલા મિત્રો, ઈશ્વરનો આભાર માનીએ કે, તેમણે આપણને લંગડી મેગી કરતાં ઘણું જ વિશેષ આપ્યું છે. શું આ વર્ષમાં આપણે ઈશ્વરના મહિમાર્થે કંઈ ભેટ આપવા તૈયાર છીએ? ★

## ૨૬

## સમૃદ્ધ ગરીબી

મહાસાગરોનાં અગાધ ઊંડાણોમાં અને જમીનના પેટાળમાં જેમ અમૂલ્ય ખજાનો પડેલો છે તે પ્રમાણે પવિત્ર શાસ્ત્રમાં દેવનાં વચનોરૂપી ખજાનો ભરેલો પડેલો છે, જે પ્રયત્ન કરીને શોધનારને જરૂર પ્રાપ્ત થાય છે.

આજે દુનિયામાં જે નાશવંત દોલત છે તેની પાછળ દુનિયાના લોકો આંખ બંધ કરીને દોડી રહ્યાં છે, અને તે મેળવવા જાતજાતની મહેનત, પ્રયત્ન અને કાવાદાવા પણ કરી રહ્યાં છે. પરંતુ આ દોલત તો નાશવંત છે અને પૃથ્વી ઉપરના આયુષ્યની સમાપ્તિ સાથે તેના ભોગવટાનો સમય પણ પૂરો થાય છે. પ્રભુ ઈસુ આપણને હઠેઠથી શીખવવા ચાહે છે કે, "પૃથ્વી પર પોતાને સારુ દ્રવ્ય એકઠું ન કરો, જ્યાં કીડા તથા કાટ નાશ કરે છે, અને જ્યાં ચોરો ખાતર પાડીને ચોરી જાય છે. પણ તમે પોતાને સારુ આકાશમાં દ્રવ્ય એકઠું કરો." (માથ્થી ૬:૧૯-૨૦). વધુમાં પ્રભુ ઈસુ આમ પણ કહે છે કે, "તમે પ્રથમ દેવના રાજ્યને અને તેના ન્યાયીપણાને શોધો, અને એ બધાં વાનાં પણ તમને અપાશે." (માથ્થી ૬:૩૩).

આપણી પાસે એ નાશ ન પામનાર અને અનંતકાળ દ્રવ્ય ભેગું કરવા માટે ઈશ્વરનાં અમૂલ્ય વચનો છે. જેના ઉપયોગથી આપણે આત્મિક રીતે ધનવાન બની શકીએ છીએ. પરંતુ આપણે આ અમૂલ્ય ખજાનાની વચમાં રહેવા છતાં, અને તેનો ઉપયોગ કરવાની તક હોવા છતાં, આત્મિક ગરીબાઈમાં સબડીએ છીએ, અને આપણા આત્મા અને આ મહામૂલ્યવાન જીવન વેડફી રહ્યાં છીએ.

એક ઘણી રસિક વાત વાંચી જે ઉપરથી આપણને ઘણું શીખવાનું મળે છે :

સ્કોટલૅન્ડ દેશમાં એક આધેડ વયની વિધવા સ્ત્રી બહુ ગરીબાઈમાં દિવસો પસાર કરતી હતી. તેની પાસે પોતાના પોષણ અને જીવનનિર્વાહ માટે પૂરતી વ્યવસ્થા ન હતી, અને અત્યંત ગરીબાઈમાં દિવસો વિતાવી રહી હતી.

આ બાઈનો એકનો એક દીકરો વર્ષો અગાઉ સ્કોટલૅન્ડ છોડીને પૈસા

કમાવા અમેરિકા જઈને વસ્યો હતો, અને ત્યાં સારું કમાતો પણ હતો, પરંતુ ઘણાં વર્ષોથી પોતાને વતન આવ્યો ન હતો.

એક વાર એક મિત્ર આ બાઈને મળવા તેમને ઘેર ગયા. તેને આ બાઈની ગરીબી ઉપર દયા આવી. તેમણે વાતવાતમાં પૂછ્યું કે, "શું તેમનો દીકરો જે અમેરિકા ગયો છે તે કંઈ મદદ કરતો નથી?" આ બાઈને કહેતાં શરમ લાગી, પરંતુ કહેવું પડ્યું કે, "દીકરા તરફથી કોઈ મદદ મળતી નથી, અને આથી જ તેને બહુ મુશ્કેલીથી ઘર ચલાવવું પડે છે." પછી તેણે વધુમાં કહ્યું કે, "દીકરો કોઈ મદદ મોકલતો નથી, પરંતુ લાંબા પ્રેમાળ પત્રો લખે છે, અને ખાસ કરીને મારા જન્મદિવસે સુંદર ચિત્રો મોકલે છે."

પેલા મિત્રને આવા દીકરા માટે તિરસ્કાર ઉત્પન્ન થયો, અને આવી વર્તણૂક માટે સખત શબ્દોમાં વિરોધ કરવો હતો, પરંતુ તે ગમ ખાઈ ગયો. આમ છતાં, તેમણે આ બાઈને પૂછ્યું કે, "શું તેના દીકરાએ મોકલેલ ચિત્રો તે જોઈ શકે છે?" બાઈએ હા પાડી, અને કબાટમાં કેટલાંક વર્ષોથી ભેગાં કરી મૂકેલ ચિત્રો લાવીને આ ભાઈની સામે મૂક્યાં.

આ ચિત્રો જોઈને આ મિત્રને ઘણી નવાઈ લાગી. કારણ કે, જેને આ બાઈ ચિત્રો કહેતી હતી, તે તો મોટી રકમની અમેરિકન કરન્સી નોટો હતી. અમેરિકાની મોટી ડૉલરની નોટમાં સુંદર દશ્યો છાપેલાં હોય છે, અને આ બાઈ તેથી અજાણ હોવાથી તેને ચિત્રો સમજીને ભેગાં કર્યાં હતાં. અસલમાં તો તે સુંદર રીતે એશઆરામથી જીવી શકે, અને બીજાઓને પણ મદદ કરી શકે, તેટલા પૈસા તેની પાસે હતા. વર્ષોથી આ બાઈ ગરીબીમાં સબડતી હતી જ્યારે તેના દીકરાએ તેની ગરીબાઈ દૂર કરવા અને મા પ્રત્યેનો પોતાનો પ્રેમ દર્શાવવા અને ફરજ અદા કરવા, નિયમિત રીતે સારી રકમ દર વર્ષે મોકલી હતી. પુષ્કળ સમૃદ્ધિમાં પણ આ બાઈ ગરીબીમાં વસતી હતી.

આજે આપણ ખ્રિસ્તીઓની હાલત પવિત્ર વચનોરૂપી અમૂલ્ય દોલત પાસે હોવા છતાં, ગરીબાઈમાં સબડી રહેલા મનુષ્યો જેવી છે. આપણે આત્મિક ગરીબી દૂર કરવા માટે અને આત્મિક દોલત મેળવવા માટે, આ વચનોનો નિયમિત ઉપયોગ કરવો જોઈએ. પ્રભુ ઈસુ આપણને ધનવાન બનાવવા માંગે છે અને એટલા માટે જ આપણે સારુ સર્વસ્વ હોમી દઈને તે ગરીબ બન્યા. (૨ કોરિંથી ૮:૯).★

## ૨૭
# પ્રમાણિકતાનું ફળ

જે વ્યક્તિ પોતાના જીવનમાં પ્રમાણિકપણે વર્તે છે તે ઈશ્વર તથા મનુષ્યો બન્નેને વહાલી લાગે છે. પ્રમાણિકોને ઘણીવાર પોતાની પ્રમાણિકતાને કારણે દુ:ખ ભોગવવું પડતું હોય છે, પરંતુ અંતે તો સત્યનો વિજય થાય છે. જીવનના દરેક ક્ષેત્રમાં પ્રમાણિકતા હોવી જરૂરી છે. નાનાં બાળકો પ્રમાણિક બને તો જીવનમાં એક ઉચ્ચ સદ્‌ગુણ પ્રાપ્ત કરે છે, અને જીવનનો વિકાસ થાય છે. કોઈ વિદ્યાર્થી ચોરી ન કરે અને પોતાની જાતમહેનત ઉપર આધાર રાખે, તો આગળ જતાં સફળ નીવડે છે. રોજના ધંધા રોજગારમાં પણ પ્રમાણિકતા અત્યંત જરૂરી બને છે. જે વ્યક્તિ પ્રમાણિકપણે પોતાનો ધંધો કે નોકરી કરે, તેને નિરાશ થવાનો વારો આવતો નથી. જગિક વાનાંમાં ભલે તે આગળ ન વધે, પરંતુ ઈશ્વર આગળ તો તે આત્મિક રીતે ધનવાન જ ગણાય છે અને ગણાશે.

યુસફ, પોટીફારના ઘરમાં પ્રમાણિકપણે વર્ત્યો અને ભલે દુ:ખમય કારાવાસ ભોગવવો પડ્યો, પણ છેવટે તો મિસર દેશમાં રાજાથી બીજા નંબરનો અધિપતિ બની શક્યો, અને પોતાના કુટુંબ અને દેશબંધુઓનો બચાવ કરી શક્યો. (ઉત્પત્તિ ૩૯:૧-૪૮:૨૨).

પ્રેરિતોના જમાનાની વાત કરીએ તો વિશ્વાસ કરનારા પોતાની મિલકત લાવીને પ્રેરિતોના ચરણે ધરતા હતા. અનાન્યા અને સાફીરાએ પણ પોતાની મિલકત પ્રેરિતોના ચરણે ધરી ખરી, પરંતુ કંઈક છુપાવીને તેઓને પ્રશ્ન પુછાયા પછી પણ તેઓ પ્રમાણિક રહી શક્યાં નહિ, અને જૂઠું બોલ્યાં અને છેવટે બંને પતિપત્ની મોતને ભેટ્યાં. (પ્રે.કૃ. ૫:૧-૧૦).

કોઈ વ્યક્તિ આડે માર્ગે જાય, પરંતુ જ્યારે તેને સત્યનું ભાન કરાવવામાં આવે છે અને તે પસ્તાવો કરે છે, ત્યારે આપોઆપ તે પ્રમાણિકતાને અનુસરે છે.

જાખી દાણીએ એની દાણ ઉઘરાવવાની નોકરીમાં મળતી તકોને કારણે ઘણું ધન લોકો પાસેથી પડાવી લીધું હતું. પરંતુ જ્યારે તેના હૃદયમાં

પ્રકાશ થયો, ત્યારે અન્યાયથી જે લીધું હોય તેનાથી ચારગણું ભરી આપવા તૈયાર થયો હતો. (લૂક ૧૯:૧-૧૦).

એક માણસ પોતાના કામ કરવાના સ્થળેથી ઘણે દૂર એક ગામમાં રહેતો હતો. રોજ પોતાની મોટરમાં ઘેરથી કામ પર જવા નીકળતો ત્યારે રસ્તામાં આવેલ એક સ્ટોરમાંથી રોજનું ન્યૂઝપેપર ખરીદતો હતો જેથી બપોરની રિસેસમાં શાંતિથી વાંચી શકે. આ તેનો રોજનો નિયમ થઈ પડ્યો હતો. એક વાર તે ઉતાવળમાં હતો અને પેપર પાતળું હોવાથી એકસાથે બે નકલો તેણે ભૂલથી ઉપાડી લીધી. પૈસા આપીને તે મોટરમાં બેસી ગયો.

ઑફિસમાં ગયા બાદ તેને ખબર પડી કે તેણે ભૂલથી એકને બદલે બે પેપર ઉપાડ્યાં હતાં. અને આ જાણીને તેને દુઃખ થયું. તેણે વિચાર્યું કે, ગામ દૂર છે અને પાછા આવતાં-જતાં સમય લાગે. માટે બીજા દિવસે તે બીજા વધારાના પેપરની કિંમત ચૂકવી આપશે. પરંતુ પછી તેને લાગ્યું કે, ધારો કે, કોઈ પેપર ખરીદવા જાય અને પેપર ન હોય, તો તેને નિરાશ થવું પડે. અને આ બધું તેની અપ્રમાણિકતાને કારણે બને, માટે તે ચલાવી લેવું જોઈએ નહિ. પછી તે રજા લઈને મારતી મોટરે ગામ પાછો આવ્યો. અને સ્ટોરના ઉપરીની માફી માગતાં કહ્યું, “મને માફ કરશો. પણ હું ભૂલથી બે પેપર લઈ ગયો હતો, અને ભૂલની ખબર પડતાં આ પેપર પાછું આપવા મારી ઑફિસેથી માઈલો કાપીને આવ્યો છું. પેપર ખલાસ થાય અને કોઈ ગ્રાહકને પેપર ન મળે, તો તેનો દોષ મને લાગે, માટે હું પાછો આવ્યો છું.”

એક અઠવાડિયા પછી એ જ સ્ટોરમાંથી કોઈ કિંમતી વસ્તુની ચોરી થઈ. પોલીસને ફરિયાદ થઈ અને તપાસ આદરવામાં આવી. તપાસ કરતાં ખબર પડી કે, સવારના અમુક સમયે આ ચીજ ઊપડી ગઈ લાગે છે, માટે એ અરસામાં કોણ કોણ સ્ટોરમાં આવ્યું હતું તેની તપાસ કરીએ. સવારનો સમય હતો અને એ અરસામાં બહારનું કોઈ ખાસ સ્ટોરમાં આવ્યું ન હતું, સિવાય કે બે વ્યક્તિઓ : એક તો નિયમિત પેપર લઈ જનાર માણસ અને બીજી એક ગામની જ વ્યક્તિ. પોલીસ અમલદારે કહ્યું કે, “આ બે વ્યક્તિઓની તાત્કાલિક તલાશી લઈએ.” સ્ટોર માલિકે કહ્યું, “આ બે વ્યક્તિઓમાંથી જે વ્યક્તિ પેપર ખરીદીને ગઈ તેમના ઉપર શક લાવી શકાય એમ નથી. ગયા

જ અઠવાડિયે એક પેપર ભૂલથી લેવાઈ ગયું તે પાછું પહોંચાડવા તેઓ માઈલો સુધી મોટર હંકારીને આવ્યા, અને પેપર મને પાછું આપ્યું. આવા સ્વભાવવાળી વ્યક્તિ ચોરી કરી શકે જ નહિ. બીજી વ્યક્તિની તપાસ કરો. પોલીસે તે બીજી વ્યક્તિને શોધીને તેની ઊલટતપાસ કરી અને ઝીણવટભરી પૂછપરછમાં તે વ્યક્તિ પકડાઈ ગઈ, અને તેણે પોતાનો ગુનો કબૂલ કર્યો.

પેલા ખ્રિસ્તી માણસની પ્રમાણિકતાની બધા પર સુંદર છાપ પડી, અને એ રીતે તેણે ખ્રિસ્તી સ્વભાવની સુવાસ ફેલાવી.

મિત્રો, જાણેઅજાણે પણ જો આપણે અપ્રમાણિક રીતે વર્ત્યા હોઈએ, તો પ્રભુપિતા પાસે તે કબૂલ કરીને તેની માફી માગવી જોઈએ, અને દયાળુ ઈશ્વર આપણને જરૂર માફ કરીને, સત્યના માર્ગમાં આગળ વધવાની પ્રેરણા અને માર્ગદર્શન આપશે. ★

# ૨૮
# સ્વાર્થનું મારણ

પ્રભુ ઈસુએ ગિરિપ્રવચનમાં એક સોનેરી નિયમ આપ્યો છે કે, "માટે જે જે તમે ચાહો છો કે બીજા માણસ તમને કરે, તે તે તમે પણ તેઓને કરો." (માથ્થી ૭:૧૨). જો મનુષ્યો આ નિયમનું પાલન કરે, તો દુનિયામાં શાંતિ, પ્રેમ અને આનંદ સિવાય બીજું કંઈ જોવા ન મળે; જાણે કે પૃથ્વી ઉપર સ્વર્ગ ઊતરે. પરંતુ મનુષ્યની કલ્પના બાળપણથી જ ભૂંડી હોવાથી (ઉત્પત્તિ ૬:૫) આ નિયમ પાળી શકાતો નથી. બીજાઓને આપણે જે આપવા ચાહીએ, તેથી વધુ મેળવવાની તેઓની પાસે આશા રાખીએ છીએ. આપણામાં દરેક બાબતનો સ્વાર્થ અગ્રસ્થાને રહે છે. બીજાઓની મુશ્કેલીઓમાં કે દુઃખમાં આપણી પોતાની જાતને કલ્પીને આગળ ચાલીએ, તો આપણો સ્વાર્થ આપોઆપ નષ્ટ થાય છે.

એક ડૉક્ટરને ઘેર મોડી રાત્રે એક ટેલિફોન આવ્યો. ટેલિફોન કરનારે આજીજી કરતાં જણાવ્યું કે, "તેની પત્ની ગંભીર માંદગીમાં સપડાઈ છે અને તેને તાત્કાલિક ડૉક્ટરી સારવારની જરૂર છે." રાત ઘણી પસાર થઈ હતી, બહાર વરસાદનું તોફાન ચાલુ હતું, અને ઠંડો સુસવાટા મારતો પવન ફૂંકાતો હતો. આટલી મોડી રાતે અને આવા વાતાવરણમાં કોઈ બહાર પગ મૂકવાની હિંમત ન કરે, અને તેમાં તેનો વાંક પણ ન કાઢી શકાય. આમ છતાં, આ તો ડૉક્ટર હતા અને સેવાનો ધંધો અપનાવ્યો હતો. ગમે ત્યારે અને ગમે ત્યાં કોઈ બોલાવે ત્યાં અને ત્યારે પહોંચી જવાની ડૉક્ટર તરીકે તેમની પ્રથમ ફરજ હતી.

ડૉક્ટરે જવા માટે તૈયારી બતાવી. પરંતુ કહ્યું કે, "હું તમારે ત્યાં આવવા રાજી અને તૈયાર છું; પરંતુ મારી મોટરકાર રીપેરમાં ગઈ હોવાથી તમારે ત્યાં કેવી રીતે પહોંચવું એ એક પ્રશ્ન છે." પછી ડૉક્ટરે કહ્યું કે, "આ સંજોગોમાં શું તમે અહીં આવીને મને તમારે ત્યાં લઈ જશો?" ટેલિફોન ઉપર થોડી ક્ષણો શાંતિ પથરાઈ ગઈ. પણ પછી એક ગુસ્સાભર્યો અવાજ સંભળાયો કે, "શું આવા તોફાની વાતાવરણમાં તમે મને તમારે ત્યાં તેડી જવા બહાર નીકળવાનું કહો છો?"

આ કેટલું દુઃખદ લાગે છે! એક વ્યક્તિની પોતાની ગરજ અને જરૂરિયાત છે અને આથી સમય બગાડ્યા વગર ડૉક્ટરને તેડી લાવવા બહાર જવા માટે તૈયાર થવું જોઈએ, પરંતુ સામી વ્યક્તિ જે મુશ્કેલીમાં મુકાવાની છે તે મુશ્કેલીનો સામનો કરવા પોતે તૈયાર નથી. આ કેટલું બેહૂદું લાગે છે!

પ્રભુ ઈસુએ તો આવા સ્વાર્થની ઉપર જઈને જીવન જીવવાનું આપણને શીખવ્યું છે. આપણી ઉપર પાપની જે શિક્ષા લટકતી હતી તે દૂર કરવા પોતે વહોરી લીધી. આપણે જ્યારે તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ મૂકીએ છીએ, ત્યારે તે આપણને માફી બક્ષે છે, અને આપણા હૃદયમાં વાસ કરે છે. બીજાઓને માટે લાગણી અને પ્રેમ આપણી અંદર જન્માવે છે, અને આપણા દુશ્મન ઉપર પણ પ્રેમ રાખતાં શીખીએ છીએ.

એક ખ્રિસ્તી ખેડૂતની વાત છે કે, તેણે એક નવી વાડી વેચાતી લીધી. ખેતીની આ વાડી પાસે એક બીજા ખેડૂતની વાડી હતી. પરંતુ આ પાડોશી ખ્રિસ્તી સ્વભાવ ધરાવતો ન હતો. બીજા દિવસે આ પાડોશી નવા ખેડૂતને મળ્યો, અને પૂછ્યું કે, "આ વાડીના નવા માલિક તમે જ છો?" ખેડૂતે હા પાડી. પાડોશીએ તોછડાઈથી કહ્યું, "તો પછી આ વાડીની સાથે સાથે તમે એક કોર્ટનો કેસ પણ ખરીદી લો છો એ જાણી લો. તમને વાડી વેચનાર અગાઉના ખેડૂતે મારી ૧૦ ફૂટ જમીન તેની જમીનમાં દબાવી દીધી છે. આ ગેરકાયદેસર કબજો છોડાવવા હું કોર્ટમાં કેસ કરવાનો છું." ખેડૂતે પાડોશીને કહ્યું, "ના, ના, એમ કરશો નહિ. કોર્ટમાં કેસ કરવાની કોઈ જરૂર નથી. જો તમને એમ લાગતું હોય કે, તમારી ૧૦ ફૂટ જમીન દબાવીને વાડ કરી લેવામાં આવી છે, તો તમે ક્હેશો ત્યાં આપણે હદ ઠરાવીને વાડ ફરીથી કરીશું. તમે જાતે માપણી કરીને મને હદ કરી આપશો અને કોઈ ચિંતા કરશો નહિ; હું જરૂર તેનો અમલ કરીશ."

આ માયાળુ શબ્દો સાંભળીને પાડોશી સ્તબ્ધ થઈ ગયો અને બોલ્યો કે, "તમે જે શબ્દો અત્યારે મને કહી રહ્યા છો તે ચોક્કસ પાળવાના છો?" ખેડૂતે જવાબ આપ્યો, "હા જરૂર, કારણ કે, આપણા પ્રભુએ મને બધાની સાથે પ્રેમથી રહેવાનો આદેશ આપ્યો છે." આ સાંભળીને પાડોશીનું વલણ એકદમ બદલાઈ ગયું. થોડીવાર તેણે નિખાલસ હાસ્ય દાખવતાં ખેડૂતના મોં

સામે જોઈ રહીને મેળાપ માટે હાથ લંબાવતાં કહ્યું, "મને માફ કરો. વાડ જ્યાં છે ત્યાં જ રહેવા દાઈએ; મને વાંધો નથી."

કહેવાની ભાગ્યે જ જરૂર છે કે, આ ખેડૂત અને તેમનો પાડોશી સાચા મિત્રો બની રહ્યા. એક સાચા ખ્રિસ્તીના વિશ્વાસ, પ્રેમ અને વર્તને બીજાને સાચો માર્ગ બતાવ્યો, અને ખ્રિસ્ત ઉપરના વિશ્વાસમાં દોર્યા.

વૈર અને સ્વાર્થનું મારણ સાચો પ્રેમ છે. પ્રભુ ઈસુએ પણ વધસ્તંભ ઉપરથી તેમના દુશ્મનો માટે પ્રેમ બતાવ્યો અને પ્રાર્થના કરતાં કહ્યું, "હે બાપ, તેઓને માફ કર." (લૂક ૨૩:૩૪). આ છે, સાચું ખ્રિસ્તીપણું અને જીવંત સાક્ષી. ★

## ૨૯
# ઈર્ષાનો અગ્નિ

મનુષ્યોના અનેક દુર્ગુણોમાં અદેખાઈ કે ઈર્ષા પણ મુખ્ય છે. કોઈની ઈર્ષા કરીએ અને તેની પ્રગતિ રોકવા અયોગ્ય રીતે વર્તીએ, ત્યારે સરવાળે તો સામી વ્યક્તિને બદલે ઈર્ષાળુ મનુષ્યનું જ અહિત થાય છે. આ દુર્ગુણ સામે પવિત્રશાસ્ત્રમાં પણ ઘણી જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. "કેમ કે જ્યાં અદેખાઈ તથા ચરસાચરસી છે, ત્યાં ધાંધલ તથા દરેક દુષ્કર્મ છે" (યાકૂબ ૩:૧૬). બાઈબલના કેટલાક કિસ્સાઓના મૂળમાં પણ ઈર્ષા રહેલી આપણે વાંચીએ છીએ.

કાઈન અને હાબેલ બે સગા ભાઈઓ હતા, પરંતુ નાના ભાઈ હાબેલનું વેદી ઉપર ચઢાવેલું અર્પણ ઈશ્વર માન્ય કરે છે, ત્યારે મોટો ભાઈ કાઈન નાના ભાઈ હાબેલને મારીને ભૂમિમાં દાટી દે છે. ઈર્ષાને કારણે કેટલો મોટો અનર્થ આપણે વાંચીએ છીએ! (ઉત્પત્તિ ૪:૧-૧૫).

ઈબ્રાહીમની પત્ની સારાહ, ઉપપત્ની હાગાર ઉપર અને તેના પુત્ર ઉપર દ્વેષ રાખે છે, અને ઘરમાંથી પણ કાઢી મૂકે છે. (ઉત્પત્તિ ૨૧:૯-૨૧).

ઈસ્રાએલ પ્રજાના આગેવાન મૂસાની ઈશ્વરની સહાયથી થતી કામગીરી અને સફળતા, હારૂન અને મરિયમ જોઈ શકતાં નથી અને મૂસાની ઈર્ષા કરે છે અને નિંદા કરે છે, અને પરિણામે મરિયમ કોઢી (ગણના ૧૨:૨-૧૫) બનીને તેને છાવણીની બહાર રહેવું પડે છે.

ઈતિહાસના પાને પણ જોઈશું તો કેટલા રાજાઓ, આગેવાનો અને રાજ્યો, કોઈની ઈર્ષા અને તેથી નીપજતા બનાવોને કારણે નાશ પામ્યા!

ઈર્ષા એટલે અંદરખાને બળવું અને એ બળવાની જ્યોત એટલી ભયંકર રીતે પ્રગટે છે કે છેવટે મનુષ્યનો નાશ થાય છે.

આ દુર્ગુણ ઓસ્ટ્રેલિયા દેશમાં શિકાર માટે વપરાતા બૂમરેંગ હથિયાર જેવો છે. આ હથિયાર જેમ ફેંકનાર તરફ પાછું આળે છે, તે જ રીતે ઈર્ષાળુ માણસ જેના તરફ અણગમો બતાવે છે તે મનુષ્યને તો છેવટે કંઈ થતું નથી, પરંતુ આ સ્વભાવ બતાવનારને જ નુકસાન પહોંચાડે છે.

બ્રહ્મદેશની એક લોકકથા છે જેમાં વર્ણવામાં આવ્યું છે કે, એક કુંભાર, તેના પાડોશી ધોબીની ચઢતી સ્થિતિ જોઈને તેની ઘણી અદેખાઈ કરવા લાગ્યો. જ્યારે ઈર્ષાએ હદ ઓળંગી ત્યારે તેણે આ ધોબીનું અહિત કરવા

યોજના કરી. તે રાજા પાસે ગયો અને કહ્યું કે, "ધોબીનું કામ મેલ અને કાળાશ દૂર કરીને ચોખ્ખું અને શ્વેત બનાવવાનું છે. રાજાએ એવો હુકમ કરવો જોઈએ કે, રાજ્યનો ધોબી, રાજાના કાળા હાથીને ધોઈને તેને સફેદ બનાવે." ધોબીને આ હુકમ આપવામાં આવ્યો અને તાકીદે રાજાના કાળા હાથીને ધોઈને સફેદ બનાવવાનું ફરમાન કરવામાં આવ્યું. ધોબી ચાલાક હતો અને કુંભારની મેલી રમત સમજી ગયો. તે રાજા પાસે ગયો અને અદબથી બોલ્યો, "મહારાજા, આપનો હુકમ હું માથે ચઢાવું છું; પરંતુ અમારા ધંધામાં પણ એક નિયમ છે જેનું પાલન થાય તો જ અમે અમારું કામ સંતોષકારક રીતે કરી શકીએ છીએ."

રાજાના પૂછવાથી તેણે જણાવ્યું કે, "જો હાથી મારે ધોવાનો હોય, તો હાથી સમાઈ શકે તેવું મોટું વાસણ મારી પાસે હોવું જ જોઈએ, જેથી હાથીને તેમાં ઊભો રાખીને હું મારી ફરજ બજાવી શકું."

રાજાએ હુકમ કર્યો કે, કુંભાર મોટું વાસણ બનાવીને ધોબીને આપે, જેથી તે તેને સોંપેલી ફરજ બજાવી શકે. કુંભારે ઘણી મહેનતે એક મોટું કૂંડું બનાવ્યું તો ખરું, પરંતુ જ્યારે હાથીને તેમાં ઊભો રાખવામાં આવ્યો, ત્યારે હાથીના વજનને કારણે તે તરત તૂટી ગયું. ધોબીએ કહ્યું કે, "બીજું મજબૂત વાસણ બનાવવું જોઈએ, નહિ તો હું મારું કાર્ય કરી શકીશ નહિ." કુંભારે ફરીથી દિવસોની પુષ્કળ મહેનત બાદ બીજું એક વધારે મોટું અને મજબૂત વાસણ બનાવ્યું, પરંતુ હાથીને તેમાં ઊભો રાખતાં તેની પણ એ જ હાલત થઈ.

કુંભારે પોતાનો ધંધો ખોઈને બીજાં અનેક મોટાં વાસણો બનાવ્યાં, પરંતુ દરેકનો અંજામ એવો જ આવ્યો, અને છેવટે કુંભાર પાયમાલ થઈ ગયો. અદેખાઈરૂપી જે ખાડો તેણે ખોદ્યો હતો, તેમાં તે પોતે જ પડ્યો. ઈર્ષારૂપી અગ્નિમાં તે પોતે જ સળગી ગયો.

ઈર્ષાનો અગ્નિ જો આપણે કબૂલાત અને પશ્ચાતાપરૂપી પાણીથી ન હોલવી નાખીએ, તો તે આપણને પણ તેની જ્વાળામાં લપેટીને નાશને માર્ગે લઈ જશે.

મહાજ્ઞાની સુલેમાન રાજા લખે છે કે, "કોઈ માણસ પોતાના ખોળામાં અગ્નિ લે, તો શું તેનાં લૂગડાં બળ્યા વગર રહે?" (નીતિવચન ૬:૨૭).

આપણા જીવનમાં ગમે તેની સામે પણ જો ઈર્ષા કે અદેખાઈએ પ્રવેશ કર્યો હોય, તો મોડું થાય તે અગાઉ, નમ્રપણે પસ્તાવારૂપી પાણીથી તે હોલવીએ.★

૩૦

# અસલી-નકલી

આજે દુનિયામાં ઠગાઈ માટે અસલની નકલ કરીને પ્રજાને છેતરવાનો અને પૈસા કમાવાનો ધંધો દરેક ક્ષેત્રમાં આગળ વધતો જાય છે. ન્યૂઝપેપરોમાં જાતજાતની વિગતો રોજ વાંચીએ છીએ. શુદ્ધ દવાની બનાવટી નકલ, ખાવાપીવાની ચીજોની નકલી બનાવટ, ચલણી સિક્કાઓ અને નોટોની નકલ, કારખાનાંઓમાં બનતી જુદી જુદી વસ્તુઓની નકલ વગેરે.

બાઈબલમાં પણ આવા કિસ્સાઓ વાંચીએ છીએ. યાકૂબ નકલી એસાવ બનીને બાપને છેતરે છે અને પાપ કરે છે. (ઉત્પત્તિ ૨૭ મો અધ્યાય). મહાજ્ઞાની સુલેમાન રાજા પાસે ન્યાય મેળવવા આવેલ બે માતાઓ (૧ રાજા ૩:૧૬-૨૮) ની વાત આપણે સારી પેઠે જાણીએ છીએ. બાળકની અસલી મા કોણ અને નકલી મા કોણ છે તે કહેવું મુશ્કેલ હતું ત્યારે જ્ઞાની સુલેમાન રાજાએ કેવી અજાયબ રીતે એ ભેદ પકડી પાડીને અસલી મા કોણ છે તેની ખાતરી કરાવી હતી.

મનુષ્યના વર્તનમાં અને સ્વભાવમાં પણ આવી નકલો આપણે જોઈએ છીએ. મનુષ્ય પોતાનો અસલ સ્વભાવ ઢાંકીને સારો દેખાવા અને ગણાવા સારા વર્તનની માત્ર નકલ કરે છે, પરંતુ ઈશ્વરની નજરમાં આ તો માત્ર ઢોંગ સિવાય બીજું કંઈ જ નથી. કારણ કે, તે તો સર્વજ્ઞ, સર્વવ્યાપી અને સર્વશક્તિમાન ઈશ્વર છે જેની ધ્યાન બહાર કંઈ જ હોતું નથી. બાઈબલમાં ફરોશીઓ અને શાસ્ત્રીઓની વાત છે જેઓ ધાર્મિક હોવાનો ડોળ કરે છે, જ્યારે હૃદયમાં તો તેઓ તેથી ઊલટા જ ગુણો ધરાવતા હોય છે. પ્રભુ ઈસુ તેવાઓને ખુલ્લા પાડે છે અને તેઓને ચોખ્ખા શબ્દોમાં "ઢોંગીઓ" (માથ્થી ૧૫:૭, માર્ક ૭:૬) કહે છે. તેઓને "ધોળેલી કબર" (માથ્થી ૨૩:૨૭, લૂક ૧૧:૪૪, પ્રે.કૃ. ૨૩:૩) ની ઉપમા આપે છે જે બહારથી સુશોભિત દેખાય, પરંતુ અંદર તો કોહવાણ અને ગંદકીથી ભરેલી હોય.

નકલ કરવાનો કોઈવાર કેવો બૂરો અંજામ આવે છે તે પણ આપણે જોઈએ છીએ, વાંચીએ છીએ અને સાંભળીએ છીએ. આપણે નકલ કરતાં પકડાઈએ કે ન પકડાઈએ, પરંતુ ઈશ્વરની નજરમાં તો ગુનેગાર ગણાઈએ જ છીએ. ઘણા એમ માને છે કે, ધાર્મિક હોવાનો ડોળ તેઓ સારી પેઠે અદા

કરશે અને ઈશ્વરને રાજી કરી શકશે. આને તો પાપ સિવાય બીજી કોઈ ગણતરીમાં લઈ શકાય નહિ. કારણ કે, અંતે તો તેઓના આત્મિક ઉદ્ધારને બદલે નાશ જ લખાયેલો હોય છે.

એક બકરાને સિંહની ખ્યાતિ સાંભળીને સિંહ બનવું હતું. તેણે મનમાં વિચાર્યું કે, જો તે સિંહની પેઠે ચાલશે, સિંહની માફક ગર્જના કરશે અને જ્યાં સિંહ રહે છે અને હરેફરે છે તેવી જગ્યાએ છૂટથી હરવા ફરવા માંડશે તો સિંહ બની જશે.

તેણે સિંહના જેવા દોરદમામથી ચાલવાની પ્રેક્ટિસ કરવા માંડી અને વાળના ગુચ્છાવાળી નાની પૂંછડી આમતેમ હલાવી રાજવી ઢબે ડગ ભરવા માંડ્યાં. સિંહના જેવી ગર્જના કરતાં પણ તેને આવડવું જોઈએ, એટલે પોતાનો બેં... બેં નો કર્કશ અવાજ ઊંડો અને ઘેરો બનાવી જાણે કે સિંહના જેવી ગર્જનાનો અવાજ કરવા માંડ્યો. તેણે આ મહાવરો ચાલુ જ રાખ્યો અને છેવટે તેને લાગ્યું કે, જંગલનાં પ્રાણીઓના રાજાની માફક તે દેખાય છે, ચાલે છે અને બોલે છે. હવે તેણે પોતાના મનમાં વિચાર્યું કે, એક ચીજ હવે બાકી છે, અને તે એ છે, જે જગ્યાઓમાં, કોતરોમાં અને ગુફાઓમાં સિંહ વસે છે અને હરેફરે છે, ત્યાં તેણે બીક વગર ફરવું જોઈએ. આથી એક દિવસ તે સિંહોનાં રહેઠાણ તરફ ચાલી નીકળ્યો. બપોરના ભોજનનો સમય હતો, અને એક સિંહ શિકારની શોધમાં બહાર નીકળ્યો હતો. તેણે આ બકરાને જોયો અને કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એ મૂર્ખ બકરો જે સિંહની નકલ કરવા માગતો હતો તેની શું દશા થઈ હશે!

ઘણીવાર લોકોને લાગે છે કે, આપણે ખ્રિસ્તી માફક બોલીએ, ચાલીએ અને વર્તીએ છીએ, માટે આપણે ખરા ખ્રિસ્તીઓ છીએ. પરંતુ એ તો બધું બાહ્ય રૂપ છે, ઢોંગ છે, નકલ છે જે ઈશ્વરની નજરમાં માન્ય નથી.

દેવળમાં નિત્ય જઈએ, મીઠી ભાષા બોલીએ અને સારી રીતે જીવીએ, તો સ્વર્ગનાં દ્વાર આપણા માટે ખૂલી જવાનાં નથી. સ્વર્ગના વારસદાર બનવા માટે તો પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકારીને તેને વળગી રહેવાનું છે, અને તેમણે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે જ જીવન જીવવાનું છે. જો આ ન કરીએ, તો નકલી ખ્રિસ્તીઓ ગણાઈએ, અને શેતાન ગર્જનાર સિંહ (૧ પિતર ૫:૮)ની માફક આપણને તેનો કોળિયો બનાવી દેશે.★

## ૩૧
## બીમારી અને ઈશ્વરી નિદાન

"વળી આપણે જાણીએ છીએ કે જેઓ દેવના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે." (રૂમી ૮:૨૮)

આપણે વિશ્વાસથી માનીએ છીએ કે, પવિત્ર શાસ્ત્રનાં વચનો ઈશ્વરપ્રેરિત છે, અને તે આપણા માટે આત્મિક અન્નજળ સમાન છે. છતાં ઘણીવાર, વિશ્વાસમાં અધૂરાં હોવાથી બાઈબલનાં વચનોમાંથી દિલાસો અને દોરવણી મેળવી શકતાં નથી, અને પરિણામે પોતે દુઃખી બનીએ છીએ, અને બીજાંઓને તેમનાં દુઃખમાં સાંત્વન આપી શકતાં નથી. મુશ્કેલીમાં ઘેરાઈએ યા દુઃખમાં સપડાઈએ ત્યારે વિશ્વાસ ગુમાવીને ઈશ્વર સામે પણ ફરિયાદ કરવાનું ચૂકતાં નથી. પરંતુ ઉપર ટાંકેલું બાઈબલનું વચન તો સ્પષ્ટ જાહેર કરે છે કે, "તેડાયેલાને તો એકંદરે સઘળું હિતકારક નીવડે છે." તાત્કાલિક આપણી ઇચ્છા કે માગણી પૂરી ન થાય ત્યારે દુઃખ લાગે, પરંતુ તેના સમયની સંપૂર્ણતાએ તો ઈશ્વરે આપણા હિતમાં જ કામ કર્યું હતું તે કબૂલ કરીએ છીએ.

"ડેઈલી બ્રેડ" સામયિકમાં એક મિશનરી બાનુ સંબંધી વાત મારા વાંચવામાં આવી. આ મિશનરી બાનુ પરદેશમાં સેવા આપતાં હતાં અને એક વાર એક વિચિત્ર ગંભીર માંદગીમાં સપડાયાં. દવાદારૂ માટે પૈસા ખૂટ્યા અને વધુમાં એ માસના પગારનો ચેક ન મળવાથી મુશ્કેલી વધી. બહુ જ તંગી વેઠીને તેઓ ફક્ત જવની કાંજી ઉપર દિવસો ગુજારવા લાગ્યાં. આમ એક મહિનો પૂરો થયો અને તેઓની માંદગી પણ ચાલી ગઈ. મહિના પછી ચેક મળ્યો અને ફરીથી નિયમિત જીવન ચાલવા લાગ્યું, અને તેઓ ઇચ્છા પ્રમાણેનો ખોરાક લેવા લાગ્યાં. આ બીમારી દરમ્યાન તેઓને ઘણીવાર મનમાં સંદેહ આવતો કે ઈશ્વર તેમને ભૂલી ગયો છે કે શું? આટલી આટલી વિનંતી અને પ્રાર્થનાનો ઈશ્વર પ્રત્યુત્તર કેમ આપતો નહિ હોય!

ફર્લો ઉપર તેઓ દેશમાં ગયાં ત્યારે આ અનુભવ વિષે એક સભામાં તેઓએ વાત કરી. આ સભામાં એક હોશિયાર ડૉક્ટર પણ હાજર હતા. સભા બાદ ડૉક્ટરે તેઓની બીમારી અને માંદગીનાં લક્ષણો વિષે ઝીણવટથી પૂછપરછ કરી. છેવટે તેમણે કહ્યું કે, "ઈશ્વરનો આભાર માનો કે પગારનો ચેક એક મહિનો મોડો મળ્યો. જો સમયસર પૈસા મળ્યો હોત, તો તમે આજે આ પૃથ્વી ઉપર હયાત ન હોત! તમે જે માંદગીમાં સપડાયાં હતાં તે જીવલેણ રોગ હતો. અને આવા દર્દીઓને અમે જવની સાદી કાંજી સિવાય એક મહિના સુધી બીજો કોઈપણ ખોરાક લેવાની સખત મનાઈ કરીએ છીએ. પાસે પૈસા હોત, તો તમે બીજો ઘણો ખોરાક ખરીદ્યો હોત, અને આરોગ્યો હોત, પરિણામે આ રોગની સારવાર અને લેવાની કાળજીના અભાવે તમે રોગના ભોગ બન્યાં હોત. હવે તમે સમજી શકશો કે તમારી એક માસની મુશ્કેલી, એ ઈશ્વરની યોજના મુજબની અને તમારા પોતાના માટે હિતકારક હતી."

આ મિશનરી બાનુએ તે જ ઘડીએ ઈશ્વરનો આભાર માન્યો, અને ઈશ્વરની સંભાળ વિષે મનમાં આણેલ સંદેહ માટે પસ્તાવો કરી માફી માગી.

વહાલાંઓ, ખ્રિસ્તના અનુયાયીઓ તરીકે આપણે પણ ઈશ્વરની ઇચ્છાને ઓળખતાં અને ગમે તે સંજોગોમાં આધીન થતાં શીખીએ. આપણી તમામ મુશ્કેલીઓમાં પવિત્ર શાસ્ત્રનાં અમૂલ્ય વચનો ઉત્તમ નિદાન છે.★

## ૩૨
## ફૂલ કે પથ્થર

બે વ્યક્તિઓને તેમની કહેવાતી ભૂલો જણાવીને એક ક્રોધિત ટીકાકારે સખત પત્રો લખ્યા. બન્ને પત્રો ઘણા જ કડક, અન્યાયી અને કઠોર હતા. પરંતુ પત્રો મેળવનાર બન્ને વ્યક્તિઓએ તે પ્રત્યે જુદી જુદી રીતે પોતાનો ભાવ વ્યક્ત કર્યો.

એક વ્યક્તિએ તાત્કાલિક પોતાનો બચાવ કરતાં પોતાને જે પત્ર મળ્યો તેની ભાષા કરતાં પણ વધારે કડક શબ્દોમાં ટીકાકારનો ઊધડો લેતો પત્ર લખ્યો. આનું પરિણામ એ આવ્યું કે ટીકાકારે વધુ ઉત્તેજિત અને ગુસ્સે થઈને પ્રથમ કરતાં પણ વધુ ઉઘાડી અને જોરદાર ટીકા આલેખી. પરિણામ શું આવ્યું? બન્ને વ્યક્તિઓનો સંબંધ એટલી હદે બગડ્યો કે એકબીજાનું મોં જોવાનું પણ તેઓએ બંધ કર્યું.

બીજી વ્યક્તિ જેને એવો જ કડક ટીકારૂપ પત્ર મળ્યો હતો તેણે તાત્કાલિક કંઈ જ ન કર્યું, પરંતુ ચિંતા કર્યા વગર આરામની ઊંઘ લીધી અને બીજા દિવસે ટીકાનો ડંખ તેને ઓછો થયેલો લાગ્યો. પછી તેણે ટીકાકારનો આભાર માનતો સુંદર પત્ર લખ્યો, અને પોતાની કહેવાતી ભૂલો બતાવવા માટે તેનો ખાસ આભાર માન્યો. કારણ કે, એથી તેને જણાવેલી ભૂલો સુધારવાની તક સાંપડી હતી. આ જવાબ વાંચીને ટીકાકારના મગજ ઉપર ન સમજી શકાય તેવી અસર થઈ. તેના ગુસ્સારૂપ અગ્નિ ઉપર જાણે ઠંડું પાણી રેડાયું હોય! તેણે પેલી વ્યક્તિને માફી માગતો પત્ર લખ્યો અને રૂબરૂ મળીને દિલગીરી વ્યક્ત કરી, અને પરિણામે બન્ને હવે ગાઢ મિત્રો બની ગયા.

બાઈબલ અને પ્રભુ ઈસુનું આ જ શિક્ષણ છે. નીતિવચન કહે છે, “નમ્ર ઉત્તર ક્રોધને શાંત કરી દે છે, પણ કઠોર શબ્દો રીસ ચઢાવે છે.” (નીતિવચન ૧૫:૧).

આપણે ભલે નિર્દોષ હોઈએ અને ટીકા સંપૂર્ણપણે અન્યાયી હોય, છતાં જો ગુસ્સો ગળી જઈશું, તો દુશ્મનને પણ પ્રેમથી ફેરવવાની તક મળશે.

પ્રભુ ઈસુએ પણ પોતાના દુશ્મનો ઉપર અવર્ણનીય પ્રેમ રાખ્યો, અને તે એટલે સુધી કે તેને વધસ્તંભે જડનારાઓ માટે પણ ઈશ્વરપિતાની ક્ષમા યાચતાં કહ્યું કે, "હે બાપ, તેઓને માફ કર; કારણ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી." (લૂક ૨૩:૩૪).

આજે આપણા સમાજ અને મંડળીઓમાં ઝઘડાઓ વધતા જ જાય છે, ત્યારે આપણા આગેવાનો જો આ આદર્શ અપનાવશે, તો ખાતરીથી માનજો કે મંડળીઓમાં પ્રેમ, શાંતિ અને પવિત્રતા વિસ્તરશે, અને મંડળીઓ ડાઘ, એબ કે કરચલી વગરની જેવી આપણો તારનાર ઇચ્છે છે તેવી આદર્શ થશે. ★

## ૩૩
# ભૂંડ તે ભૂંડ

અનંતજીવન પામવા સંબંધી પ્રભુ ઈસુએ મહત્ત્વનું શિક્ષણ આપ્યું છે જે આપણે તેમની નીકોદેમસ નામના એક ફરોશી સાથે થયેલ ચર્ચા ઉપરથી જાણીએ છીએ. મનુષ્યજીવનનાં બે સ્વરૂપો છે : એક બાહ્ય અને બીજું આંતરિક. મનુષ્યના બાહ્ય સ્વરૂપ ઉપરથી આપણને તેના આંતરિક સ્વરૂપનો ચોક્કસ ખ્યાલ આવતો નથી. બહારથી કોઈ વ્યક્તિ ગમે તેટલી સારી અને આદર્શ દેખાતી હોય, પરંતુ એ કેવળ તેનો બાહ્ય દેખાવ જ હોઈ શકે, અને તેનો અંતરાત્મા વિરુદ્ધ દિશામાં જ કાર્ય કરતો હોય. ધાર્મિક વિધિઓ બાહ્ય રીતે આપણે ચુસ્તપણે પાળતા હોઈએ, પરંતુ આત્મા સ્વચ્છ અને પાપરહિત ન હોય, તો તેનું દેખાતું ધાર્મિકપણું વ્યર્થ છે, અને ઈશ્વરની નજરમાં તે માન્ય થઈ શકતું નથી.

બાહ્ય સ્વચ્છતાની સાથે આંતરિક શુદ્ધતા હોવી જ જોઈએ, અને તો જ આપણે દેવના રાજ્યના હકદાર બની શકીએ.

પ્રભુ ઈસુએ નીકોદેમસને રોકડો જવાબ આપ્યો કે, "જો કોઈ વ્યક્તિ નવો જન્મ પામી ન હોય, તો તે દેવના રાજ્યમાં પ્રવેશ પામી શકતી નથી." (યોહાન ૩:૩). પોતાનાં પાપનો પસ્તાવો કરીને પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકારીએ, અને તેમણે બતાવેલ માર્ગમાં સ્થિરતાથી ચાલીએ, તો તે જ આત્માનો નવો જન્મ છે. આત્માને સારો બનાવવા તેના ઉપર ખોટા આત્મિક શણગાર કરીએ તેથી આત્મા સારો બનતો નથી. આત્મા તો મેલો ને મેલો જ છે, અને તેની ઉપર ફક્ત ઊજળાં કપડાં પહેરાવેલાં છે. એ દુષ્ટ આત્માનું સંપૂર્ણ બદલાણ ન થાય, તો એ આત્મા પાસેથી આપણે આત્મિક વાનાં પામી શકવાના નથી.

ઈંગ્લેન્ડના માન્ચેસ્ટર શહેરની એક વાત છે. પ્રખ્યાત ખ્રિસ્તી ઉપદેશક હેનરી મુરહાઉસ જ્યારે યુવાન હતા ત્યારે એક દિવસ શહેરમાંથી પસાર થતા હતા. એક મકાન આગળ એક વ્યક્તિ જોરથી બૂમ પાડીને લોકોનું ધ્યાન ખેંચતી તેમણે જોઈ. પેલી વ્યક્તિ કહેતી હતી, "આવો, આવો, અને

એક અમેરિકન ભૂંડના હેરતભર્યા પ્રયોગો નજરે નિહાળો." મી. હેનરી પ્રવેશ ફી આપીને ભૂંડ જોવા ગયા. તેમણે જોયું કે, આ પાળેલું ભૂંડ ખરેખર નવાઈ પમાડે તેવા ખેલ કરી બતાવતું હતું. તેના ખેલમાં એક ખાસ ખેલ એ હતો કે, તેના માલિકે મોટા અંગ્રેજી મૂળાક્ષરો એક તરફ મૂક્યા હતા અને ભૂંડ અક્ષરોના ઢગલા પાસે જઈને એક પછી એક અક્ષર લાવીને પ્રેક્ષકો સમક્ષ ગોઠવતું હતું. આ ભૂંડ અક્ષરો ગોઠવીને "GOOD PIG" વંચાય તે રીતે ગોઠવતું હતું. આ જોઈને પ્રેક્ષકોને ખરેખર નવાઈ લાગતી કે, ભૂંડ જેવા પ્રાણીને પણ કેટલું સુંદર કેળવ્યું છે! ભૂંડના નખ કાપીને રંગેલા હતા. તેને બિલકુલ સ્વચ્છ દેખાય તે રીતે સાફ કરેલું હતું અને તેને સુંદર પોશાક પણ પહેરાવ્યો હતો. તે પ્રેક્ષકો પાસે જઈને આગલો પગ લંબાવીને બધાની સાથે જાણે હાથ મિલાવીને સલામ કરતું હતું. ભૂંડને આટલી બધી સુંદર રીતે બાહ્ય કેળવણી આપવામાં આવી હતી, પરંતુ તેનાથી તેના મૂળ સ્વભાવમાં કોઈ ફેરફાર થયો ન હતો, એનો દાખલો એક દિવસે તેણે પૂરો પાડ્યો.

એક દિવસ આ માલિક ભૂંડને નવડાવી, ધોવડાવી સુંદર પોશાક પહેરાવીને બહાર ફરવા લઈ ગયો. ભૂંડ માલિકની પાછળ પાછળ પૂરા ઠાઠ અને દમામથી ચાલતું હતું. એટલામાં રસ્તામાં એક ખુલ્લી ગટર આવી જેમાં પુષ્કળ ગંધાતો કાદવકીચડ જમા થયો હતો. ચારેબાજુ પુષ્કળ ગંદકી હતી. ભૂંડે આ કાદવ જોયો અને તરત દોડીને તેમાં આળોટવા લાગ્યું. તેને પહેરાવેલ સ્વચ્છ અને સુંદર પોશાક વગેરે કાદવમાં રગદોળાઈ ગયાં.

ભૂંડના માલિકે બાહ્ય રીતે તેને સારું બનાવવાનું શિક્ષણ આપ્યું હતું. પરંતુ તેનો આંતરિક સ્વભાવ બદલી શક્યો ન હતો અને તેના મૂળ સંસ્કારો તેવા ને તેવા જ રહેવાથી તે તેની મૂળ આદતોમાં રમવા લાગ્યું.

મી. હડસન કહે છે કે, તેમણે વારંવાર પોતાનાં ભાષણોમાં આ ભૂંડનો દાખલો આપ્યો છે કે, આપણે પણ આ ભૂંડના જેવાં જ છીએ. આપણો નવો જન્મ ન થાય અને આપણે જૂનાપણાનો સંપૂર્ણ રીતે ત્યાગ ન કરીએ, ત્યાં સુધી આપણો ઉધ્ધાર થવાનો નથી અને અનંતજીવન પામવું આપણા માટે અશક્ય રહેવાનું છે.

ગમે તેટલું ઉચ્ચ શિક્ષણ લઈએ, પુષ્કળ ધનદોલત મેળવીએ, સમાજમાં પ્રતિષ્ઠિત સ્થાન પામીએ, દાનધર્મ કરીએ, સમાજસેવાનાં અનેક કાર્યો કરીએ, પરંતુ જો આ બધો બાહ્ય દેખાવ જ હોય, તો તેથી આત્મા બચી જવાનો નથી.

પવિત્રશાસ્ત્રમાં જેમ લખવામાં આવ્યું છે કે, "ધોએલી ભૂંડણ કાદવમાં આળોટે છે" (૨ પિતર ૨:૨૨), તે પ્રમાણે આપણે પણ પાપરૂપી કાદવમાં આળોટીએ છીએ. આમ છતાં, પ્રભુ ઈસુ આપણો તિરસ્કાર કરતા નથી. તેઓ તો આપણા જેવા અધમ પાપીઓને આવકારે છે, આપણી ઉપર પ્રેમ રાખે છે, અને આથી જ આપણને પાપથી બચાવવા તેમણે પોતાનો પ્રાણ આપણા માટે આપી દીધો. આપણે એવી રીતે જીવનનો રાહ બદલીને જીવીએ કે, **"ભૂંડ તે ભૂંડ"** શબ્દો આપણને લાગુ ન પડે. ★

## ૩૪
## આત્મસમર્પણ

ઇતિહાસનાં પાનાં ઊથલાવીશું તો દેશને ખાતર જાન ન્યોછાવર કરનાર વીરપુરુષો અને સ્ત્રીઓના આત્મસમર્પણના કિસ્સાઓ વાંચવા મળશે. દરેક દેશમાં આવા બનાવો બનતા આવ્યા છે, અને તેઓનાં નામ તે દેશના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે કોતરાયેલાં છે. બીજા વિશ્વયુદ્ધ સમયે પણ આવા કિસ્સાઓ વિષે આપણે ઘણું સાંભળ્યું અને વાંચ્યું હતું.

જાપાન જ્યારે મિત્રરાજ્યોની સામે પડ્યું હતું ત્યારે બહુ જ થોડા સમયમાં પૂર્વના વિસ્તારોમાં તેણે પોતાના વિજયનો ડંકો વગાડવો શરૂ કરી દીધો હતો. અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા શક્તિશાળી દેશોને પણ તેણે હંફાવી દીધા હતા. જાપાનને આગળ વધતું અટકાવવા અને કાબૂમાં રાખવા મિત્રરાજ્યોનાં બે મોટાં યુદ્ધજહાજો પૂર્વના વિસ્તારોમાં મોકલવામાં આવ્યાં હતાં. આ જહાજો પુષ્કળ શક્તિશાળી મનાતાં હતાં. અને આથી મિત્રરાજ્યોનાં નૌકાકાફલાને ઘણી રાહત લાગતી હતી. પરંતુ એક સવારે પેપરમાં વાંચ્યું કે, "આ જહાજોને જાપાનનાં વિમાનોએ ડુબાડી દીધાં છે." અને આવાં શક્તિશાળી જહાજોનો ખાતમો થયેલો જાણીને દુનિયા ચકિત થઈ ગઈ હતી.

જે બન્યું તે જાપાની વિમાનીઓના દેશપ્રેમ અને આત્મસમર્પણને કારણે હતું. જાપાની કમાન્ડરે આપઘાત કરનારી ટુકડીઓ તૈયાર કરી હતી અને તેઓને પોતાનાં વિમાનોમાં પુષ્કળ સ્ફોટક પદાર્થો ભરીને આ બે યુદ્ધજહાજો ઉપર જ પડતું મૂકવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેઓને આ કામગીરી સોંપવામાં આવી હતી તેઓ ચોક્કસ મરણ પામવાના જ હતા, પરંતુ દેશને બચાવવા અને દેશને વિજય અપાવવા આ શૂરવીરો તૈયાર થયા હતા, અને પોતાના જાનની કુરબાની આપીને પોતાને સોંપેલું કાર્ય પાર પાડ્યું હતું. દેશને માટે આ કેવી ઉમદા ભાવના હતી! જાપાન દેશ પાછળથી ભલે હારી ગયો અને શરણાગતિ સ્વીકારવી પડી, પરંતુ એ દેશના વીરપુરુષોએ જે બલિદાન આપ્યું હતું, તે ઇતિહાસના અમર પાને લખાઈ ચૂક્યું હતું.

ભારતના ઇતિહાસમાં પણ દેશ માટે જાન આપનારાઓની અનેક

વાતો આપણે વાંચતા-સાંભળતા આવ્યા છીએ. દેશનો દુશ્મન જીત મેળવતો આગળ વધતો હોય, અને પોતાની જીત કે બચાવનો કોઈ માર્ગ બાકી ન હોય, ત્યારે રજપૂતો જે કેસરિયાં કરતા હતા તે પણ જાણીતો ઇતિહાસ છે. ધર્મયુદ્ધો (ક્રુસેડ)માં પણ ખ્રિસ્તીઓ અને મુસલમાનો જાન હોમી દેતા હતા તે વિષે આપણે ઘણું વાંચીએ છીએ.

બ્રિટિશ લશ્કરની એક ટુકડી વિષે પણ પોતાના દેશ માટે મરી ફીટવાની તૈયારી બતાવતી એક વાત હમણાં જ મારા વાંચવામાં આવી.

ઘણાં વર્ષો પૂર્વે, જ્યારે "બ્રિટિશ રાજ્યમાં સૂર્ય આથમતો નથી" એમ કહેવાતું હતું તે સમયમાં અવારનવાર કોઈ ને કોઈ ઠેકાણે તોફાનો ફાટી નીકળતાં હતાં. એક વાર એવા એક પ્રદેશમાં ઓચિંતો બળવો ફાટી નીકળ્યો, અને તે શાંત કરવા એક લશ્કરી ટુકડીને તૈયાર કરવામાં આવી. દુશ્મનોને કારણે પરિસ્થિતિ ગંભીર બનતી જતી હતી અને આથી કોઈપણ ભોગે તેને કાબૂમાં લેવાનું સેનાપતિએ વિચાર્યું. તેમણે એક યોજના ઘડી કાઢી, પણ તેમાં જીવનું જોખમ હતું. આ જોખમ લેવા કોણ તૈયાર થાય, અને દેશને ખાતર મરી ફીટવાની ભાવના કોણ દાખવે, તે જાણી લેવા તેમણે પોતાની ટુકડીને બહાર બોલાવી, અને એક લાઈનમાં બધાને ઊભા રાખી પોતાની યોજના કરી સંભળાવી. સાથે એ પણ કહ્યું કે, "આમાં સો ટકા જાનનું જોખમ છે, અને આથી રાજીખુશીથી આ હુમલો કરવા તૈયાર થાય એવા સૈનિકોને હું પસંદ કરવા માગું છું." પછી સેનાપતિએ કહ્યું કે, "તમે મારી વાત પૂરેપૂરી સાંભળી છે, અને જે સૈનિક રાજીખુશીથી આ હુમલા માટે જીવ આપવા માગતો હોય, તે પોતાની જગ્યાએથી એક કદમ આગળ આવે." આમ બોલીને પોતાની આંખની શરમ કોઈના ઉપર ન પડે તેવું વિચારીને સેનાપતિ અવળા ફરીને ઊભા રહ્યા. થોડીવાર આમ ઊભા રહ્યા બાદ ફરીથી સૈનિકો તરફ ફર્યા, અને જોયું કે એકપણ સૈનિક પોતાની જગ્યાએથી એક કદમ આગળ આવ્યો નથી. તે ગુસ્સે થયા અને નિરાશ પણ થયા અને બોલ્યા કે, "મારી ટુકડીમાં શું એકપણ સૈનિક એવો નથી જે આપણા રાજા માટે અને દેશ માટે જાન આપવા તૈયાર હોય!" થોડીવાર કોઈ કંઈ જ બોલ્યું નહિ, અને પુષ્કળ ચુપકીદી પથરાઈ ગઈ. છેવટે, બીતાં બીતાં અને થોડા થોથરાતા

અવાજે એક સૈનિક બોલ્યો, "સાહેબ, અમે બધા જ એક કદમ આગળ આવ્યા છીએ, અને આથી આપ તે જોઈ શક્યા નહિ. અત્રે હાજર છે તે દરેક સૈનિક પોતાના રાજાની સેવા માટે જાન આપવા તૈયાર છે!" અહા! કેવી ઉમદા ભાવના!

આજે ઈશ્વરની સેવા માટે અને તેના આકાશી રાજ્યની વૃદ્ધિ અને ફેલાવા માટે આપણે કેટલાં તૈયાર છીએ? આપણા પ્રભુએ તો પોતાનો જીવ આપ્યો જેથી આપણે જીવતદાન પામીએ. હવે આપણે તેને કેવો બદલો ભરી આપીશું?

પ્રભુ ઈસુ તો કહે છે કે, "જો કોઈ મારી પાછળ આવવા ચાહે, તો તેણે પોતાનો નકાર કરવો, અને પોતાનો વધસ્તંભ ઊંચકીને મારી પાછળ આવવું." (માથ્થી ૧૬:૨૪, માર્ક ૮:૩૪, લૂક ૯:૨૩, ૧૪:૨૭). આ આદેશનો અમલ કરવા શું આપણે તૈયાર છીએ?

પેલા સૈનિકો તો પોતાના રાજાની સેવા અર્થે બધા જ મરી ફીટવા તૈયાર હતા; તો શું આપણે "રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ" (પુન. ૧૦:૧૭, યહો. ૨૨:૨૨, દાનિ. ૨:૪૭, ૧ તિમોથી ૬:૧૫, પ્રકટી. ૧૭:૧૪, ૧૯:૧૬)ની સેવા માટે અને તેના રાજ્યની વૃદ્ધિ માટે થોડી સેવા આપવા પણ તૈયારી ન બતાવીએ? ★

## ૩૫
# સ્વપ્નનો લક્ષાધિપતિ

દુનિયામાં ઘણા લોકો સંતોષી જીવન જીવે છે. જે કોઈ નોકરી તેઓ કરે છે, અને તેમાં જે કંઈ મળતર છે, તેનાથી સંતોષ પામે છે. પરંતુ ઘણા લોકો એવા પણ છે જેઓને કદી સંતોષ થતો નથી. તેઓને જે મળે છે તેનાથી વધારે મેળવવાની હંમેશ ઇચ્છા રાખે છે. તેઓનો દ્રવ્યલોભ વધતો જાય છે, અને દોલત જેમ વધે છે તેમ ચિંતાઓ પણ વધતી જાય છે. પોતાની નોકરીથી પણ સંતોષ મેળવતા નથી, અને બીજાઓની સરખામણી કરતા જ રહીને પોતાની જગ્યાને હલકી ગણે છે. દરેકને કંઈ મોટી કે ઉચ્ચ નોકરી ન મળે. પરંતુ મોટા સંચાલનમાં નાની સેવાઓનું પણ એટલું જ મહત્ત્વ છે, તે તેઓ વિચારી શકતા નથી.

એક તંત્રના સફળ સંચાલન માટે તો નાની મોટી દરેક સેવાની જરૂર પડે છે. અલબત્ત, કામ પ્રમાણે વધતી ઓછી જવાબદારી હોય છે. પણ એનો અર્થ એ નથી કે મોટી સેવાની કિંમત છે, અને નાની સેવા કોઈ હિસાબમાં નથી. જો બધા જ કર્મચારીઓ એકતા, સંપ અને સહકારથી કાર્ય ન કરે, તો સંચાલન બંધ પડે છે.

ઘડિયાળ એક યંત્ર છે, અને તેમાં નાનાં મોટાં ઘણાં ચક્કરો, ભાગો, કાંટાઓ વગેરે હોય છે. આ બધાંમાંથી એકપણ યંત્ર કામ કરવાનું બંધ પાડે, તો આખું યંત્ર અટકી પડે, અને ઘડિયાળ કામ આપતું અટકી જાય. આપણા શરીરની પણ આ જ રચના છે. નાના મોટા ઘણા અવયવો છે, અને દરેકને નાની મોટી કામગીરી વિશ્વાસુપણે બજાવવાની છે. જો એકાદ અવયવ પોતાની ફરજ ન બજાવે, તો તેથી આખું શરીર મુશ્કેલીમાં મુકાય છે અથવા શરીર નિર્જીવ પણ બને છે.

એક ડૉક્ટર ઑપરેશન કરે છે, પરંતુ સફળ ઑપરેશન માટે તે એકલો જ બસ નથી. એને તો બીજાઓની સેવાની જરૂર પડે છે. ક્લોરોફોર્મ સુંઘાડનાર ન હોય, તો દર્દીને ઑપરેશન માટે બેભાન બનાવી શકાતો નથી. ઑપરેશનમાં બીજા મદદગારોની પણ જરૂર પડે છે. કયું હથિયાર ક્યારે

આપવું, તે આપવા નર્સની જરૂર પડે છે; વપરાયેલું હથિયાર તરત સાફ કરીને, ઉકાળીને, જંતુનાશક બનાવીને ફરીથી ઉપયોગમાં લેવા માટે પણ એક વ્યક્તિની જરૂર પડે છે. આમ બધા એક સંપ અને સહકારથી કામ આપે, તો ઑપરેશન સફળ નીવડે છે.

ખ્રિસ્તની મંડળીમાં પણ આવું જ છે. દરેકને જુદાં જુદાં તાલંતો કે કૃપાદાનો મળેલાં હોય છે. અને દરેકે પોતાની શક્તિ અને બળબુદ્ધિનો ઉપયોગ કરવાનો છે. એકલા પાળક ઉપર તમામ કામ છોડી દેવામાં આવે, તો તે મંડળી વૃદ્ધિ પામી શકતી નથી.

પ્રેરિત પાઉલ લખે છે કે, "શરીરના ઘણા અવયવો છે અને દરેકને એક જ કામ કરવાનું નથી; તેમ આપણે ઘણા હોવા છતાં ખ્રિસ્તમાં એક શરીર છીએ અને અરસપરસ એકબીજાના અવયવો છીએ." (રૂમી ૧૨:૪-૫, ૧ કોરિંથી ૧૨:૧૪-૨૭, એફેસી ૪:૧૬).

આમ આપણે જોઈએ છીએ કે, દરેક વ્યક્તિએ પોતાની ફરજ વિષે હલકા વિચાર ન લાવવા અને તિરસ્કારની વૃત્તિ ન રાખવી; કારણ કે, દરેક નાની મોટી ફરજની કિંમત હોય છે જ. નીચેની એક વાત ઉપરથી આ બાબત સરળતાથી સમજાશે.

એક માણસને સ્વપ્ન આવ્યું. અને સ્વપ્નમાં જાણે કે તે લક્ષાધિપતિ બની ગયો. તેને બહુ આનંદ થયો કે હવે તેને કોઈ કામ કરવાનું રહેશે નહિ, અને આરામથી જે જોઈએ તે ઘેર બેઠા બેઠા મેળવી શકશે.

લક્ષાધિપતિ બની ગયો તેનો આનંદ હૃદયમાં ભરીને બીજા દિવસ માટે વિવિધ યોજનાઓ ઘડીને જાણે કે સ્વપ્નમાં વહેલો ઊઠે છે. તેણે વિચાર્યું કે નાહી-ધોઈ, ચા-નાસ્તો પતાવીને પછી શહેરમાંથી જાતજાતની મોંઘી વસ્તુઓની ખરીદી કરવા નીકળી પડશે. કારણ કે, હવે તેને પૈસાની ખોટ પડવાની નથી. તે ઊઠીને નહાવા-ધોવા બાથરૂમમાં ગયો અને નળ ઉઘાડ્યો, છતાં પાણીનું ટીપું પણ ન મળ્યું. તેને નવાઈ લાગી કે, પાણી કેમ બંધ છે! દાઢી કરવા તેણે ઈલેક્ટ્રિક રેઝર હાથમાં લીધું, પણ વીજળીનો પ્રવાહ આવતો ન હોવાથી દાઢી કરી શક્યો નહિ. આ બધું શું છે તે જાણવા સવારનું ન્યૂઝપેપર લેવા તે બહાર ગયો, પણ પેપરનું સ્ટેન્ડ ખાલી હતું, આથી પેપર ન મળ્યું.

હવે કંટાળીને નાસ્તો બહાર કરી લેવા શહેરમાં લઈ જતી બસની લાઈનમાં ઊભો રહ્યો. પણ ઘણીવાર સુધી એકપણ બસ ન આવી. તે કંટાળ્યો. પરંતુ શું થાય! એટલામાં એક મિત્ર ત્યાં થઈને નીકળ્યો, અને તેને બસસ્ટેન્ડ ઉપર ઊભેલો જોઈને કહ્યું, "અહીં બસની રાહ જોવામાં સમય બગાડશો નહિ; આજે બસ આવનાર નથી." આ ભાઈએ પૂછ્યું કે, "શું કારણ છે?" તેના મિત્રે જવાબ આપતાં કહ્યું કે, "શું તમને ખબર નથી કે, આપણા કસ્બાની દરેક વ્યક્તિને એક એક લાખ ડૉલર મળ્યા છે, અને આથી હવે કોઈ પોતાનું કામ કરવા તૈયાર નથી."

એટલામાં આ માણસ ઊંઘમાંથી જાગી ઊઠ્યો અને જાણ્યું કે તે સ્વપ્ન જોતો હતો. પરંતુ આ સ્વપ્ન ઉપરથી તેને એટલું ભાન જરૂર થયું કે કોઈ સેવા હલકી નથી, અને દરેકે પોતાને ભાગે આવેલી સેવા ખંતથી અને વિશ્વાસુપણે કરવી જોઈએ. અને તો જ દુનિયાનો કારભાર વ્યવસ્થિત ચાલે.

પૈસા કમાવા આપણે જરૂર કામ કરીએ, પરંતુ એકલો કમાવાનો જ હેતુ ન હોવો જોઈએ. આપણે સમજવું જોઈએ કે, આપણું કામ, સેવા કે ફરજ બીજાંઓના હિતમાં હોવાં જોઈએ. પાઉલ પ્રેરિત કોલોસીઓને પત્રમાં લખે છે કે, "માણસોને સારુ નહિ પણ જાણે પ્રભુને સારુ છે, એમ સમજીને જે કંઈ તમે કરો, તે સઘળું ખરા દિલથી કરો." (કોલોસી ૩:૨૩).★

## ૩૬
# "વાવો તેવું લણો"

"વાવો તેવું લણો." હું માનું છું કે, આ કહેવત યા તેનો ભાવાર્થ દુનિયાની તમામ ભાષાઓમાં એક યા બીજા શબ્દોમાં ઉપયોગમાં હશે જ. આ શબ્દોમાં જે સત્ય રહેલું છે તે સનાતન સત્ય છે, અને દુનિયાના ગમે તે ખૂણે, ગમે તે ભાષા બોલતી પ્રજામાં, આ સત્ય તે સત્ય જ રહેવાનું છે. જુદા જુદા ધર્મોનાં ધર્મપુસ્તકોમાં પણ તે વાંચવામાં આવે છે જ. પવિત્ર બાઈબલમાં પણ ગલાતીઓના પત્રમાં લખેલું છે કે, "કોઈ માણસ જે કંઈ વાવે તે જ તે લણશે." (ગલાતી ૬:૭)

પ્રભુ ઈસુ વિશ્વવિખ્યાત ગિરિપ્રવચનમાં આ જ બાબત બીજા શબ્દોમાં કહે છે :

"તમે કોઈને દોષિત ન ઠરાવો, એ માટે કે તમને કોઈ દોષિત ન ઠરાવે. કેમ કે જેમ તમે બીજાને દોષિત ઠરાવશો તેમ તેઓ તમને પણ દોષિત ઠરાવશે; અને જે માપથી તમે માપી આપો છો, તેથી જ તમને માપી અપાશે." (માથ્થી ૭:૧-૨)

આપણી જિંદગીનો પ્રત્યેક દિવસ તે રોપણી કે વાવણી કરવાનો સમય છે. ભવિષ્યની ઊપજ માટે દરરોજ કોઈ શબ્દ, વિચાર કે કાર્યની રોપણી કરીએ છીએ. રોપણી અને કાપણીનો સમય અલગ છે, પરંતુ કાપણી આવવાની જ છે તે ચોક્કસ છે. આપણે કરેલ રોપણી કે વાવણીનો કેટલોક પાક આપણે જીવતાં જ આ જીવનમાં લણવાના છીએ; જયારે અમુક ભાગ લણવા માટે અનંતકાળ સુધી રાહ જોવી પડશે.

એક ઘણા પૈસાદાર માણસની આ વાત છે. તેની પત્ની અવસાન પામી. તેમનો એકનો એક પુત્ર હતો. આ માણસ હવે વૃદ્ધ થયો હોવાથી પોતાની બધી મિલકત પોતાના પુત્રના નામે ચઢાવી અને વિચાર્યું કે બાકીનું જીવન હવે તે પોતાના પુત્ર સાથે રહીને પૂરું કરશે. આ પુત્રની પત્નીએ થોડો સમય પોતાના સસરાને સારી પેઠે રાખ્યા, પણ પછી તે કંટાળી, અને તેને સસરાને પોતાની સાથે રાખવાનું મુશ્કેલ લાગ્યું. તેણે પોતાના પતિને ભારપૂર્વક કહ્યું કે, "હવે વધુ સમય તે સસરાને પોતાની સાથે રાખી શકશે નહિ, અને

તેમના માટે જુદી વ્યવસ્થા વિચારવી જ પડશે." દીકરાને બાપ તરફથી પુષ્કળ દોલત મળી હતી અને તેને લાગ્યું કે મિલકત જતી કરાય નહિ. આમ છતાં, પત્નીના આગ્રહ આગળ નમતું મૂકીને કોઈ અલગ વ્યવસ્થા વિચારવી પડશે.

શહેરના એક બહુ સામાન્ય અને સસ્તા 'ઘરડાનાં ઘર'માં બાપને રાખવાની તેણે વ્યવસ્થા કરી. એક દિવસે બાપને આ ઘરમાં પહોંચાડવા તે તેમને લઈને ઘેરથી નીકળ્યો. જ્યારે તેઓ સ્થળ પાસે લગભગ આવી પહોંચ્યા ત્યારે બાપ થોભી ગયા, અને તેમની આંખમાંથી પુષ્કળ આંસુ સરી પડ્યાં. બાપને આ પ્રમાણે રડતા જોઈને દીકરાને થોડી લાગણી થઈ આવી. અને આથી પોતે જે કરી રહ્યો હતો તેના બચાવમાં તેણે જુદાં જુદાં કારણો દર્શાવીને બાપને સમજાવવાની કોશિશ કરી. થોડીવાર રડ્યા પછી બાપા શાંત થયા, અને પોતાની જાતને કાબૂમાં લઈને બોલ્યા, "દીકરા, તું મને આ ભંગાર જેવા 'ઘરડાંના ઘર'માં દાખલ કરાવવા લાવ્યો છે તેથી હું રડતો નથી. હું તો મારાં પાપ યાદ કરીને રડી રહ્યો છું. ૪૦ વર્ષો પૂર્વે આ જ રસ્તેથી આ જ રીતે હું મારા બાપને આ ઘરમાં દાખલ કરાવવા આવ્યો હતો, અને આજે મારો જ દીકરો એ જ રીતે મને હવે દાખલ કરાવી રહ્યો છે. મેં જે વાવ્યું હતું તે જ હું લણી રહ્યો છું, તે હું હવે બરોબર સમજયો છું. આ જિંદગીમાં જ ઈશ્વરે મને આ પાઠ ભણાવ્યો છે કે, "જેવું વાવો તેવું લણો, અને કરો તેવું પામો."

આપણા આત્મિક જીવનમાં પણ આ જ વસ્તુ લાગુ પડે છે. આ સંસારમાં આપણા આત્માની સંભાળ ન રાખીએ, અને ફક્ત દૈહિક બાબતો વાવીશું, તો ખચીત દૈહિક બાબતો જ લણવાના છીએ, જેથી આત્માનો બચાવ કે ઉદ્ધાર કોઈ રીતે થવાનો નથી. બાઇબલમાંના પેલા ધનવાન અને ભિખારી લાજરસની વાત યાદ કરીએ. ધનવાને પૃથ્વીમાં દૈહિક બાબતોની વાવણી કરી અને અનંતકાળમાં નરકનો રહેવાસી બન્યો. ભિખારી લાજરસે આત્મિક વાનાં શોધ્યાં અને સ્વર્ગીય સુખનો હકદાર બન્યો.(લૂક ૧૬:૧૯-૩૧).

બાઇબલ કહે છે, "જે પોતાના દેહને અર્થે વાવે તે દેહથી વિનાશ લણશે; પણ જે આત્માને અર્થે વાવે તે આત્માથી અનંતજીવન લણશે." (ગલાતી ૬:૮).★

## ૩૭
## "શું તમે ખ્રિસ્તી છો?"

ઘણાં વર્ષો પૂર્વે ઈંગ્લેન્ડમાં રાજવંશી કુટુંબની એસ્બોર્ન નામની જાગીર ઉપર મરહૂમ વિક્ટોરિયા રાણીની નોકરીમાંથી નિવૃત્ત થયેલ એક વૃદ્ધ બાઈ રહેતી હતી. આ બાઈની એક યુવાન ભત્રીજી શહેરમાં રહેતી હતી. એક દિવસે આ ભત્રીજી પોતાની વૃદ્ધ કાકીની મુલાકાતે આવી હતી. બપોર પછી વિક્ટોરિયા રાણી ફરતાં ફરતાં આ ઘર આગળ આવ્યાં અને આ વૃદ્ધ બાઈ સાથે બેસીને ઘણી વાતો કરી, અને તેમની સાથે ચા પણ પીધી. ચા પીધા બાદ રાણીએ કહ્યું કે, "હવે હું યોહાનની સુવાર્તાના ૧૪મા અધ્યાયમાંથી થોડી કલમો વાંચી સંભળાવીશ." વાચન બાદ પેલી યુવાન ભત્રીજી તરફ જોઈને રાણીએ પ્રેમથી પૂછ્યું, "વહાલી દીકરી, શું હું જાણી શકું કે, તું ખ્રિસ્તી છે?" યુવતીએ જવાબ આપ્યો, "હા જી, રાણીસાહેબા." રાણીએ પૂછ્યું, "તેં કેવી રીતે જાણ્યું કે, તું ખ્રિસ્તી છે?" યુવતીએ જવાબ આપ્યો, "મારું બાપ્તિસ્મા થયું છે, અને હું મંડળીની પૂર્ણ સભાસદ છું."

રાણીએ જવાબ ન આપ્યો. પરંતુ ઘણી જ નમ્રતાથી કહ્યું, "ચાલો, આપણે પ્રાર્થના કરીએ." યુવતીને ઉદ્દેશીને કહ્યું, "અમે બન્ને વૃદ્ધાઓ તો અશક્તિને કારણે ઘૂંટણીએ પડી શકતાં નથી, પરંતુ તું ઈશ્વર આગળ ઘૂંટણ ટેકવ." રાણીએ પ્રાર્થનામાં આ પ્રમાણે માગ્યું : "ઈશ્વરપિતા, આ યુવાન દીકરીની આંખો તમે ઉઘાડો, અને તેને સમજવા દો કે, હૃદયના સંપૂર્ણ બદલાણ વગર તે ખરી ખ્રિસ્તી બની શકતી નથી. તમે તેના હૃદયમાં આ પ્રકાશ પમાડો કે, બહારના કોઈ ક્રિયાકાંડ વગેરે તેના આત્માનો ઉદ્ધાર કરી શકતાં નથી. આ વિનંતી પ્રભુ ઈસુના નામે કરું છું, માટે સાંભળીને તેનો સ્વીકાર કરો. આમીન."

આ સત્ય હકીકત જ્યારે આ યુવતીએ બીજાની આગળ કહી સંભળાવી, ત્યારે તેણે કહ્યું કે "અત્યાર સુધી ઘણીવાર મેં બ્રિટનનું રાષ્ટ્રગીત - "God save the Queen" ગાયું છે કે, 'ઈશ્વર રાણીનું રક્ષણ કરો', પરંતુ મેં

કદી કલ્પના પણ નહોતી કરી કે, રાણીજીની મારા આત્માના રક્ષણ માટેની પ્રાર્થના હું સાંભળી શકીશ."

પ્રાર્થનાનો ઈશ્વરે જવાબ વાળ્યો, અને એ યુવતી ખરા અર્થમાં ખ્રિસ્તી બની, અને પોતાની સાક્ષીથી ઘણા આત્માઓ જીતી શકી. આજે એ યુવતી અને વિક્ટોરિયા રાણી સ્વર્ગમાં છે, પરંતુ આ સત્યઘટના આપણને પણ ખરા ખ્રિસ્તી બનાવીને, ખ્રિસ્ત માટે આત્માઓ જીતવાની પ્રેરણા આપે, તો કેટલું ઉત્તમ!★

## ૩૮
## પ્રાર્થનાનું સાફલ્ય

પ્રાર્થના, એ ઈશ્વર સાથેની સંગત છે. પ્રાર્થના દ્વારા આપણે આપણા સરજનહાર અને પ્રેમાળ પિતા સાથે સીધેસીધી વાત કરી શકીએ છીએ. કોઈપણ ધર્મમાં પ્રાર્થનાની કિંમત ઓછી આંકવામાં આવી નથી. અને અનેક સંતો અને મહાપુરુષોના પ્રાર્થનાવાદી જીવનમાં આપણે જોઈ શકીએ છીએ કે દુનિયા વિચારી શકે તેના કરતાં પણ વિશેષ લાભો આપણે પ્રાર્થના દ્વારા મેળવી શકીએ.

પ્રાર્થના આપણને ઈશ્વરી માર્ગમાં ટકાવી રાખે છે. અને નવું આત્મિક બળ આપે છે. ગમે તે મુશ્કેલીઓ અને પરીક્ષણોમાં, પ્રાર્થના આપણા પ્રશ્નો હલ કરે છે, યા તો જોઈતો દિલાસો બક્ષે છે. જે વ્યક્તિ પ્રભુ ઉપરના વિશ્વાસમાં દૃઢ હોય અને જેનો પ્રાર્થનામાં સંપૂર્ણ વિશ્વાસ હોય, તે ગમે તે સંજોગોમાં મૂકાય પરંતુ પ્રાર્થના કરવાનું ચૂકતો નથી.

બાઈબલમાં આપણે ઈશ્વરભક્ત દાનીએલની વાત વાંચીએ છીએ. મરણના જોખમ સામે પણ તે પ્રાર્થના કરવાનું ચૂક્યો નહિ. અને પ્રાર્થનાના પરાક્રમથી જ ઈશ્વરે ફાડી ખાનાર સિંહનાં મોં બંધ કરાવીને તેને સિંહોના બિલમાં સલામત રાખ્યો. (દાનીએલ ૬ઠ્ઠો અધ્યાય)

મંડળીના ઇતિહાસમાં વાંચીશું કે કેટલાય સંતોએ અને ઈશ્વરના ચુસ્ત અનુયાયીઓએ રાજીખુશીથી શહીદી વહોરી લીધી, પરંતુ પ્રાર્થનાને ઠોકર ન મારી. ઘણા અપૂર્ણ ખ્રિસ્તીઓ દૈહિક વાનાંઓ ખાતર પ્રાર્થનાની સંગત ચૂકી જાય છે કે છોડી દે છે. એક યુવાન ખ્રિસ્તીની લશ્કરમાં સૈનિક તરીકે ભરતી થઈ. તે ખ્રિસ્તી કુટુંબમાં ઊછર્યો હોવાથી દરરોજ સવાર-સાંજ બાઈબલ વાંચીને પ્રાર્થના કરવાનું શીખ્યો હતો. પ્રથમ રાતે જ્યારે બીજા સૈનિકો સાથે પોતાની બરાકમાં બિછાના પાસે ગયો, ત્યારે જોયું કે મોટા ભાગના સૈનિકો અશિષ્ટ શબ્દોમાં વાતો કરીને એકબીજાની ઠઠ્ઠામશ્કરી કરતા હતા. આ સંજોગોમાં તેને લાગ્યું કે જો ઉઘાડી રીતે તે બાઈબલ વાંચશે અને પ્રાર્થના કરશે, તો બીજાઓ તેની હાંસી ઉડાવશે. બિછાના ઉપર સૂઈ જઈને કામળ ઓઢીને

અંદર બાઈબલ વાંચવાનું અને પ્રાર્થના કરવાનું તેણે વિચાર્યું. પરંતુ તેને લાગ્યું કે હું ખ્રિસ્તી છું અને મારે મારા પ્રભુને ખાતર ઘરમાં જેમ કરું છું. તેમ અહીં પણ મારી ફરજ બજાવવી જોઈએ. તેણે પોતાનું બાઈબલ ઉઘાડ્યું, શાંતિથી વાચન કર્યુ. અને ઘૂંટણે પડીને પ્રાર્થના કરવાનું શરૂ કર્યું. આ યુવાનને આમ કરતો જોઈને થોડીવાર તો ઘણી તોફાની મજાકમશ્કરી થઈ, પરંતુ થોડીવારમાં અમુક સૈનિકોએ બીજાઓને શાંત પાડ્યા અને તેની પ્રાર્થનામાં ખલેલ ન કરવા સમજાવ્યા. બીજા દિવસની રાતે જ્યારે સુવાનો સમય થયો અને તેણે બાઈબલ વાંચવા માંડયું, ત્યારે તેને જોઈને આનંદ થયો કે બીજા આઠ સૈનિકો પણ બાઈબલ વાંચતા હતા. એક મહિનામાં તો એ બરાકના મોટા ભાગના સૈનિકો પ્રાર્થના કરવા લાગ્યા. અને આ સૈનિકોની જો કોઈ ટીકા કે મશ્કરી કરે, તો તેની સાથે તેનો પક્ષ લઈને બચાવ કરવા લાગ્યા. તેના ખ્રિસ્તી સ્વભાવ અને વર્તણૂકની અસર વધી ગઈ અને બધા તેમના પ્રશ્નો માટે તેનાં સલાહસૂચનો માગવા લાગ્યા.

પ્રાર્થનામાં બળ રહેલું છે, અને વિશ્વાસથી કરેલી પ્રાર્થના ઈશ્વર સાંભાળે છે, સ્વીકારે છે અને સંતોષ પમાડે છે. પ્રભુ ઈસુએ પણ તેમના શિક્ષણમાં અનેકવાર પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવ્યું છે, અને વિશ્વાસથી કરેલ પ્રાર્થનાનો ઉત્તર મળશે જ તે ભારપૂર્વક કહ્યું છે.

વર્ષો અગાઉ ચીન દેશમાં સેવા આપનાર હડસન ટેલર નામના એક મિશનરીની વાત છે કે તેઓ જ્યારે એક વહાણમાં ચીન જવા નીકળ્યા ત્યારે સુમાત્રાના ટાપુ પાસે આવતાં એક દિવસે તેમની કેબિનના દરવાજે કોઈના ઝડપી ટકોરા સાંભળ્યા. તેમણે ઊઠીને જોયું તો વહાણના કપ્તાનને બહુ ચિંતાતુર ચહેરે ઊભેલા જોયા. કપ્તાને કહ્યું, "મી. હડસન, પવન પડી ગયો છે, અને આપણું વહાણ એક ટાપુ તરફ ઘસડાઈ રહ્યું છે; મને બીક છે કે, આ ટાપુ ઉપર જંગલી વસતી છે અને તેઓ માનવભક્ષી છે." હડસને પૂછયું, "હું શું કરું ? કપ્તાને કહ્યું, "હું જાણું છું, તમને ઈશ્વરમાં શ્રદ્ધા છે માટે પવન ચાલુ થાય તેવી ઈશ્વરને આગ્રહભરી પ્રાર્થના કરો." હડસને કહ્યું, "સારું; હું પ્રાર્થના કરું છું, પરંતુ તમે વહાણ ઉપર સઢ ચઢાવી દો." કપ્તાને કહ્યું, "આ કેવી હસવા જેવી વાત કરો છો ? પવન બિલકુલ નથી. હું કેવી રીતે સઢ ચઢાવું ?

ખલાસીઓ મને ગાંડો ગણી કાઢશે.'' હડસને આગ્રહ ચાલુ રાખ્યો, અને છેવટે કપ્તાને સઢ ચઢાવવાનું કબૂલ્યું. હડસને ઘૂંટણ ઉપર પડીને પ્રાર્થના ચાલુ કરી.

પોણા કલાક પછી કપ્તાન પાછા તેમની કેબિન ઉપર આવ્યા અને જોયું કે હડસન હજુ ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરી રહ્યા હતા. કપ્તાને હડસનને સંબોધીને કહ્યું, "મી. હડસન, હવે પ્રાર્થના બંધ કરશો, કારણ કે આપણને જોઈએ તે કરતાં વધુ પવન ફૂંકાઈ રહ્યો છે. હવે આપણે સલામત રીતે દૂર નીકળી ગયા છીએ, અને આપણા માર્ગે આગળ જઈએ છીએ.''

કેટલાં બધાં કુટુંબોમાં પ્રાર્થનાની વેદી સળગતી નથી? કેટલાં વ્યક્તિગત કે કૌટુંબિક રીતે નિયમિત બાઈબલવાંચન અને પ્રાર્થના કરતાં હોઈશું ? આપણા રોજિંદા કામની શરૂઆત પહેલાં પ્રાર્થના કરવી તે સાચા ખ્રિસ્તીની નિશાની છે. અને તે દ્વારા ખ્રિસ્ત ઉપરનો આપણો વિશ્વાસ પ્રગટ કરીએ છીએ. કેવળ મુશ્કેલી અને દુઃખમાં હોઈએ ત્યારે જ પ્રાર્થના કરવી તે બરોબર નથી. ગમે તે સંજોગોમાં હોઈએ, પરંતુ નિયમિત ઈશ્વરની સંગતમાં આવવું જોઈએ.

એક મોટા કારખાનાના પ્રમુખ એક વાર એક અગત્યના કામ માટે કારખાનાના ફોરમેન સાથે વાત કરવા માગતા હતા. તેઓ પોતે જ ફોરમેનની કેબિને ગયા. પરંતુ ફોરમેનના અંગત સેક્રેટરીએ કહ્યું કે, "તેઓને અત્યારે ખલેલ પાડી શકાશે નહિ; કારણ કે, દરરોજની માફક આ સમયે અત્યારે તેઓ અગત્યની પ્રવૃત્તિમાં રોકાયેલા છે.'' પ્રમુખે ગુસ્સે થઈને કહ્યું કે, "હું પ્રમુખ પોતે તેમને મારી પાસે બોલાવવાને બદલે મળવા આવ્યો છું, અને ખાસ અગત્યનું કામ છે, એવું તેમને કહો.'' સેક્રેટરીએ ફરીથી ભારપૂર્વક કહ્યું, "સાહેબ, મને માફ કરો, પરંતુ મને તેમનો કડક હુકમ છે, અને હું તેનો ભંગ કરીશ નહિ, પ્રમુખે ગુસ્સાથી સેક્રેટરીને એકબાજુએ હડસેલી કાઢી ફોરમેનની કેબિનનું બારણું ઉઘાડ્યું. અંદર તેમણે જે જોયું તે જોઈને તેઓ ઝડપથી બહાર નીકળી ગયા અને ધીમેથી દરવાજો બંધ કરતાં સેક્રેટરીને જવાબ આપતાં કહ્યું કે, "મને માફ કરશો, "આવું તે રોજ કરે છે ?''

સેક્રેટરીએ જવાબ આપતાં કહ્યું કે, "હા જી, રોજ સવારે પંદર મિનિટ તેઓ આ પ્રમાણે કરે છે." પ્રમુખે બારણું ઉઘાડતાં જોયું હતું કે, ખુલ્લા બાઈબલ સાથે ફોરમેન ઘૂંટણે પડીને રોજના કાર્ય માટે ઈશ્વરી સહાય માગી રહ્યા હતા.

"પ્રાર્થના કરો" : માથ્થી ૨૬:૪૧. માર્ક ૧૩:૩૩. લૂક ૧૮:૧. ૨૧:૩૬. ૨૨:૪૦. રૂમી ૧૨:૧૨. એફેસી ૬:૧૮. કોલોસી ૪:૨. ૧ થેસ્સા. ૫:૧૭.

ખ્રિસ્તીઓ તરીકે શું આ ટેવ આપણે ન પાડી શકીએ ? આદર્શ અને યશસ્વી જીવન એ તો પ્રાર્થનાનું સાફલ્ય છે.★

## ૩૯
## જીવંત સાક્ષી

"આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો." (માર્ક ૧૬:૧૫)

"અમારો પત્ર તે તમે જ છો કે, જે અમારા દિલમાં લખેલો છે, અને સર્વ માણસોના જાણવામાં તથા વાંચવામાં આવે છે." (૨ કોરીંથી ૩:૨)

પ્રભુ ઈસુએ પોતાના સ્વર્ગારોહણ પૂર્વે શિષ્યોને આજ્ઞા આપી કે, "આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો."

પ્રભુ ઈસુને જેઓએ પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર્યો છે અને હૃદયમાં અપનાવ્યો છે તેઓને દરેકને પ્રભુ ઈસુની ઉપરની આજ્ઞા લાગુ પડે છે. આપણે આના માટે કોઈ કિંમત આપવાની નથી, પરંતુ ખ્રિસ્તી તરીકેની આપણી ફરજ અપનાવીને "જે મફત પામ્યાં છીએ તે મફત આપવાનું છે."

પીતર અને યોહાન મંદિરના સુંદર નામના દરવાજે જન્મથી લંગડા માણસને જોઈને જે કહે છે તે યાદ રાખવાનું છે. પીતર લંગડા માણસને કહે છે, "સોનું રૂપું તો મારી પાસે નથી; પણ મારી પાસે જે છે તે હું તને આપું છું." લંગડાને સાજાપણું મળ્યું અને આત્મિક આશીર્વાદ પણ મળ્યો, અને આથી જ તે ચાલતો અને કૂદતો તથા દેવની સ્તુતિ કરતો તેઓની સાથે મંદિરમાં ગયો. (પ્રે. કૃ. ૩:૧-૧૦).

આપણા જીવનમાં જો પ્રભુ ઈસુએ પ્રકાશ પાથર્યો હોય તો આપણે તેનો લાભ બીજાને આપવાનો છે. ખ્રિસ્તીપણાની તે ખરી નિશાની છે. આપણી સાક્ષી જીવંત હોવી જોઈએ જે બીજાને જીવન બક્ષી શકે.

ઘણીવાર આપણે લોકોને એમ કહેતા સાંભળીએ છીએ કે, "અમે કામમાં એટલાં બધાં ગૂંથાયેલા છીએ કે, સુવાર્તા પ્રચાર માટે સમય મળતો નથી." પરંતુ ખરો સુવાર્તાપ્રચાર તો આપણી દૈનિક ફરજોમાં રહેલો છે. આપણે જો ખ્રિસ્તને અનુસરીને જીવન જીવીએ, તો આપણી દરેક પ્રવૃત્તિ જીવંત સાક્ષીરૂપ જ હોવી જોઈએ. જે લોકોની વચમાં આપણે રહીએ છીએ કે કામ કરીએ છીએ, તેઓ આપણા જીવન મારફતે પ્રભુ ઈસુનો સંદેશો ઝીલી

શકે તે રીતે વર્તવું જોઈએ. જો આપણું જીવન ખ્રિસ્તની આજ્ઞાનુસાર ન હોય, તો પોતાનું જીવન ઠોકરે ચઢે છે, અને બીજાઓને પણ આપણે ઠોકરરૂપ બનીએ છીએ. શબ્દો કરતાં કર્તવ્ય વધારે મહત્ત્વની સાક્ષી આપે છે. અને એ રીતે જો વર્તીએ તો તે પ્રભુ ઈસુએ માટેની સુવાર્તા અને સાક્ષીરૂપ છે.

એક ઉપદેશક ધર્મજાગૃતિની સભા ચલાવતા હતા. અને એકવાર બહુ જ અસરકારક સંદેશાને અંતે આગળ આવીને પોતાનું જીવન ખ્રિસ્તને અર્પણ કરવાની સભાજનોને અપીલ કરી. અમુક લોકો આગળ આવ્યા. તેમાં સમાજની એક ધનવાન સ્ત્રી પણ હતી. આ બાઈએ પસ્તાવા સહિત પોતાનું હૃદયનું પ્રભુ ઈસને અર્પણ કર્યું અને થોડા શબ્દો બોલવાની રજા માગી. તેણે પોતાની સાક્ષી આપતાં આ પ્રમાણે કહ્યું :

"ભાઈઓ અને બહેનો ! હું શા માટે આગળ આવી છું તે તમને કહેવા માગું છું. હું આપણા ઉપદેશકના ઉત્તમ ઉપદેશ અને અપીલને કારણે આગળ આવી નથી; હું જો આગળ આવી હોઉં, તો મારી સીટની આગળની સીટ ઉપર જે વૃદ્ધ બાઈ બેઠી છે તેને કારણે. તમે જોઈ શકશો કે વર્ષોની સતત જાતમહેનતને કારણે તેના હાથ ખરબચડા થઈ ગયા છે અને પીઠ પણ વાંકી વળી ગઈ છે. આ બાઈ તો અમારા ઘરનાં કપડાં ધોઈ આપનાર બાઈ છે. વર્ષોથી તેમણે અમારે ત્યાં કપડાં ધોવાની કામગીરી બજાવી છે. ગમે તેટલાં કપડાં હોય, પરંતુ મે કદી તેને અશાંત, આવેશમાં આવેલી કે અશિષ્ટ ભાષા વાપરતી જોઈ કે સાંભળી નથી. તેના જીવનમાં તે જે અનેક જાતની સ્વાર્થરહિત સેવા આપે છે તે હું જાણું છું. મને કહેતાં શરમ લાગે છે. પણ મેં ખુલ્લી રીતે તેના ખ્રિસ્ત ઉપરના દઢ વિશ્વાસની ઠેકડી ઉડાડી છે. આમ હોવા છતાં જ્યારે મારી વહાલી દીકરીનું અવસાન થયું અને હું બિલકુલ ભાંગી પડી હતી, ત્યારે એ બાઈએ મને દિલાસો આપીને કબરની પેલીપાર જોવા માટે આંખો ખોલવામાં સહાયતા કરી છે. મેં તેની સાથે પ્રથમવાર આશાનાં અને આભારસ્તુતિનાં આંસુ ટપકાવ્યાં છે. તેના હૃદયમાં ખ્રિસ્ત ઉપરના પ્રેમરૂપ જે લોહચુંબક રહેલું છે તેથી જ હું પ્રભુ ઈસુ તરફ ખેંચાઈ છું. તેના જીવનને જે આશા, વિશ્વાસ અને આનંદે સમૃદ્ધ અને આકર્ષક બનાવ્યું છે તે મને પણ જોઈએ છે."

ઉપદેશકની વિનંતીથી જ્યારે એ બાઈને આગળ લાવવામાં આવી ત્યારે તેની આંખો હર્ષનાં આંસુઓથી છલકાતી હતી. ઉપદેશકે સભાજનોને સંબોધીને કહ્યું કે, "આજ રાતની સભાના સાચા ઉપદેશકને હવે હું તમારી આગળ રજૂ કરી રહ્યો છું."

આ છે જીવંત સાક્ષી જે અલંકારિત ભાષા અને મોટા શબ્દજાળના ઉપદેશમાં ગુંથાયેલી નથી, અને જેને અક્ષરજ્ઞાનનો અભાવ પણ નડતરરૂપ નથી. આપણે પણ ખ્રિસ્તના અનુયાયીઓ, તમામ જીવંત પત્રો બનીને તારણસાધક સાક્ષી આપી શકીએ છીએ.★

## ૪૦
## "ઈશ્વર ફૂલ ચૂંટે છે."

જન્મ અને મરણ, હર્ષ તથા શોક, દુનિયાની શરૂઆતથી જ એકબીજા સાથે વણાયેલાં આપણે જોઈએ છીએ, અને અનુભવીએ છીએ. જન્મ પ્રસંગે હર્ષ ઊપજે છે, કારણ કે ઈશ્વરકૃપાથી એક નવો જીવ દુનિયામાં અસ્તિત્વ ધરાવે છે. પરંતુ જ્યારે મરણ સંબંધી વિચારીએ છીએ, ત્યારે એક જીવને ઈશ્વર પોતાની પાસે પાછો બોલાવી લે છે તેનો ખેદ અનુભવીએ છીએ.

ઘણીવાર શોક અસહ્ય બને છે ત્યારે ઈશ્વર સામે પણ ટીકા કરતાં અચકાતા નથી. "આપણા તમામ પ્રસંગો ઈશ્વરના હાથમાં છે" (ગી. શા. ૩૧:૧૫) તેવું માનતા હોવા છતાં, ઘણીવાર આપણાં વહાલાંઓના મરણ પ્રસંગે ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ ગુમાવી બેસીએ છીએ.

એક કુટુંબનો એક પુત્ર ગંભીર માંદગીમાં સપડાયો અને અનેક પ્રયત્નો છતાં તે મૃત્યુ પામ્યો. માબાપે ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા ગુમાવી દીધી અને બડબડાટ શરૂ કર્યો. તેઓના પાસ્ટર દિલાસો આપવા તેઓના ઘેર ગયા ત્યારે બાળકની માતાએ ઈશ્વર સામે ઘણો કચકચાટ કર્યો, અને પાસ્ટરને કહ્યું કે, "સાહેબ, મારો પુત્ર ગંભીર માંદગીમાંથી ન બચી શક્યો, અને છેવટે મૃત્યુ પામ્યો, ત્યારે ઈશ્વર ક્યાં હતો?" પાસ્ટર સાહેબે શાંતિથી કહ્યું, "બહેન, જે ઈશ્વરપિતા પોતાના એકના એક પુત્રના વધસ્તંભ ઉપરના ક્રૂર મરણ સમયે હાજર હતો, તે ઈશ્વર તમારા બાળકના મૃત્યુ સમયે પણ હાજર હતો. ઈશ્વર તો તેની યોજના પ્રમાણે કાર્ય કરે છે. અને આપણે તેની ઇચ્છાને આધીન થઈને રહેવાનું છે. દેવ સંતાનો આપે છે અને સમયે થયે લઈ પણ લે છે. બાઈબલમાં વર્ણવેલી દાઉદ રાજાની વાત યાદ કરીએ. પોતાનો પુત્ર જ્યારે ગંભીર માંદગીમાં સપડાયો ત્યારે તેને સાજા કરવા અનેક પ્રયત્નો કર્યા, અને ઉપવાસ સહિત ઈશ્વરપિતા આગળ આજીજીભરી પ્રાર્થનાઓ ચાલુ રાખી હતી. આમ છતાં જ્યારે પુત્ર મરણ પામ્યો ત્યારે દાઉદ રાજાએ સ્વસ્થ થઈને ઉપવાસ છોડીને ખોરાક લીધો અને પોતાનું દુઃખ ભૂલી જઈને ઈશ્વરની યોજનામાં અખૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો. (૨ શમૂએલ ૧૨:૧૫-૨૫). ઘણીવાર આપણે ઈશ્વરી યોજના કે ઇચ્છાને આધીન છીએ એમ કહીએ છીએ, પરંતુ આપણાં દુર્બળ

અને સંસારી મન ઈશ્વરને આપણી પોતાની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવા જણાવીએ છીએ.

એક યુવાનની વાત યાદ આવે છે. આ યુવાન એકસાથે મરિયમ અને રૂથ નામની છોકરીઓને પ્રેમ કરતો હતો. અને આ બેમાંથી કોની સાથે લગ્ન કરવું તે નક્કી કરવું તેને માટે મુશ્કેલ હતું. તેણે વિચાર કર્યો કે તે ઈશ્વરની પ્રાર્થના કરે, અને ચિઠ્ઠીઓ નાખે, અને જે છોકરીનું નામ તે ઉપાડે તેની સાથે લગ્ન કરે. તેણે બે ચિઠ્ઠીઓ તૈયાર કરી, અને પ્રાર્થના કરતાં કહ્યું કે, હે ઈશ્વર, આ કોયડો મારા માટે ઉકેલવો મુશ્કેલ છે; અને તારી મદદથી એકને પસંદ કરવા ચાહું છું. આમ છતાં, તું એવું કરજે કે જે ચિઠ્ઠી હું ઉપાડું તે મરિયમની હોય અને તે મારી પત્ની બને !" આ વાત મશ્કરી જેવી લાગે, પરંતુ એ મનુષ્યનો સ્વભાવ છે. ઈશ્વરની ઇચ્છાને આધીન છીએ એવું બતાવ્યા છતાં, આપણે પોતાની ઇચ્છા પ્રમાણે જીવવા માંગીએ છીએ.

વ્યક્તિનો જન્મ ઈશ્વરની ઇચ્છાથી થાય છે મરણ પણ તેની યોજના પ્રમાણે હોય છે અને તેમાં આપણે કોઈ ડખલ કરી શકીએ નહિ. હા, સંસારી લાગણી અને પ્રેમથી ઘેરાયેલા હોઈને, આપણે ઈશ્વર આગળ આગ્રહભરી વિનંતીઓ જરૂર કરી શકીએ. પરંતુ તેનું ફળ તો તેની યોજના અને વ્યવસ્થા પ્રમાણે જ આવે તેવું સ્વીકારીએ.

એક ઉમરાવે એક સુંદર વાડી બનાવી અને જાતજાતનાં ફૂલઝાડ તેમાં ઉગાડ્યાં. એક હોશિયાર માળીને દેખરેખ તેણે સોંપી. આ માળી પણ ઘણો જ ઉત્સાહી અને વિશ્વાસુ હતો. અને આ ફૂલઝાડોની રાતદિવસ પુષ્કળ કાળજી રાખતો હતો, તેથી સુંદર ફૂલો ખીલે અને બાગને શોભાયમાન કરે. દરેક છોડ ઉપરની કળીઓ અને ખીલેલાં ફૂલો પણ તેની ધ્યાનબહાર રહેતાં નહિ. બાગ ખીલી ઊઠ્યો હતો, અને સુંદર ફૂલો ખીલેલાં હતાં, ત્યારે એક દિવસે માળીની ગેરહાજરીમાં ઉમરાવ બાગમાં આવ્યા અને અમુક સુંદર ફૂલો જોઈને અત્યંત પ્રસન્ન થયાં, અને પોતાની ઘરની શોભા વધારવા તે થોડાં ફૂલો તોડીને લઈ ગયા.

બીજે દિવસે માળી આવ્યો અને જોયું કે અમુક સુંદર ફૂલો કોઈએ તોડી લીધાં હતાં. તે ખૂબ જ દુઃખી અને ગુસ્સે પણ થયો કે કોણે તેનાં ફૂલ ચૂંટી

લીધાં ! તેનો કચકચાટ સાંભળીને કોઈ નોકરે કહ્યું કે, "ગઈ કાલે માલિક બાગમાં આવ્યા હતા અને અમુક ફૂલો ઘણાં જ પસંદ પડવાથી તોડીને પોતાની સાથે લઈ ગયા છે." આથી માળીને ભાન થયું કે, બાગનો માલિક પોતે જ જ્યારે પોતાની પસંદગીનાં ફૂલો તોડીને લઈ જાય છે ત્યારે તેમને એ પ્રમાણે કરવાનો પૂરો અધિકાર છે, અને માલિક તરીકે તેમણે જે કર્યું તેનો વિરોધ મારાથી કરી શકાય નહિ.

હા, ઈશ્વર પોતાના બાગમાંથી પોતાની પસંદગીનાં ફૂલો અને કળીઓ પોતાની ઇચ્છા અને યોજના મુજબ તોડે છે, અને આપણે તેથી દુ:ખી કે ગુસ્સે થવું જોઈએ નહિ. કારણ કે, ચૂંટાયેલી કળીઓ અને ફૂલોની માલિકી તેની છે, અને તે પોતાની શોભા વધારવા માંગે છે. આપણે ઈશ્વરની ઇચ્છાને આધીન બનીએ, અને દરેક પ્રસંગમાં તેને માન, મહિમા અને ગૌરવ આપીને તેની સ્તુતિ કરીએ. ★

# ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| | **જીવન ચરિત્રો** | |
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી.એલ.મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ.ઈ.સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઇનર્ડ | ૨૦-૦૦ |
| | **મનન** | |
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |
| | **બાળકો** | |
| ૧ | બાલબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | કલરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | કલશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ ક્વીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | કલરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |
| | **બાઇબલ સેમીનરી** | |
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૫ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૬ | પવિત્ર શાસ્ત્રનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૭ | પિતૃઓના કૂવા | ૩૫-૦૦ |
| ૮ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૯ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૦ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૧ | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભક્તના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |

## ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીના પ્રકાશનો

| | | |
|---|---|---|
| ૧. | માર્કનો સંદેશો | ૫૦-૦૦ |
| ૨. | અયૂબ | ૬૦-૦૦ |
| ૩. | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪. | જૂનો કરાર, તેની રચના તથા સંદેશો | ૧૫-૦૦ |
| ૫. | પ્રાર્થના પરાયણ જોન હાઈડ | ૩૦-૦૦ |
| ૬. | પરિવર્તન પામેલાં પાત્રો | ૪૦-૦૦ |
| ૭. | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૮. | પ્રેષિતોના કૃત્યો | ૮૦-૦૦ |
| ૯. | ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ સેટ | ૧૫-૦૦ |
| ૧૦. | ધી રોબ | ૩૫-૦૦ |
| ૧૧. | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૨. | અનોખી ઈઝરાયેલ પ્રજા | ૧૨૫-૦૦ |
| ૧૩. | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૧૪. | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૫. | યાત્રાકારી | ૨૦-૦૦ |
| ૧૬. | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૧૭. | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૧૮. | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯. | કલશોર | ૨૦-૦૦ |
| ૨૦. | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૨૧. | ફિલિપીઓના પત્રનો સંદેશો | ૪૦-૦૦ |
| ૨૨. | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૨૩. | ટૈટસ | ૩૫-૦૦ |
| ૨૪ | દાઉદના ભક્તના પસંદિત...મનન | ૪૦-૦૦ |
| ૨૫. | બાયબલ અભ્યાસ ભાગ-૧૨ | ૨૦-૦૦ |
| ૨૬. | જી.ટી.બી.એસ. ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૨૭. | મિલેનિયમનો સ્વામિ | ૨૫-૦૦ |

Published and Distributed by:

GUJARAT TRACT AND BOOK SOCIETY
Sahitya Seva Sadan, Near Gujarat College,
Ellisbridge, Ahmedabad - 380006. INDIA
Phone : 26445281 E-mail : gtbs_1852@yahoo.com